★ ૭૮૬/૯૨ ★

શું

આ'લા હઝરત ને હઝરત અલી પ્રત્યે અકીદત ન હતી ?
આ'લા હઝરતના દિલ માં એહલે બૈતની મહોબ્બત ન હતી ?
આ'લા હઝરત હઝરત અલી અને એહલે બૈતના વિરોધી હતા ?
આ'લા હઝરત હઝરત અલી ના ગુસ્તાખ અને શત્રુ હતા ?
આ'લા હઝરતે હઝરત અલી અને એહલે બૈતની શાનમાં
કદી પણ તૌહીન, ગુસ્તાખી અથવા બે-અદબી કરી છે ?

એ બધા પ્રશ્નોના આધારભૂત જવાબો એટલે :-

મૌલા-એ-કાએનાત

# હઝરત અલી પ્રત્યે આ'લા હઝરત ની અકીદત

-: હસ્બે ફરમાઈશ :-

ફખ્રે સાદાતે ગુજરાત, કાઝી-એ-ગુજરાત, ખલીફ-એ-તાજુશ્શરીયહ,

**હઝરત અલ્લામા સૈયદ સલીમબાપૂ-જામનગર**

લેખક

ખલીફ-એ-મુફતી આઝમે હિન્દ, મુનાઝિરે એહલે સુન્નત,
માહિરે રઝવીયાત, સાહિબે તસાનીફે કષીરા,

**અલ્લામા અબ્દુસ્સતાર હમદાની 'મસ્રૂફ'**

(બરકાતી-નૂરી) પોરબંદર

પ્રકાશક

**મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા**

ઈમામ અહમદ રઝા રોડ, પોરબંદર (ગુજરાત) મો. ૯૮૭૯૩૦૩૫૫૭

હદીયો રૂા.




સર્વે હક્કો પ્રકાશકને આધિન (Subject to Porbandar Jurisdiction)

| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | **હઝરતી અલી પ્રત્યે આ'લા હઝરતની અકીદત** |
| લેખક | : | ખલીફ-એ-મુફતી આઝમે હિન્દ, મુનાઝિરે એહલે સુન્નત, **અલ્લામા અબ્દુસ્સતાર હમદાની 'મસ્રૂફ'** (બરકાતી-નૂરી) |
| કંપોઝીંગ -ડીઝાઈનીંગ | : | શાહિદરઝા યૂસુફખાન શેરવાની-પોરબંદર (બી. એસ. ગ્રાફીકસ - પોરબંદર) |
| અરબી કંપોઝીંગ | : | હઝરત અલ્લામા **વાસિફ રઝા ગૌષી** મુદર્રિસ :- દારૂલ ઉલૂમ ગૌષે આઝમ પોરબંદર |
| ઉર્દૂ કંપોઝીંગ | : | હઝરત અલ્લામા **મુસ્તફા રઝા 'ચમની'** પ્રિન્સીપલ :- દારૂલ ઉલૂમ ગૌષે આઝમ પોરબંદર |
| પ્રુફ રિડીંગ | : | હાજી શબ્બીર અબ્દુલ સત્તાર હામદાણી |
| પ્રકાશન માસ/વર્ષ | : | ઓકટોબર-૨૦૨૦ |
| આવૃતિ | : | પ્રથમ |
| પ્રત | : | ૧૧૦૦ (અગ્યારસો) |


-: પ્રાપ્તિ સ્થાનો :-

1) **KALIM BOOK DEPOT** - NEAR ALIF MASJID - **AHMEDABAD.**
2) **DARUL ULOOM GAUSE AZAM** - IMAM AHMED RAZA ROAD, **PORBANDAR.**
3) **MAKTABA-E-RAZA.** - DONGRI, BOMBAY.
4) **NEW SILVER BOOK DEPOT.**- MOHAMMAD ALI ROAD, **BOMBAY.**
5) **NOORI ENTERPRISE** - Opp. Dr. VYAS HOSPITAL, **ANAND-GUJARAT.**

## ''અનુક્રમિકા''


| નં. | વિષય | પેઈજ |
| --- | --- | --- |
| ૧ | અભિપ્રાય - હઝરત સૈયદ સલીમબાપૂ -જામનગર. | 07 |
| ૨ | અર્પણ - દરબારગહે હુઝૂર તાજુશ્શરીયાહ. | 10 |
| ૩ | પ્રસ્તાવના :- | 11 |
| ૪ | વર્તમાન યુગના જાહિલોનું આચરણ. | 14 |
| ૫ | આ'લા હઝરત પ્રત્યે સાદાતે કિરામની ગેર સમજો. | 16 |
| ૬ | સચોટ વાસ્તવિકતાના નકકર પુરાવા. | 18 |
| ૭ | આ'લા હઝરતની અકીદતની પરાકાષ્ઠા. | 19 |
| ૮ | હઝરત અલીની પ્રસંશાના દિલકશ પુષ્પો. | 20 |
| ૯ | હઝરત અલીની ફઝીલતમાં આ'લા હઝરત દ્વારા હદીષ | 23 |
| ૧૦ | હઝરત અલીના સ્વંયની વંશીય ઓળખના શેઅરો | 25 |
| ૧૧ | હઝરત અલીના ઉપરોકત શેઅરો અનુસંધાને... | 27 |
| ૧૨ | હ. અલીની શાનમાં આ'લા હઝરતે લખેલી મનકબત | 29 |





| નં. | વિષય | પેઈજ |
| --- | --- | --- |
| ૧૩ | યા અલી ! કયા રૂત્બા હૈ ? કયા શાન હૈ ? | 32 |
| ૧૪ | હદીષ (૧) :- દુનિયા અને આખેરતમાં મારા ભાઈ | 32 |
| ૧૫ | હદીષ (૨) :- અલ્લાહના હુકમથી ખાતુને જન્નતનો નિકાહ | 33 |
| ૧૬ | હદીષ (૩) :- હૂં અને અલી એક જ ઝાડ (વુક્ષ) થી છીએ. | 35 |
| ૧૭ | હદીષ (૪) :- રસૂલુલ્લાહ નો વંશ હઝરત અલી થી ચાલ્યો. | 36 |
| ૧૮ | હદીષ (૫) :- રસૂલુલ્લાહ નો ખભો અને હ. અલીના કદમ. | 37 |
| ૧૯ | હદીષ (૬) :- 'લા-સયફા-ઈલ્લા-ઝુલ્ફિકાર' | 39 |
| ૨૦ | હદીષ (૭) :- હોઝે કૌષરના માલિક હઝરત અલી હશે. | 41 |
| ૨૧ | હદીષ (૮) :- હઝરતનું કથન-આનંદની સીમા ન હોત | 42 |
| ૨૨ | હઝરત અલીની મહોબ્બતમાં ગળાડૂબ આ'લા હઝરત | 44 |
| ૨૩ | આ'લા હઝરતની કલમ થી ટપકેલા અકીદતના હીરા-મોતી | 45 |
| ૨૪ | આને કહેવાય સાચી અકીદત | 55 |
| ૨૫ | સમગ્ર સૃષ્ટિના પ્રબંધક હઝરત મૌલા અલી | 57 |

| નં. | વિષય | પેઈજ |
|---|---|---|
| ૨૬ | કિતાબ 'મવાહેબુલ-લદુનિયા'(અરબી)ની ઈબાબત | 58 |
| ૨૭ | ખાલિકે કુલ ને આપકો માલિકે કુલ બનાયા-હદીષ | 59 |
| ૨૮ | હુઝૂરે અકદસની સત્તા અને અધિકારો હ. અલીને પ્રાપ્ય. | 60 |
| ૨૯ | નાદે અલી (દુઆ) | 62 |
| ૩૦ | નાદે અલીની ફઝીલતો (પંદર (૧૫) ફઝીલતો) | 63 |
| ૩૧ | જન્નતની દૂધની નહેર થી પીવડાવનારા મૌલા અલી. | 68 |
| ૩૨ | મેરા હાજરતરવા - મેરા મુશ્કિલ કુશા. | 69 |
| ૩૩ | જહન્નમ મેં જાએં, દામને અલી છોડને વાલા | 69 |
| ૩૪ | જુમ્આની નમાઝનો ખુત્બો | 70 |
| ૩૫ | શાને મૌલા અલીમાં આ'લા હઝરતની મનકબત | 72 |
| ૩૬ | ફારસી મનકબતનો ગુજરાતી અનુવાદ | 76 |
| ૩૭ | મૌલા અલીનો લબક 'કર્રમલ્લાહો-વજહહુ' શા માટે ? | 78 |
| ૩૮ | બારગાહે મૌલા અલીમાં આ'લા હઝરતની મદદની પુકાર. | 81 |





| નં. | વિષય | પેઈજ |
|---|---|---|
| ૩૯ | ક્ષમા યાચના. | 85 |
| ૪૦ | અલ્લાહનો વિજયી સિંહ. | 86 |
| ૪૧ | યહૂદી પહેલવાન 'મર્હબ'નો વધ કરનારા. | 87 |
| ૪૨ | મૌલા અલી પ્રત્યે આ'લા હઝરતની અકીદતનો જઝબો. | 90 |
| ૪૩ | 'હુબ્બે-અલી' નો ઘૂંઘવાતો સમુદ્ર. | 91 |
| ૪૪ | વાંચક મિત્રો ! ન્યાય કરો. | 94 |
| ૪૫ | ડફોળ વૃતિ નું આયોજિત ષડયંત્ર. | 95 |
| ૪૬ | મૌલા-અલી ની ફિટકાર થી બચો. | 98 |
| ૪૭ | ચેલેંજ-લલકાર અને પડકાર, અઝ : સૈયદ સલીમબાપૂ | 101 |

**ફખ્રે સાદાતે ગુજરાત, ખલીફ-એ-તાજુશ્શરીયાહ, કાઝી-એ-ગુજરાત, મુજાહિદે એહલે સુન્નત હઝરત અલ્લામા સૈયદ સલીમબાપૂ કિબ્લા સાહેબ – બેડી (જામનગર)નો**

# અભિપ્રાય

*નહમદુહુ વનુ સલ્લી વનુ સલ્લીમુ અલા રસુલીહીલ કરીમ.*

**બહેરે તસ્લીમે અલી મૈદાં મેં,**
**સર જુકે રહેતે હે તલવારો કે.**

મુનાઝીરે એહલે સુન્નત **હઝરત અલ્લામા અ. સતાર હામદાની** કીબ્લા કાદરી બરકાતી રઝવી સાહેબની તાઝા તથા હાલમાં જ લખાયેલ કીતાબ મૌલાએ કાએનાત હઝરતે અલી પ્રત્યે આલા હઝરતની અકીદત.

ખરેખર **હુઝુર આ'લા હઝરત ઈમામ એહમદ રઝા** અલયહીર્રહમાને હુઝુર સરકારે મૌલાએ કાએનાત અલી એ મુરતુઝા રદીઅલ્લાહો તઆલા અન્હોની ઝાતે પાકથી અસીમ અકીદત અને મહોબ્બત હતી. તેનાં જલવા હુઝુર આલા હઝરતની કીતાબોમાં આજે પણ જોવા મળે છે અને એટલી હદે કે જો સાચો સુન્ની મુસ્લિમ તેનો અભ્યાસ કરે તો તેનો અકીદો અને ઈમાન કયારે પણ કમઝોર નહીં થાય. હુઝુર આલા હઝરત અલયહીર્રહમા **'હદાઈકે બખ્શીશ'**માં મકબુલ સલામ મુસ્તફા જાને રહેમત પે લાખોં સલામ નાં અંતીમ ભાગમાં ચાર ખુલ્ફાએ કીરામની બારગાહે અકદસમાં ક્રમ વાર સલામ પૈશ કરે છે. અને મૌલા એ કાએનાત **હઝરતે અલી** રદીયલ્લાહો તઆલા અન્હોની બારગાહમાં સલામ પૈશ કરતા અર્ઝ કરે છે કે :-



**મુરતઝા શેરે હકક અશ્જઉલ અશ્જઈન**
**સાકીએ શીરો શરબત પે લાખોં સલામ**
**અસ્લે નસ્લે સફા, વજહે વસ્લે ખુદા**
**બાબે ફસ્લે વિલાયત પે લાખોં સલામ.**

નસ્લે પાક જનાબે **મુસ્તફા જાને રહેમત** જેમનાં દ્વારા દુનીયામાં ફેલાવવામાં આવી, તે હઝરત મૌલાએ કાઅનાતની ઝાતે પાક છે, અને વિલાયતની ફસ્લ અર્થાત દરેક ઝમાનામાં ઔલીયા એ કીરામની દરેક પ્રકારની જમાઅતો ને દાખલા તરીકે ગૌસીય્યત, કુત્બીય્યત, નજાબત, નકાબત, અબ્દાલિયત વગેરા હઝરતે સૈયદના આદમ અલયહીસ્સલામના ઝમાનાથી હુઝુરે અકરમ સલ્લલ્લાહુ તઆલા અલયહી વસલ્લમના દૌરે પાકથી કયામત સુધી જેને પણ પ્રાપ્ત થશે, હઝરતે મૌલા એ કાએનાતની રૂહે પાકના વસીલાથી પ્રાપ્ત થશે.

હુઝુર આલા હઝરત **ફતાવા એ રઝવીયાહ ભાગ ૯, પેજ નં. ૮૧૦** માં **કીતાબ સૈફુલ મસ્લુલ** ના હવાલાથી લખે છે કે, - વિલાયતના કારખાનાની ફૈઝો બરકતો જે ખુદા એ તઆલાની બારગાહથી ઔલીયા એ કીરામ ઉપર નાઝીલ થાય છે. પહેલા જે બુઝુર્ગ ઝાત ઉપર ઉતરે છે અને તે ઝાતથી તકસીમ થઈ ઔલીયાએ વકતમાં થી દરેકને તેનાં મરતબા અને સલાહીયત અનુસાર મળે છે અને કોઈપણ એક વલીને પણ તે ઝાતે ગીરામીના વસીલા વગર ફૈઝ મળતો નથી અને અલ્લાહ વાળાઓમાંથી કોઈપણ તેના વસીલા વગર વીલાયતનો દરજજો પ્રાપ્ત નથી કરી શકતા. અકતાબ, અવતાદ, અબ્દાલ, નુજબા, નુકબા તમામ પ્રકારના ઔલીયા અલ્લાહ તેનાં મોહતાજ હોય છે. આજ બુલંદ મન્સબ વાળાને ઈમામ અને કુત્બુલ ઈરશાદ બિલ ઈસાલત પણ

કહેવામાં આવે છે અને આ બુલંદ પદ હઝરત આદમ અલયહીસ્સલામના ઝમાના થી હઝરતે અલી એ મુરતુઝા કર્રમલ્લાહો તઆલા વજહહુની રૂહે પાક માટે નિશ્ચીત હતો.

**તેનો જ મતલબ થાય છે – બાબે ફસ્લે વિલાયત પે લાખોં સલામ.**

આજ પ્રકારની બાબતોને કીતાબમાં **અલ્લામા હામદાની સાહેબે** શ્રેષ્ઠ રીતે લખી અને દલીલો અને સચોટ સબુતોથી પુરવાર કર્યુ છે કે હુઝુર આલા હઝરતની ઝાતે પાકને **સૈય્યદના હુઝુર મૌલાએ કાએનાત અલી એ મુરતુઝા** રદીયલ્લાહો તઆલા અન્હોથી અસીમ અકીદત અને મોહબ્બત હતી. સાથે-સાથે આજના સમયમાં જાહીલ અને ભણેલ લોકો હુઝુર આલા હઝરતના હસદમાં પાયા વિહોણા આક્ષેપ કરનારાઓ જેઓ કહે છે કે હુઝુર આલા હઝરત ને હઝરત મૌલા એ કાએનાતથી ખાસ અકીદત અને લગાવ ન હતો અથવા અહલેબૈતે પાકથી મોહબ્બત ન હતી તેવા વાહીયાત આક્ષેપોનો પર્દો ફાશ કર્યો છે અને વાસ્તવીકતાનો જલ્વો સામે આવી જાય છે. જેવું કે હુઝુર આલા હઝરત ફરમાવે છે કે :-

**દુર્રે નજફ હૂં ગૌહરે પાકે ખુશાબ હૂં,**
**યાની તુરાબે રેહ ગુઝરે બૂ-તુરાબ હૂં.**

**<u>ખૈર અંદેશ</u>**
**(અહકર) સૈયદ મુહમ્મદ સલીમ અહમદ કાદરી**
ખાદીમ :- સુન્ની બરૈલ્વી દારૂલ કઝા-જામનગર.
તારીખ :- ૧૫, ઝિલહિજ્જહ, હિ.સ. ૧૪૪૧
પ્રમાણે ૬, ઓગષ્ટ- ઈ.સ. ૨૦૨૦ - ગુરૂવાર



# અર્પણ

કાબુલના કુતુબ, સોરઠના સૂફી, મુહદ્દિષે સૌરાષ્ટ્ર, મુફતી-એ-કાઠિયાવાડ, આલિમે જલીલ, ફાઝિલે નબીલ, મુજાહિદે એહલે સુન્નત, મુનાઝિરે દીનો મિલ્લત, આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વીના અતિ પ્રિય ખલીફા, **હઝરત મૌલાના મેહમૂદ જાન સાહબ પૈશાવરી સુમ્મા જામજોધપુરી** (અલૈહિર્રહમતુંવ-રિદવાન)ની બારગાહમાં ખિરાજે અકીદત સ્વરૂપે મારી આ કૃતિ અર્પણ કરતાં આનંદ અને સઆદતની લાગણી અનુભવુ છું.

**જેઓ ના સદકા, વસીલા અને તુફૈલ થી સમગ્ર ગુજરાત– સૌરાષ્ટ્રના સુન્ની મુસ્લિમો આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા મુહક્કિક બરેલ્વીના ફુયૂઝો બરકાત થી માલા–માલ થઈ રહયા છે અને કયામત સુધી ફયઝયાબ થતા રહેશે.**

-: આમીન :-

<u>પોરબંદર.</u>
૧૦, ઝિલહિજ્જહ,
હિ.સ. ૧૪૪૧
પ્રમાણે ૧, ઓગષ્ટ-
ઈ.સ. ૨૦૨૦ - શનિવાર

દરે મહેમૂદજાનનો એક અદના સવાલી
**અ. સતાર હમદાની**
'મસ્રૂફ' (બરકાતી-નૂરી)

# ''પ્રસ્તાવના'

શીઆ ફિર્કાના સંક્રમિત વાયરાનો ચેપ મિલ્લતે ઈસ્લામિયા માં ઘણી જ ઝડપ થી ફેલાઈ રહયો છે. સુન્નીયત ના પ્રખર દાવેદારો અને માધાંતાઓ તેના ઝેરીલા પ્રચાર થી પ્રભાવિત થઈને **'હુબ્બેઅલી' અને 'હુબ્બે એહલે બૈયત'** ના નામે બહેકી રહયા છે અને ગુમરાહિયત ના દલદલમાં ગરકાવ થઈ રહયા છે. સીધા સાદા અને ભોળા લોકોના મન માં એવું ઠસાવી દેવામાં આવે છે કે જો તમારા દિલમાં **મૌલાએ–કાએનાત, હઝરત અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો તઆલા અન્હો ની અકીદત અને મહોબ્બત છે, તો હવે તમોને નમાઝ, રોઝા તથા શરીઅત ના અન્ય નિયમોની પાંબદીની લેશમાત્ર આવશ્યકતા નથી.

ઉપરાંત આવા ભોળા લોકોના મન માં એક વાત એવી પણ ઠસાવી દેવામાં આવે છે કે હઝરત અલીની અકીદત અને મહોબ્બતનો તકાઝો, તદબીર અને યુક્તિ એ પણ છે કે **હઝરત અલી ના દુશ્મનો** ને વખોડવા, તેઓની કૂથલી, નિંદા, ટીકા અને બદગોઈ કરવી. આ ભ્રમક, છેતરામણ અને ભ્રમિત માન્યતાના ઓઠા હેઠળ વર્તમાન યુગમાં એહલે સુન્નત વ જમાઅતના ઈમામ, મુજદ્દિદે ઈસ્લામ, **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી** રદીઅલ્લાહો તઆલા અન્હોની વિરૂધ્ધ કલેશ અને કજિયા નો હોબાળો મચાવવામાં આવી રહયો છે.

કોઈપણ જાતના આધાર, પુરાવા કે સાબિતી વગર મઆઝલ્લાહ ! આ'લા હઝરત ઈમામ અહમદ રઝાને **'દુશ્મને અલી'** તરીકે ચીતરી ને બદનામ કરવામાં આવે છે. બલ્કે અભદ્ર શબ્દ પ્રહાર દ્વારા વખોડવામાં આવે છે અને કારણ એ બતાવવામાં આવે છે કે બરૈલી શરીફના આ'લા હઝરત **મૌલા અલી** ના ગુસ્તાખ, બે-અદબ અને દુશ્મન હતા. પણ વાસ્તવિકતા તેના થી સદંતર વિપરીત અને પ્રતિકૂળ છે. આ'લા હઝરત બરેલ્વી હકીકતમાં **મૌલા**



**અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો તઆલા અન્હોના એવા પ્રખર, પ્રબળ, ઉન્મત, પ્રગાઢ અને સધ્ધર આશિક અને અકીદતમંદ હતા કે આપે **શાને–અલી** અને **મનાકિબે અલી** ના જે મહેકતા ફૂલો ખીલાવ્યા છે, તેની મધૂર સુવાસ થી અકીદતમંદો આનંદિત અને પ્રફુલ્લિત થઈ રહયા છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝાએ **હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોની શાનમાં સાહિત્ય ગદ્યઃપદ્ય ની લેખન ક્રિયા માં કિંમતી ઝવેરાતો અને હીરા-મોતીઓના શૃંગારો ઉપર આધારિત જે કાવ્ય રચનાઓ કરી છે, તેનો જોટો દીવો લઈને શોધવા તો શું બલ્કે હાઈ-વોલ્ટેજ એલોજન લાઈટ લઈને શોધવા જશુ, તો પણ નહીં મળે.

સાહિત્ય રસીક વાંચક મિત્રોનું લક્ષ કેન્દ્રીત કરવાનું કે, આ કિતાબમાં અંત ભાગમાં આપેલી 'મનકબત' ( Glorification /ગૌરવ વધારનારૂં કાવ્ય)ના કુલ **સોળ (૧૬)** અશઆર (પંકતિઓ) માં ની પ્રથમ પંક્તિ એટલી બધી અર્થ સભર છે કે પ્રથમ શેઅર માં જ છ(૬) ઘટનાઓ પ્રત્યે સંકેત કરવામાં આવ્યું છે. લખાણ મર્યાદા અને સ્થળ સંકોચના કારણે વર્ણનીય **'ફારસી–મનકબત'** અનુસંધાને વિસ્તૃત છણાવટ પડતી મુકી દીધી છે. ઈન્શાઅલ્લાહ ! મારી હવે પછીની એકસો પંચોતેરમી (૧૭૫) કિતાબ **'મનાકિબે મૌલા અલી બ–કલમે આ'લા હઝરત'** માં તે અંગે વિસ્તૃત છણાવટ કરવામાં આવશે. ઉપરાંત આ'લા હઝરત દ્વારા લખવામાં આવેલી અન્ય કિતાબો તથા ફતાવા સંગ્રહના પ્રમાણિત હવાલાઓ દ્વારા મૌલા-એ-કાએનાત, હઝરત અલી શૈરે ખુદા રદીઅલ્લાહો તઆલા અન્હોની વિશિષ્ટતા, ઈલ્કાબો, મરતબાની ઉચ્ચતા, મહાનતા, અઝમત, શાનો-શોકત, અહમિયત, મહત્વતા, અગ્રતા, અગત્યતા અને મહત્તાનું જે અકીદત સભર ઉચ્ચ સાહિત્ય અને સંસ્કાર ની ઉર્મિલ અને લાગણીશીલ ભાષા માં કર્યો છે. તેના વાંચનથી વાંચક મિત્રો 'હુબ્બે-અલી'ના કૈફ માં ઝૂમી ઉઠશે.

આવા મહાન **'અલી–દીવાના'** ને ફકત રાગદ્વૈષ અને વ્યકિતગત

ઈર્ષાના કારણે **'અલી–શત્રુ'** તરીકે બદનામ કરી વખોડનારા તત્વો લાજ-શરમ, ભોંઠપ અને નામોશી ને નેવે મુકીને જે પ્રકારની વિરોધ વાણી અને વર્તન નું પ્રદર્શન કરી રહયા છે, તે નિંદનીય અને તિરસ્કારને પાત્ર છે.

## યાદ રાખો...કદી નહીં વિસરો...

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી** જેવો સાચો આશિકે મૌલા-અલી રદીઅલ્લાહો તઆલા અન્હો ભૂતકાળ ના લાંબા યુગ માં કયાંય દ્રષ્ટિગોચર નથી થતો. જે પ્રેમ સભર કલામ માં 'હુબ્બે અલી'ના જે રત્નો નીલમ, લીલમ અને જવેરાત ની જે રત્નમાળા ના આભુષણો પુસ્તક પૃષ્ઠ ઉપર અંકિત થયા છે. તે વાસ્તવમાં અલૈકિક, દિવ્ય, અદ્ભૂત, અદ્વિતીય, અજોડ અને અનન્ય છે. આવા સાચા **'આશિકે અલી'**ને એક ખાસ પ્રકાર ના ખટરાગ અને જંજાળના કારણે **'દુશ્મને અલી'** તરીકે બદનામ અને વખોડનારાઓ પોતાને **'હઝરત અલી'**ની ફિટકાર અને તુરછકાર ની શિક્ષા અને સજા ના હકદાર બનાવે છે.

ખુદાએ તઆલા દરેક સુન્ની મુસલમાન ને શરીઅતની ચુસ્ત પાબંદી સાથે **'હુબ્બે–અલી'**ની લા-ઝવાલ દૌલત અર્પણ ફરમાવે...આમીન.

તા. ૨૨, ઝિલહિજજહ, હિ.સ. ૧૪૪૧
યૌમે વિલાદતે પીરો મુર્શિદ
હુઝૂર મુફ્તી આઝમે હિન્દ
પ્રમાણે ૧૩, ઓગષ્ટ-ઈ.સ. ૨૦૨૦-જુમેરાત

બસ એજ
**અ. સત્તાર હામદાણી 'મસ્રૂફ'**
(બરકાતી-નૂરી)



بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نحمده ونصلی تسلم علیٰ رسوله الکریم = الصلوۃ والسلام علیك یا رسو الله

આ'લા હઝરત,અઝીમુલ બરકત, ઈમામે ઈશ્કો મહોબ્બત, મુજદ્દીદે દીનો મીલ્લત, ઈમામે અહલે સુન્નત, **ઈમામ અહમદ રઝાખાં મુહકિકે બરેલ્વી** રદીઅલ્લાહો અન્હો બારગાહે સરકાર ગૌષે આઝમ, **હઝરત સય્યેદેના મુહય્યુદ્દીન અબ્દુલ કાદિર જીલાની બગદાદી** રદીઅલ્લાહો અન્હો માં અર્ઝ કરે છે કે :-

**વો કયા જાનેગા, ફઝલે મુરતઝા કો,**
**જો તેરે ફઝલ કા જાહિલ હૈ યા ગૌષ.**

(**'હદાઈકે–બખ્શીશ'** - ભાગ-૨, પેઈજ-૧૪)

ઉપરોકત શેઅરનો ભાવાર્થ એ છે કે જે શખ્સ **હુઝૂર ગૌષે આઝમ દસ્તગીર** રદીઅલ્લાહો અન્હો ના ઉચ્ચ મરતબા અને ફઝલો-કમાલથી અજ્ઞાન છે, તે **મૌલા–એ–કાએનાત, હઝરત અલી શૈરેખુદા** રદીઅલ્લાહો અન્હોના અતિ-ઉચ્ચ મરતબા અને ફઝલો-કમાલનો કયાંથી જાણકાર હોઈ શકે? જે ગૌષેપાકને જ નથી ઓળખી શકયો, તે ગૌષેપાકના દાદા અને નાના જાન **હઝરત અલી** ને કયાંથી ઓળખી શકે? એટલે કે **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોના મરતબાઓની ઉચ્ચતાની સાચી માહિતી અને જાણકારી માટે પ્રાથમિક તબકકે **સરકારે ગૌષેપાક** રદીઅલ્લાહોના મહાન મરતબાની જાણકારી હોવી અનિવાર્ય અને આવશ્યક છે. ટૂંકમાં ફકત એટલું કે જયારે સરકારે ગૌષે પાકના બુલંદી-એ-મરતબાની જાણકારી માટે કલ્પના બહારની વિસ્તૃત માહિતી, જ્ઞાન અને સંશોધન આવશ્યક છે. તો **મૌલા–એ–કાએનાત**

**હઝરત અલી** ના અતિબુલંદ મરતબાની બુલંદી અને અઝમતની જાણકારી માટે કેટલી વિસ્તૃત માહિતી, વિશાળજ્ઞાન અને ઉંડુ સંશોધન આવશ્યક છે, તેની કલ્પના જ નથી કરી શકાતી.

પણ...વર્તમાન યુગમાં અમૂક જાહેલો, ચરસી, ગંજેરી, શરાબી - કબાબી, જુગારી કે જેને દીનની જાણકારીથી કંઈ જ લાગે વળગે નહીં. મસ્જિદમાં કદી પ્રવેશતા નથી, રમઝાનના રોઝાની માફા-માફી બલ્કે રમઝાનુલ મુબારકના મહિનામાં દિવસે જાહેરમાં પાન-સિગારેટ-બીડી નું સેવન કરીને રમઝાનની છેડેચોક મર્યાદા ભંગ કરનારા એવા શીઆ ફિર્કા થી પ્રભાવિત અને કહેવાતા અને ફકત નામના જ સુન્નીઓ જાણે **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોની અઝમત અને વિશિષ્ટતાઓના **'સ્કોલર'** હોય તેવા ભ્રમમાં રાચે છે અને હઝરત અલીની મહોબ્બતનો તે ફકત એકલો જ ઠેકેદાર હોય તેવા ભ્રામિક આત્મવિશ્વાસની ખુમારીમાં મહાલે છે અને જેઓ ખરા અર્થમાં **મૌલા–એ–કાએનાત,હઝરત અલી મુરતઝા, શૈરે ખુદા** રદીઅલ્લાહો અન્હોના અકીદતમંદો અને ચાહકો છે. તેઓની વિરૂધ્ધ ઢંગધડા વગરના આક્ષેપો અને નિવેદનો કરે છે અને તેઓને મઆઝલ્લાહ સુમ્મા મઆઝલ્લાહ **'દુશ્મને અલી'** અને **'દુશ્મને એહલે બૈત'**ના ટાઈટલોથી નવાઝતા ફરે છે અને પોતાના અત્યાચારી નિવેદનો અને વિક્ષોભ વિદ્યાનોના આક્રમણ કેન્દ્ર બનાવે છે.

આવા વિદૂષક આક્રમણકારોએ વર્તમાન યુગમાં શીઆપંથીઓના પ્રભાવ હેઠળ આવી જઈને કોઈજાતની માહિતી, પુરાવા કે કારણ વગર **ઈશ્કો–મહોબ્બત ના ઈમામ** અને ચૌદમી સદીના મુજદ્દિદ અને જેમણે હજારો નહીં, લાખો નહીં બલ્કે કરોડો મુસ્લિમોના ઈમાનનું રક્ષણ કરીને તેઓને ધર્મથી 'મુર્તદ' (વિચલીત) થતા બચાવ્યા છે. તે ઝાતે ગિરામી એટલે કે **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી** ની વિરૂધ્ધ હલકી કક્ષાના નિવેદનો કરે છે અને આ'લા હઝરત ને સૌથી મોટા **'દુશ્મને અલી'** અને **'દુશ્મને અહલે બૈત'** તરીકે બદનામ કરવામાં અતિ આવેશ અને આક્રોશનો સ્વરૂપ ધારણ કરે છે.



# 'આ'લા હઝરત પ્રત્યે સાદાતે–કિરામની ગેરસમજો અને ગલત ફેહમીઓ'

સીધા-સાદા અને ભોળા તથા ઈલ્મે દીનનું ઊંડાણ પૂર્વકનું જ્ઞાન ન ધરાવનારા સાદાતે કિરામનાં મગજમાં **શીઆ ફિર્કા** ના એજન્ટોએ એવું ઠસાવી દીધું છે કે બરૈલીના મૌલાના અહમદ રઝા કે જેઓ **આ'લા હઝરત** ના નામે ઓળખાય છે, તેઓ **હઝરત મૌલા અલી** અને **એહલે બૈત** ના કટ્ટર દુશ્મન હતા. એક નંબરના વિરોધી અને રાગદ્રેષ રાખનારા હતા. હઝરત અલી અને અહલેબૈત ની ફઝીલત, અઝમત અને મહાન મરતબાની રફઅત તેઓ સાંખી શકતા ન હતા. તેમણે પોતાની કિતાબોમાં હઝરત અલી અને અહલેબૈતની વિરૂધ્ધ અને તેઓની શાનમાં ગુસ્તાખીઓ, બેઅદબીઓ અને તૌહીનો લખવામાં કશી કચાશ બાકી નથી રાખી. મૌલાના અહમદરઝાના નકશે કદમ ઉપર ચાલીને તેઓના મુરીદો, અનુયાયીઓ, સમર્થકો, પ્રસંશકો અને મોટાભાગના સુન્ની લોકો પણ મૌલાના અહમદરઝાની તાલીમને અનૂસરીને તેઓ પણ **હઝરત મૌલા અલી** અને **અહલે બૈત** ના દુશ્મનો છે. આ બધા લોકો **'રઝાખાની'** ના નામે ઓળખાય છે. **આ બધા રઝાખાનીઓ વાસ્તવમાં ખારજીઓ છે.** (મઆઝલ્લાહ)

**આ'લા હઝરત** વિરૂધ્ધ આવો અપ્રમાણિક પ્રચાર કરનારાઓ પોતાની ઓળખ સુન્નીની જ આપે છે. આવા કહેવાતા સુન્ની નો દેખાવ અને વેશભૂષા સુન્ની મોલ્વી ની ધારણ કરી હોય છે. ખૂદને એહલેબૈત ના પ્રખર અકીદતમંદ, શ્રધ્ધાળુ અને સાચા ગુલામ તરીકે ખપાવીને **શીઆ ફિર્કા** ના ગુપ્ત પ્રચારની સાંકળની એક કડી સ્વરૂપે આલા-હઝરતની વિરૂધ્ધ એહલેબૈતના વડીલોની

કાન ભંભરણી કરે છે. પરિણામે વાસ્તવિકતા અને હકીકતની ચકાસણી અને તપાસની લેશમાત્ર દરકાર કર્યા વગર આવા કહેવાતા સુન્ની કટ-મુલ્લાઓ ઉપર આંધળો વિશ્વાસ મુકીને તેઓને સાચા સમજી તેઓની વાત સ્વીકારી ને અનેક સાદાતે-કિરામના આદરણીય મહાનુભાવો **આ'લા હઝરત** વિરૂધ્ધ ગેરસમજની ગ્રંથી મગજમાં બાંધી લે છે અને સંજોગો અને સમયના પ્રવાહ સાથે ગેરસમજની આ ગ્રંથી એટલી બધી વિકાસ પામે છે કે કંઈપણ સમજ્યા વગર કે કોઈ પણ ની સાબિતી કે પુરાવા વગર, ફક્ત **'કેહતો હતો'** અને **'કેહતી હતી'** ના ભ્રામક પ્રચાર ને મહત્વતા આપીને ઈમામે ઈશ્કો-મહોબ્બત ના અગ્રિમ અને અદ્રષ્ટ શત્રુ બનીને વિરોધના વંટોળનો એવો હોબાળો મચાવે છે કે સુન્ની એકતાની અડીખમતા ભંગ થાય છે અને સુન્નીઓની અંદર અનેક ફાટાં અને પક્ષો સ્થાપિત થાય છે.

અમુક સ્થળોએ અને અમુક કહેવાતા સુન્ની મુકરિર્રો (પ્રવચન કર્તાઓ) એ આલા હઝરતની શત્રુતા એરણ ઉપર મુકી હોય તેવી પરિસ્થિતી નિર્માણ કરે છે અને વિશ્વસ્તરે પ્રિય, સ્વીકૃત અને વધુમાં વધુ પઢવામાં આવતો **'મુસ્તફા જાને રહેમત પે લાખોં સલામ'** પણ પઢવાની મનાઈ કરે છે અને અભિન્ન પ્રતિબંધ લાદી લે છે. ઉપરાંત પોતાના મનની કટૂતા અને શત્રુતા વ્યકત કરવા માટે આલા હઝરત પ્રત્યે અકીદતની લાગણી રાખનારા સુન્નીઓને **'રઝાખાની'**ના ધૃણાસ્પદ વિશેષણ થી નવાઝવામાં કશી કંજૂસાઈ નથી કરતા.

અનેક સુન્ની હમદર્દો પણ આવા નિર્માણિત પદુષિત અને નિતાંત વિરોધના વાતાવરણમાં દ્વીધા અને ઊંડી વિટમ્બણા તથા શંકા-કુશંકાના વમળમાં અટવાએલા છે અને તેઓ વાસ્તવિકતા જાણવા ઉત્સુક પણ છે. આક્ષેપો કરનારાઓ પાસે કોઈપણ જાતના આધાર કે પુરાવાઓ નથી ફક્ત મૌખિક ભ્રામક પ્રચાર જ હથિયાર છે. ઉપરાંત આવા આક્ષેપોનો જડબાતોડ જવાબ આપવાની ક્ષમતા ધરાવનારાઓ આવા આક્ષેપોને ગૌણ સમજી તેના પ્રત્યે લક્ષ નથી આપતા અથવા તેઓ ઉપેક્ષા સેવે છે. પરિણામે આક્ષેપો દ્વારા સ્થાપિત ગલત ફેહમીઓ માં દિન-પ્રતિદિન વધારો થતો રહે છે અને તે જૂના



આક્ષેપોમાં મરી-મરચું ઉમેરીને તેને નવા સ્વાદ અને સ્વરૂપે વિશેષ પ્રચલિત કરવામાં આવે છે. જેથી આક્ષેપોના આડંબરનો પડદો ચીરી નાખીને સત્ય હકીકત લોકો સમક્ષ વર્ણન કરવી અનિવાર્ય બની ગઈ છે. જેથી મુઝ નાચીઝ અને ગુન્હેગાર બંદા દ્વારા વાસ્તવિકતાના વર્ણનની યથાશક્તિ કોશિશ કરવામાં આવી છે અને આશા છે કે વાંચકો અવશ્ય સંતૃષ્ટ થશે.

# 'નક્કર વાસ્તવિકતાના સચોટ પુરાવાઓ'

શરીઅતની મર્યાદામાં રહીને **મૌલા-એ-કાએનાત, હઝરત અલી** અને **અહેલે બૈત** નો સાચો આશિક લેખક વર્તમાન યુગમાં ભાગ્યે જ શોધ્યો જડશે. જેના સચોટ પુરાવાઓ અને મુક શાક્ષી તરીકે આ'લા હઝરત દ્વારા લખવામાં આવેલી કિતાબોના સંદર્ભો, લખાણો, શાઈરી ઉપરાંત આપના જીવન વૃતાંતના અનેક પ્રસંગો, આચરણો અને વર્તનો હકીકતનો ઘંટરાવ કરે છે કે **ઈમામે ઈશ્કો-મુહબ્બત, આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા મુહક્કિ એક સાચા આશિકે હઝરતે અલી અને મુહિબ્બે સાદાતે કિરામ હતા. આ કંઈ ફક્ત મોઢાની વાત નથી કે અભી બોલા – અભી ફોક ની પરિસ્થિતી નિર્માણ થાય. બલ્કે સચોટ પુરાવાઓ દ્વારા લખીને હાથના કાંડા કાપી આપવા જેવી બાબત છે, જે સદાય વાંચવામાં આવશે અને લેખકને બંધનકર્તા રહેશે.**

ટૂંકમાં આ'લા હઝરતે **હઝરત મૌલા અલી** રદીઅલ્લાહો અન્હોની શાનમાં જે સંબોધનો, ઈલ્કાબો અને વિશેષણો દ્વારા પોતાના દિલની જે સાચી લાગણી, અકીદત, મહોબ્બત, તઅઝીમ, આદર, સન્માન, સત્કાર, માન-મરતબા, આવકાર, ગૌરવ, પ્રતિષ્ઠતા, પ્રતિભા અને પ્રતાપનો પડઘો

જે પ્રમાણે પ્રતિપાદનની પ્રતીતિ દ્વારા વ્યક્ત કર્યો છે, તેનું દ્રષ્ટાંત અને ઉદાહરણ ભાગ્યે અને જવલ્લે જ પ્રાપ્ય છે. આ નકકર વાસ્તવિકતા **'કેહ દિયા, સો કેહ દિયા'**ની જેમ ક્ષણિક સ્થિરતા કે અચલતાના ગુણ ઉપર આધારિત નથી બલ્કે કાયમી ધોરણ અચલ, અફર, દ્રઢ, સ્થાયી, નિશ્ચિત, ચોકકસ અને અપરિહાર્ય તથા અપરિમેય છે. જેનો સાચો અંદાજો હવે અમો જે પુરાવાઓ, હવાલાઓ અને સંદર્ભો રજૂ કરી રહયા છીએ તેના વાંચન દ્વારા આવી જશે.

વાંચક મિત્રોને નમ્ર વિનંતી કે પૂર્વગ્રહ ના ચશ્મા ઉતારીને વાંચન કરી, નિષ્પક્ષ અને તટસ્થપણે ચિંતન અને મનન કરશો તો અપાર અચંબા અને આઘાતનો આંચકો અનુભવશો અને સ્વયં જ મનમાં કહેશો કે આપણે સાંભળતા શું હતા? અને હકીકત શું નિકળી? માટે સંપૂર્ણ સજાગતા, અગ્રતા અને મનનતા સાથે હવે પછીના પૃષ્ઠોનું વાંચન કરશો, તો જાણકારીમાં અનેરો ઉમેરો થશે.

## ''આ'લા હઝરતની અકીદતની પરાકાષ્ઠા''

આ'લા હઝરત, અઝીમુલ બરકત, ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો-મિલ્લત **ઈમામ અહમદરઝા મુહક્કિ બરૈલ્વી** અલૈહિર્રહમતુંવ-વ-રિદવાન ના પુર ઈખ્લાસ દિલ માં **ઈમામુલ વાસેલીન, સય્યેદુલ - આરેફીન, અસદુલ્લાહે ગાલિબ, મઝહરૂલ અજાઈબે - વલ-ગરાઈબ, મૌલલ - મુસ્લેમીન, અમીરૂલ - મોઅમેનીન, હઝરત અલી કર્રમલ્લાહો - તઆલા - વજહહુલ - કરીમ** ની જે સાચી અકીદત, મહોબ્બત, અઝમત, અદબ, આદર, પ્રેમભાવ, સત્કાર, માનસન્માન, તઅઝીમ, તૌકીર, હુર્રમત,



રફઅત, ઈઝઝત અને તકરીમના જે ભાવ અને ઉમંગ-ઉત્સાહ ના જોશની જે ઉર્મિમય અને લાગણીશીલ મનોભાવ હતા તેનો પડઘો અને પ્રતિઘોષ આપની કિતાબો અને નઅતિયા દીવાન (કાવ્ય-સંગ્રહ)માં દ્રષ્ટિગોચર થાય છે. જેના વાંચન માત્રથી વાંચકોના દિલોમાં **મૌલા-એ-કાએનાત, હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોની મહોબ્બત અને અકીદતની સુગંધ, સુવાસ, મહક ના મલકતા અને ખૂશ્બૂ વેરતા આકર્ષક પુષ્પો ખીલી ઉઠશે અને દિલોમાં **હઝરત અલી** ની અકીદત અને મહોબ્બતનો જૌશ મારતો સમુદ્ર ઉછાળા મારશે.

અલગ-અલગ શીર્ષક હેઠળ આ'લા હઝરત ના કથનો અને કાવ્યો ના મૂળ શબ્દો અને સારાંશ વાંચક મિત્રોની સેવામાં રજૂ છે.

## ''હઝરાતે શૈખેન એટલે ઉમરૈન એટલે હઝરત સિદ્દીકે અકબર અને હઝરત ફારૂકે આઝમની શાન માં લખેલ કિતાબ માં હઝરત અલીની પ્રસંશા ના દિલકશ ફૂલોની અમી-વર્ષા ''

આ'લા હઝરતે હઝરત અબૂબકર સિદ્દીક અને હઝરત ફારૂકે આઝમ રદીઅલ્લાહો અન્હુમાની શાનમાં એક કિતાબ લખી છે જેનું નામ :-

مَطْلَعُ الْقَمَرَيْنِ فِيىءِ اِبَانَةِ سَبْقَةِ الْعُمَرَيْنِ

**(મતલઉલ-કમરૈન-ફી-અબાનતે-સબ્કતિલ-ઉમરૈન)** છે. આ કિતાબ ઉર્દુ ભાષામાં છે. જે **ઈમામ અહમદ રઝા એકેડેમી-બરૈલી** દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. આ કિતાબ મૂળ સ્વરૂપે **હઝરત અબૂબર સિદ્દીક**

અને **હઝરત ઉમર ફારૂક** ની અફઝલિયત, અઝમત, ફઝીલત અને શાનમાં લખવામાં આવી છે. આ કિતાબ **કુલ :– ૨૮૮, પેઈજ** ઉપર આધારિત છે. આ કિતાબ આરંભની પ્રસ્તાવના,અનુક્રમિકા વગેરે બાદ કરતાં **પેઈજ નં. ૩૩** થી મૂળ કિતાબ શુરૂ થાય છે. કિતાબ નો આરંભ સહાબાએ કિરામની મુકદ્દસ જમાઅત અને મહત્વના અગ્રેસર સહાબા તથા પ્રથમ ત્રણ (૩) ખલીફાઓની અગ્રતા અને મહત્વતાના વર્ણનથી કરવામાં આવ્યો છે.અને તે વર્ણન સંક્ષિપ્ત સ્વરૂપે ફકત **આઠ (૮) પેઈજ** માં જ આટોપી લેવામાં આવ્યું છે અને **પેઈજ નં. ૪૦** થી **પેઈજ નં. ૭૮** સુધી **કુલ ૩૮, પેઈજ** માં **મૌલા–એ–કાએનાત હઝરત અલી** અને **અહલે–બૈત**ની પ્રસંશા અને વિશિષ્ટતા માં લખવામાં આવ્યા છે. જેની આછી ઝલક અત્રે રજૂ છે.

'' علی الخصوص شمع شبستان ولایت، بہار چمنستان معرفت، خاتم خلافت نبوت، فاتح سلاسل طریقت، طاہر مطہر، قاسم کوثر، امام الواصلین، سید العارفین، مولی المسلمین، امیر المومنین، ابوالائمۃ الطاہرین، مطلوب کل طالب، اسد اللہ الغالب، مظہر العجائب والغرائب، سیدنا ومولانا علی بن ابی طالب کرم اللہ وجہہ الکریم، وحشرنا فی زمرتہ فی یوم سقیم، آمین ۔ کہ اس جناب گردوں قبا کی محامد جلیلہ ومناقب جمیلہ جس کثرت وشہرت کے ساتھ ہیں، دوسرے کے لیے روانہیں ۔ ''

**ઉપરોકત ઉર્દુ ઈબારતનો ગુજરાતી અનુવાદ :-**

**'ખાસ કરીને શમ્એ શબિસ્તાને વિલાયત** (વિલાયતના બાગના પ્રકાશ), **બહારે ચમનિસ્તાને માઅરેફત** (મા'રેફતની ફૂલવાડીની વસંત) **ખાતિમે ખિલાફતે નબુવ્વત** (નબીની ખિલાફતની



મહોર-seal) **ફાતહે સલાસિલે તરીકત** (તરીકતના સિલસિલાઓના વિજયી) **તાહિર મુતહિહર** (સ્વયં પવિત્ર અને અન્યોને પવિત્ર કરનાર) **કાસિમે–કૌષર** (કયામતના દિવસે કૌષરનો જલ વિતરણ કર્તા) **ઈમામુલ–વાસેલીન** (ખુદા સુધી પહોંચનારાઓના પેશ્વા) **સૈયેદુલ – આરેફીન** (ખુદા ની ઓળખના પંથે ચાલનારાઓના સરદાર) **મૌલલ – મુસ્લેમીન** (મુસ્લિમોના વાલી-મદદગાર) **અમીરૂલ–મોઅમેનીન** (મો'મિનોના હાકિમ-આદેશકર્તા) **અબૂલ – અઈમ્મતિત – તાહેરીન** (પવિત્ર ઈમામોના પિતૃ) **મત્લુબે – કુલ્લે – તાલિબ** (ઉપાસક માટે ઈચ્છિત) **અસદુલ્લાહિલ – ગાલિબ** (અલ્લાહના વિજયી સિંહ) **મઝહરિલ – અજાઈબે – વલ – ગરાઈબ** (આશ્ચર્યજનક બાબતોના નિર્દેશક) **અમારા સરદાર, અમારા મૌલા અલી ઈબ્ને અબી તાલિબ કર્રમલ્લાહો તઆલા વજહહુલ કરીમ વ – હશરના – ફી – ઝુમરતે હિ – ફી – યવમે–અકીમ – આમીન.** (અને અલ્લાહ તેઓના ગિરોહમાં આપણો સમાવેશ કરે કયામતના દિવસે) **કે તે મહાન મરતબાવાળાની ભવ્ય વિશિષ્ટતાઓ અને આકર્ષક પશંસા એટલા વિપુલ પ્રમાણ વ્યાપક અને પ્રસિધ્ધ છે, કે અન્ય કોઈને પ્રાપ્ય નથી.'**

**હવાલો :–** **'મતલેઉલ–કમરૈન'** (ઉર્દુ) - લેખક :- ઈમામ અહમદરઝા, પ્રકાશક :- ઈમામ અહમદરઝા એકેડેમી-બરૈલી (યુ.પી.) **પેઈજ :– ૪૧**

**હઝરત અલી** ની શાનમાં ઉપરોકત અકીદતથી ભરપૂર અને તરબોળ ફકરો લખ્યા બાદ આ'લા હઝરત લખે છે કે :-

'' واللہ العظیم! اگر ہزار دفتر اس جناب کے شرح فضائل میں لکھے جائیں یکے از ہزار تحریر میں نہ آئیں. ''

**ઉપરોક્ત ઉર્દૂ ઈબારતનો ગુજરાતી અનુવાદ :-**

'મહાન અલ્લાહની કસમ!' જો તે જનાબ (હઝરત અલી) ની ફઝીલતમાં એક હઝાર (૧૦૦૦) ગ્રંથો લખવામાં આવે, તો ફકત એક (૧) ગ્રંથ (દફતર) પણ લખી શકાય નહીં'

હવાલો :- **'મતલેઉલ-કમરૈન'** (ઉર્દૂ) - **પેઈજ નં. ૪૨**

આ'લા હઝરતના ઉપરોક્ત કથનનો ભાવાર્થ એ છે કે **મૌલા - એ-કાએનાત, હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોની ફઝીલત, અઝમત, રફઅત, પ્રતિષ્ઠતા, વિશેષતા, અગ્રતા, અગત્યતા, મહત્વતા અને મહાન મરતબાની ઉચ્ચતા એટલી વિશાળ, વિસ્તૃત, વિસ્તીર્ણ, અનુવર્ધન, વ્યાપક, વિગતવાર અને એટલી વિસ્તારપૂર્વકની (Vast) છે કે જો તે બધી ફઝીલત અને વિશિષ્ટતાઓ એકત્રિત કરીને લખવામાં આવે, તો અંદાજે એક હજાર (૧૦૦૦) દફતર એટલે કે ગ્રંથો એટલે કે મોટી સાઈઝના પુસ્તકો લખાય અને હજાર પુસ્તકોમાંથી ફકત એક (૧) પુસ્તક લખવામાં જ આપણું સમગ્ર જીવન પૂર્ણ થઈ જાય.

## 'હઝરત અલીની ફઝીલતમાં આ'લા હઝરત દ્વારા હદીષ શરીફના સંદર્ભો'

**હઝરત અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો તઆલા અન્હોની શાને અઝમત, રિફઅત અને ફઝીલતના અનુસંધાને આ'લા હઝરતે **હુઝૂરે અકદસ**



સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના મુકદ્દસ ઈર્શાદો (પવિત્ર કથનો) ને હદીષની કિતાબો દ્વારા સંગ્રહિત કરીને એટલું બધું વિસ્તૃત લખ્યું છે કે તે બધી હદીષો એકત્રિત કરવી શકય નથી. ટૂંકમાં **હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હો ના દરેક જીવન-પ્રસંગને આપે હદીષો દ્વારા પુરવારિત કરીને અને ત્યારબાદ તેના અનુસંધાને પોતાની હાર્દિક લાગણી, શ્રધ્ધા અને અકીદત વર્ણન કરવા માટે જે વિશેષણો અને શબ્દોનો ઉપયોગ કર્યો છે. તેના દ્વારા આ'લા હઝરતની હઝરત અલી પ્રત્યેની ખરા અંતકરણની અકીદત અને મહોબ્બત વ્યકત થઈ રહી છે. એક હદીષ શરીફ અત્રે રજૂ છે:-

**"عن ابن عباس قال ما نزل الله ما نزل في علي"**

**حوالہ:** ( تاريخ دمشق لإبن عساكر : المؤلف: أبو القاسم علي بن الحسن بن هبة الله المعروف بابن عساكر (المتوفى: 571هـ) الناشر: دار الفكر للطباعة والنشر والتوزيع ، بيروت , لبنان, ج:42 , ص: 363)

**ترجمہ:** حضرت عبد اللہ ابن عباس رضی اللہ عنہ سے مروی ہے:
قرآن پاک کی جتنی آیات حضرت علی کے حق میں نازل ہوئی ہیں کسی اور کے حق میں نازل نہیں ہوئی۔

**હદીષ શરીફનો ગુજરાતી અનુવાદ અને હવાલો :-**

**'હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદીઅલ્લાહો અન્હોથી રિવાયત છે કે કુરઆન શરીફમાં જેટલી આયતો હઝરત અલીના હકમાં નાઝિલ થઈ છે, તેટલી આયતો અન્ય કોઈના હકમાં નાઝિલ નથી થઈ'**

**હવાલો :-** 'તારીખે દમિશ્ક-લે-ઈબ્ને-અસાકિર' (અરબી) - સંપાદક :- અબૂલ કાસિમ અલી ઈબ્ને હસન બિન હિબતુલ્લાહ, અલ-મઅરૂફ - બે - ઈબ્ને અસાકિર, ઈન્તેકાલ હિજરી સનઃ- ૫૭૧, પ્રકાશક :- દારૂલ-ફિક્રે-લિલ - તબાઅતે - વન્નશરે - વત તૌઝીઅ, બૈરૂત (લેબનોન) **જિલ્દ નં. ૪૨, પેઈજ નં. ૩૬૩**

**હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોને **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની સાથે સામાજિક અને કૌટુંબિક સબંધો હતા જેમ કે ⊙ આપ બન્ને એક જ કૌમ એટલે 'કૌમે કુરૈશ'થી હતા ⊙ બન્ને એક જ ખાનદાન (કુટુંબ) એટલે કે **'ખાનદાને બની-હાશિમ'** થી હતા. ⊙ **હઝરત અલી** કૌટુંબિક સબંધમાં હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સગા કાકા ના દિકરા હતા ⊙ ખાતૂને-જન્નત, **હઝરત ફાતેમતુઝઝહરા** રદીઅલ્લાહો તઆલા અન્હા **હઝરત અલી** ના 'ઝવજા' (પત્નિ) હતા. જે નાતે **હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હો **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના 'દામાદ' (જમાઈ) હતા.

**હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોએ પોતાની વંશીય અને કૌટુંબીક વિશિષ્ટતાઓ નું વર્ણન સ્વયં ખૂદે જે શેઅરો (પંક્તિઓ)માં કર્યુ છે, તે અત્રે રજૂ છે :-

# 'હઝરત અલી એ પોતાની વંશીય ઓળખ આપતા લખેલા અશઆર (પંક્તિઓ)'



محمد النبى أخى وصهرى — وحمزة سيد الشهداء عمى
وجعفر الذى يضحى ويمسى — يطير مع الملائكة ابن أمى
وبنت محمد سكنى وعرسى — مشوب لحمها بدمى ولحمى
وسبطا احمد ابنايا منه — فايكم له سهم كسهمى
سبقتكم إلى الإسلام طرا — غلاما ما بلغت أوان حلمى

## ઉપરોકત અરબી અશઆરનો ઉર્દૂ અનુવાદ :-

ترجمہ: نبی کریم محمد مصطفی صل اللہ علیہ وسلم میرے چچازاد بھائی اور سسر ہیں اور سید الشہداء حضرت حمزہ میرے چچا ہیں اور حضرت جعفر جو صبح وشام ملائکہ کے ساتھ اڑتے ہیں وہ میری ماں کے بیٹے ہیں اور محمد مصطفی کریم صلی اللہ علیہ وآلہ وسلم کی صاحبزادی میرے گھر میں رہائش پذیر اور میری دلہن ہیں۔ ان کا گوشت میرے بدن اور گوشت سے ملا ہوا ہے اور احمد مصطفی صلی اللہ علیہ وآلہ وسلم کے دونوں نواسے ان سے میرے بیٹے ہیں تم میں سے کس کے لیے میرے حصے (فضائل) کی طرح حصہ ہے میں تم پر اسلام کی طرح سبقت لے گیا بچپن میں جبکہ ابھی جوانی کی حالت کو نہیں پہنچا تھا۔

**હવાલાઓ :-**

**(૧) 'અલ-બદાયા-વન્નેહાયા- લે - ઈબ્ને -કષીર' (અરબી)**
સંપાદક :- અલ્લામા ઈમામ ઈસ્માઈલ બિન ઉમર બિન કષીર, ઈન્તેકાલ:- હિજરી સન :- ૭૭૪, પ્રકાશક :- દારૂલ અહયાયે તુરાષિલ અરબી, બૈરૂત (લેબનોન) **જિલ્દ નં. ૮, પેઈજ નં. ૧૦**

**(૨) 'તારીખે-દમિશ્ક - લે - ઈબ્ને અસાકિર' (અરબી)**
સંપાદક :- અબૂલ કાસિમ અલી ઈબ્ને હસન બિન હિબતુલ્લાહ અલ-મઅરૂફ - બે - ઈબ્ને અસાકિર, ઈન્તેકાલ હિ.સ. ૫૭૧. પ્રકાશક :- દારૂલ - ફિક્ર - લિલ - તબાઅતે વત્તોઝીઅ - બૈરૂત (લેબનોન) **જિલ્દ નં.૪૨, પેઈજ નં. ૫૨૧**

**(૩) 'જામે ઉલ - અહાદિષ-લિલ- સુયૂતી' (અરબી)**
સંપાદક :- ઈમામ અબ્દુરર્હમાન બિન અબીબક્ર જલાલુદ્દીન સુયૂતી, ઈન્તેકાલ-સ.હિ. ૯૧૧, **જિલ્દ નં. ૩૧, હદીષ નં. ૩૪૪૧૬, પે. નં. ૩૮૭.**

# ‘હઝરત અલીના ઉપરોક્ત વંશીય ઓળખના અશઆર અંગે આ’લા હઝરતનું મંતવ્ય’

મૌલા-એ-કાએનાત, હઝરત અલી રદીઅલ્લાહો તઆલા અન્હોના વર્ણનીય અશઆર (પંકતિઓ)ના અનુસંધાને ઈમામે એહલેસુન્નત, મુજદ્દિદે દીનો- મિલ્લત, આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા મુહક્કિક બરેલ્વી ફરમાવે છે કે:-

علماء فرماتے ہیں: کہ ہر مسلمان پر واجب ہے کہ انہیں حفظ کرلے تا فضائل مرتضوی پر وقوف واطلاع رہے.

**ઉપરોકત ઉર્દુ ઈબારતનો ગુજરાતી અનુવાદ :-**

**‘ઔલોમા ફરમાવે છે કે દરેક મુસલમાન ઉપર વાજિબ છે કે તે શેઅરો (પંકિતઓ)ને યાદ કરી લે, જેથી હઝરત અલી મુર્તઝાના ફઝાઈલની સમજ અને જાણકારી રહે. ’**

**<u>હવાલો :–</u> ‘મતલઉલ–કમરૈન’** (ઉર્દુ) **પેઈજ નં. ૪૩**

વાંચક મિત્રો ! ઠંડા કલેજા અને મગજની સ્થિરતા સાથે ચિંતન અને મનન કરો કે **હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોના પોતાની વંશીય ઓળખાણના પાંચ (૫) અશઆર (પંક્તિઓ) સ્વંય તેમણે કહી છે. તે પાંચ (૫) પંક્તિઓ કુરઆને મજીદની આયત નથી. ન તો તે પાંચ પંક્તિઓ ફરમાને



રસૂલ એટલે કે હદીષની અરબી ઈબારતનું મૂળ લખાણ (Text) નથી. પણ **આ’લા હઝરત, ઈમામ અહમદરઝા ની મૌલા–એ–કાએનાત, હઝરત અલી** રદીઅલ્લાહો અન્હો પ્રત્યેની સાચા દિલની અકીદત અને મહોબ્બત જુઓ કે ઉપરોક્ત **પાંચ (૫)** પંક્તિઓ **કુરઆનની આયત** અથવા **હદીષ** ની **અસલ અરબી ઈબારત** ન હોવા છતાં આ’લા હઝરત ફરમાવી રહયા છે કે **‘દરેક મુસલમાન ઉપર વાજિબ છે કે તે આ પાંચ (૫) પંકિતઓ યાદ કરી લે’** આ વાકયને ધ્યાન પૂર્વક વાંચો. આ’લા હઝરતે તે પંક્તિઓ યાદ કરવાનું કોના માટે વાજિબ ફરમાવી રહયા છે ? દરેક મુસલમાન માટે, એવું નથી ફરમાવ્યું કે **દરેક આલિમ** અને **દરેક મુકર્રિર** (પ્રવચનકર્તા) યાદ કરી લે, બલ્કે મિલ્લતે ઈસ્લામિયાની દરેક વ્યકિત માટે યાદ કરી લેવાનું વાજિબ ફરમાવી રહયા છે અને તેનું કારણ પણ બતાવી રહયા છે. આ પંકિતઓ યાદ કરવાથી **હઝરત મૌલા અલી મુર્તઝા** રદીઅલ્લાહો તઆલા અન્હોની ફઝીલત અને વિશિષ્ટતાની સમજ અને જાણકારી પ્રાપ્ત થાય અને **હઝરત અલી** ની અકીદત અને મહોબ્બતમાં વધારો થાય. ટૂંકમાં ફકત એટલું જ કે આ’લા હઝરત તો હઝરત અલી ની અકીદત અને મહોબ્બત ના સમુદ્રમાં સંપૂર્ણ ડૂબેલા અને સાથે સાથે અન્ય મુસ્લિમોને પણ હઝરત અલીની અકીદત અને મહોબ્બતની મહત્વતા, અગત્યતા અને અગ્રતાનું શિક્ષણ આપી રહયા છે કેમ કે **જેના દિલમાં હઝરત અલી રદીઅલ્લાહો અન્હોની અકીદત અને મહોબ્બત નથી, તેને ઈમાનની લિજજત અને ચાસણી તથા આહલાદકતા (Deliciousness) પ્રાપ્ત નહીં થાય.**

# હઝરત અલીના પાંચ (૫) શેઅરોને અનુલક્ષીને આ'લા હઝરતે હઝરત અલીની શાને આલી માં લખેલી મન્કબત

## منقبت

اَلسَّلام اے اَحمدَ ت صِہر و بَرادر آمدَ ہ
حمزہ سردارِ شہیداں عَم اَ کبر آمدَ ہ

جَعْفَرے کُومی پَرَد صبح ومَسا با قُدسِیاں
باتو ہم مَسکَن بہ بَطنِ پاک مادر آمدَ ہ

بِنْتِ احمد رَونقِ کاشانہ و بانُوے تو
گوشت وخونِ تو بَلُحَمُش شِیر وشکر آمدَ ہ

ہر دو رَیحانِ نبی گُلہائے تو زاں گل زمیں
بہرِ گل چِینَت زمینِ باغ برتر آمدَ ہ

می چَمِیدی گُلبَنا در باغِ اسلام وہَنوز
غُنچہ اَت نَشِگُفت و نَے نخلے دِگر برآمدَ ہ

ہر نبی راذریت در صلب اونہادہ اند
نسل پاک مصطفی از پشت تو برآمدہ



## ઉપરોકત ફારસી પંકતિઓનો ઉર્દુ અનુવાદ :-

ترجمہ: اے اپنی تعریف کرنے والے نبی کریم ﷺ کے داماد آپ پر سلام ہو، شہیدوں کے سردار حضرت حمزہ آپ کے بڑے چچا ہیں اور جعفر طیار جو صبح وشام ملائکہ کے ساتھ اڑتے ہیں اے علی وہ اور آپ ایک ہی ماں کے پاکیزہ بطن سے پیدا ہوئے۔ آقائے کائنات ﷺ کی لخت جگر آپ کی کاشانہ اقدس کی رونق آپ کی زوجہ ہیں۔ آپ اور سیدۃ النساء ایک دوسرے کے ساتھ گھل مل گئے ہیں۔ نبی کریم صل اللہ علیہ وسلم کے دونوں پھول آپ ہی کے گلستان کے پھول ہیں۔ آپ کے باغ کی رونق انہیں سے ہے۔ باغ اسلام کی طرف آپ کا جھکاؤ اس وقت بھی تھا جبکہ آپ کی ابھی کلی نہیں کھلی تھی اور نہ ہی اس وقت کوئی دوسرا پودا تھا۔ ہر نبی کی اولاد اس کی صلب میں رکھی گئی لیکن سردار الانبیاء کی نسل پاک آپ سے چلی۔

## ઉપરોકત ઉર્દૂ અનૂવાદનો ગુજરાતીમાં અનૂવાદ :-

'એ સ્વંય પોતાની તા'રીફ કરનારા નબી-એ-કરીમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમના જમાઈ તમારા ઉપર સલામ હોજો. શહીદોના સરદાર હઝરત હમઝા આપના મોટા કાકા છે. અને હઝરત જાફરે તય્યાર કે જેઓ સવાર અને સાંજે ફરિશ્તાની સાથે ઉડે છે. એ હઝરતે અલી! તેઓ અને તમો એક જ માં ની પવિત્ર કુખેથી જન્મયા છો. આકા એ કાએનાત રસૂલુલ્લલાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની લખ્તે-જિગર (હઝરત ફાતેમા) તમારા નિવાસ સ્થાનની રૌનક અને આપની પત્નિ છે. આપ અને સમગ્ર સ્ત્રીઓની સરદાર (હઝરત ફાતેમા) એક બીજામાં ઓતપ્રોત થઈ ગયા છો. નબી-એ-કરીમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના બન્ને ફૂલો (ઈમામ હસન અને ઈમામ હુસૈન) તમારા બગીચાના પુષ્પ છે. આપના બાગની રૌનક તે બન્ને થકી છે. ઈસ્લામના બાગ પ્રત્યે આપનો

ઝુકાવ (આત્મીયતા) તેવા સમય પણ હતો કે જયારે આપ પરિપક્વ (પુખ્ત વયના) પણ ન હતા. તે સમયે આપ છોડની કુમળી કળી જેવા હતા અને ઈસ્લામ ના બાગમાં અન્ય કોઈ છોડ ઉગેલું ન હતું. દરેક નબીનો વંશ (સંતાન) તે નબી દ્વારા જ ચાલે છે પરંતૂ સરદારૂલ અંબિયા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો વંશ આપના દ્વારા ચાલ્યો.'

હવાલો :– 'મતલઉલ કમરૈન', અઝઃ - આ'લા હઝરત, પેઈજ નં. ૪૪

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહક્કિ બરેલ્વી દ્વારા **હઝરત અલી** ની શાનમાં લખવામાં આવેલી ઉપરોક્ત 'મન્કબત' (Glorifying) ના દરેક શબ્દથી **'હુબ્બે–અલી'** અને **'અકીદતે અલી'**ની મધૂર રસધારા વહે છે અને આ **'મન્કબત'** દ્વારા આપના દિલમાં રહેલી **હઝરત મૌલા અલી** ની અકીદત, અઝમત અને મહોબ્બતનો ઘંટરાવ ગુંજી રહયો છે. હુબ્બે-અલી ની મધૂર સુવાસ અને મહેક ચૌમેર પ્રસરી રહી છે. આવા મહાન **'આશિકે–અલી'** ને વર્તમાન યુગના ઝાલિમો દુશ્મને અલીમાં ખપાવવા માટે તમામ શકિત ખર્ચી નાખે છે અને કોઈપણ જાતના આધાર, પુરાવા, સાબિતી, હવાલા અને પ્રુફ વગર ફકત હઠાગ્રહ, પૂર્વગ્રહ અને અજ્ઞાત શત્રુતાના આવેશમાં અશોભનીય વાણીવિલાસ કરીને એક સાચા આશિકે રસૂલ અને મુહિબ્બે અલીને ખિરાજે અકીદત પૈશ કરવાના બદલે તૌહીન અને બકવાસનો ઉધામો મચાવે છે.

અહીં સુધીના વર્ણનમાં **આ'લા–હઝરત, ઈમામ અહમદ રઝા મુહક્કિક બરેલ્વી** ના દિલમાં રહેલી **હઝરત અલી** પ્રત્યેની અકીદત અને મહોબ્બતની ફકત આછી ઝલક જ રજૂ કરી છે. હવે પછીના પૃષ્ઠોના વાંચનથી ખાત્રીની કક્ષામાં કહી શકાય કે તમારા હદયની ઉજજડ અને વૈરાન ધરતી ઉપર આ'લા હઝરતના ઈશ્કે અલીની અમિવર્ષા થશે અને તૌહીન, ગુસ્તાખી,બેઅદબી, ગેરસમજ અને અનર્થ શત્રુતાના કષ્ટદાયક કાંટાઓના સ્થાને તઅઝીમ, સન્માન, અદબ, અકીદત અને મહોબ્બત ના મહેકતા ફૂલો ખીલી ઉઠશે. (ઈન્શાઅલ્લાહ તઆલા)



# 'યા મૌલા અલી ! ક્યા રૂત્બા હૈ આપકા ઔર ક્યા શાન હૈ આપ કી'

**આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા મુહક્કિક બરેલ્વી** રદીઅલ્લાહો તઆલા અન્હોએ પોતાની કિતાબ 'મતલઉલ-કમરૈન'માં હઝરત અલી શૈરેખુદા કર્રમલ્લાહો વજહહુલ કરીમની શાન-બાન-આન વર્ણન કરતાં અનેક હદીષોના સંદર્ભો વર્ણન કર્યા છે અને ત્યારબાદ તેના અનૂસંધાને પોતાની અકીદત અને મહોબ્બત વ્યકત કરીને ઈલ્કાબો-આદાબ અને ફઝીલતને અનુલક્ષીને જે વાકયો અને શબ્દો લખ્યા છે, તે લક્ષને પાત્ર છે. અહીં **ફકત આઠ (૮) હદીષો** રજૂ કરી છે.

## હદીષ :- ૧

## 'એ અલી ! દુનિયા અને આખેરતમાં તમો મારા ભાઈ છો (હદીષ)'

عَنْ ابْنِ عُمَرَ، فَقَالَ لَهُ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:
(أَنْتَ أَخِي فِي الدُّنْيَا وَالآخِرَةِ)

**حوالہ:** ( جامع الترمذي: المؤلف: محمد بن عيسى بن سَوْرة بن موسى بن الضحاك، الترمذي، ابوعيسى (المتوفى: 279هـ) الناشر: شركة مكتبة ومطبعة مصطفى البابي الحلبي – مصر, ج: 5, ص: 636, رقم الحديث: 3720 )

**ترجمہ:** حضرت عبد اللہ ابن عمر رضی اللہ عنہ سے مروی ہے کہ رسول اللہ ﷺ نے (حضرت علی سے) فرمایا: تم دنیا اور آخرت میں میرے بھائی ہو۔

**ઉપરોકત હદીષશરીફનો ગુજરાતી અનુવાદ અને હવાલો :-**

**'હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદીઅલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે હઝરત અલીથી ફરમાવ્યું કે, 'તમો દુનિયા અને આખેરતમાં મારા ભાઈ છો''**

**<u>હવાલો :-</u> 'જામએ-તિર્મિઝી** (અરબી) સંપાદક:- મુહમ્મદ બિન ઈસા બિન સવરહ બિન મૂસા બિન દેહાક તિર્મિઝી, ઈન્તેકાલ :- હિ.સ. ૨૭૯ પ્રકાશક :- શિરકત મકતબા વ મતબઅ મુસ્તફા અલબાબી હલબી કૈરો (ઈજીપ્ત) **જિલ્દ નં. ૫, પેઈજ નં. ૬૩૬, હદીષ નં. :- ૩૭૨૦**

**હદીષ :- ૨**

# 'ખાતુને જન્નતનો નિકાહ હઝરત અલી થી કરવાનો હુકમ અલ્લાહ તઆલાએ આપેલો'



**عَنْ عَبْدِ اللهِ بْنِ مَسْعُودٍ، عَنْ رَسُولِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِنَّ اللهَ أَمَرَنِي أَنْ أُزَوِّجَ فَاطِمَةَ مِنْ عَلِيٍّ رَضِيَ اللهُ عَنْهُمَا**

**حوالہ:** (المعجم الكبير للطبراني: المؤلف: سليمان بن أحمد بن أيوب بن مطير اللخمي الشامي، أبو القاسم الطبراني (المتوفى: ٣٦٠هـ) دار النشر: مكتبة ابن تيمية – القاهرة, مصر, ج: ١ ,ص: ١٥٦ ,رقم الحديث: ١٠٣٠٥ )

**ترجمہ:** حضرت عبد اللہ ابن مسعود رضی اللہ عنہ سے مروی ہے کہ رسول اللہ ﷺ نے فرمایا: اللہ تعالی نے مجھے حکم دیا کہ میں فاطمہ کا نکاح علی سے کر دوں۔

**ઉપરોકત હદીષનો ગુજરાતી અનુવાદ અને હવાલો :-**

**'હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઉદ રદીઅલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ મને આદેશ આપ્યો કે હૂં ફાતેમાનો નિકાહ અલી સાથે કરી દઉં'**

**<u>હવાલો :-</u> 'અલ-મોઅજમે-કબીર-લિલ-તિબ્રાની'** (અરબી) સંપાદક :- સુલયમાન બિન અહમદ બિન ઐયૂબ બિન મુતીર અલ-ખમી શામી, અબૂલ કાસિમ તિબ્રાની, ઈન્તેકાલ :- હિ.સ. ૩૬૦, પ્રકાશક:- દારૂન્નશરે, મકતબા ઈબ્ને તૈયમિયા. કૈરો (ઈજીપ્ત) **જિલ્દ નં. ૧, પેઈજ નં. ૧૫૬, હદીષ નં. ૧૦૩૦૫.**

**<u>બ-હવાલા :-</u> 'મતલઉલ-કમરૈન'** (ઉર્દૂ) - લેખક :- આલા-હઝરત, ઈમામ અહમદરઝા, ઈન્તેકાલ :- હિ.સ. ૧૩૪૦, **પેઈજ નં. ૪૨**

**હદીષ :- ૩**

# હૂં અને અલી એક જ ઝાડથી છીએ (હદીષ)

**عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ قَالَ: سَمِعْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: النَّاسُ مِنْ شَجَرٍ شَتَّى، وَأَنَا وَعَلِيٌّ مِنْ شَجَرَةٍ وَاحِدَةٍ**

**حوالہ:** (المعجم الاوسط: المؤلف: سليمان بن أحمد بن أيوب بن مطير اللخمي الشامي، أبو القاسم الطبراني (المتوفى: ٣٦٠هـ)، الناشر: دار الحرمين– القاهرة، مصر، ج: ٤، ص: ٢٦٣، رقم الحديث: ٤١٥٠)

**ترجمہ:** حضرت جابر بن عبد اللہ سے مروی ہے کہ رسول اللہ ﷺ ارشاد فرماتے ہیں: لوگ الگ الگ درخت سے ہیں، میں اور علی ایک ہی درخت سے ہیں۔

ઉપરોકત હદીષનો ગુજરાતી અનુવાદ અને હવાલો :-

**'હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ રદીઅલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવે છે કે લોકો અલગ-અલગ ઝાડ (વૃક્ષ/Tree) થી છે, હૂં અને અલી એક જ ઝાડ થી છીએ.'**

હવાલો :- **'અલ-મોઅજમુલ-અવસત'** (અરબી) - સંપાદક :- સુલેમાન બિન અહમદ બિન ઐયૂબ બિન મુતીર અલ-ખમી શામી અબૂલ કાસિમ તિબ્રાની, ઈન્તેકાલ :- હિ.સ. ૩૬૦, પ્રકાશક :- દારૂલ હરમૈન-કૈરો (ઈજીપ્ત) **જિલ્દ નં. ૪, પેઈજ નં. ૨૬૩, હદીષ નં. ૪૧૫૦.**



બ-હવાલા :- **'મતલઉલ-કમરૈન'** (ઉર્દુ), લેખક :- આ'લા હઝરત, ઈમામ અહમદરઝા, ઈન્તેકાલ :- હિ.સ.૧૩૪૦, **પેઈજ નં. ૬૭.**

**હદીષ :- ૪**

# 'રસૂલુલ્લાહ નો વંશ હઝરત અલી દ્વારા ચાલ્યો'

**عَنْ جَابِرٍ رَضِيَ اللهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ: "إِنَّ اللهَ عَزَّ وَجَلَّ جَعَلَ ذُرِّيَّةَ كُلِّ نَبِيٍّ فِي صُلْبِهِ، وَإِنَّ اللهَ تَعَالَى جَعَلَ ذُرِّيَّتِي فِي صُلْبِ عَلِيِّ بْنِ أَبِي طَالِبٍ رَضِيَ اللهُ عَنْهُ"**

**حوالہ:** الكتاب: المعجم الكبير، المؤلف: سليمان بن أحمد بن أيوب بن مطير اللخمي الشامي، أبو القاسم الطبراني (المتوفى: ٣٦٠هـ، دار النشر: مكتبة ابن تيمية– القاهرة، مصر، ج: ٣، ص: ٤٣، رقم الحديث: ٢٦٣٠)

**ترجمہ:** حضرت جابر رضی اللہ عنہ سے مروی ہے کہ رسول اللہ ﷺ نے فرمایا: اللہ تعالی نے ہر نبی کی ذریت کو اس کی صلب میں رکھا، اور اللہ نے میری ذریت کو علی کی صلب میں رکھا۔

ઉપરોકત હદીષનો ગુજરાતી અનુવાદ અને હવાલો :-

**'હઝરત જાબિર રદીઅલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ દરેક નબીના વંશને સ્વંય તેઓની સુલ્બ (કમર)માં રાખ્યો અને અલ્લાહ એ મારા વંશને અલીની સુલ્બ માં રાખ્યો'**

**હવાલો :–** **'અલ–મોઅજમે–કબીર'** (અરબી) - સંપાદક :- સુલેમાન બિન અહમદ બિન ઐયુબ બિન મુતીર અલ-ખમી શામી અબૂલ કાસિમ તિબાની, ઈન્તેકાલ :- હિ.સ.૩૬૦. પ્રકાશક :- દારૂનનશ્રે, મકતબા ઈબ્ને તૈયમિયા, કૈરો (ઈજીપ્ત) **જિલ્દ નં. 3, પેઈજ નં. ૪૩, હદીષ નં. ૨૬૩૦.**

**બ હવાલા :–** **'મતલઉલ–કમરૈન'** (ઉર્દૂ) અઝ: આ'લા હઝરત, **પે.– ૬૭.**

## હદીષ :- ૫

# 'રસૂલુલ્લાહ નો મુકદ્દસ ખભો અને હઝરત અલીના મુબારક કદમ'

**قَالَ عَلِيٌّ: انْطَلَقْتُ مَعَ رَسُولِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ حَتَّى أَتَيْنَا الْكَعْبَةَ، فَصَعِدَ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى مَنْكِبَيَّ، فَنَهَضَ بِهِ عَلِيٌّ فَلَمَّا رَأَى رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ضَعْفَهُ قَالَ لَهُ: اجْلِسْ، فَجَلَسَ، فَنَزَلَ نَبِيُّ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: اصْعَدْ عَلَى مَنْكِبَيَّ فَنَهَضَ بِهِ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ عَلِيٌّ: إِنَّهُ لَيُخَيَّلُ إِلَيَّ أَنِّي لَوْ شِئْتُ لَنِلْتُ أُفُقَ السَّمَاءِ**

**حوالہ:** الكتاب: السنن الكبرى, المؤلف: أبو عبد الرحمن أحمد بن شعيب بن علي الخراساني، النسائي (المتوفى: ۳۰۳ھ) الناشر: مؤسسة الرسالة – بيروت, لبنان, ج:۷, ص: ۴۵۱, رقم الحديث: ۸۴۵۳)

**ترجمہ:** حضرت علی رضی اللہ عنہ فرمایا: میں رسول اللہ ﷺ کے ساتھ چلا یہاں تک کہ ہم خانہ کعبہ کے پاس آئے، تو رسول اللہ ﷺ میرے کندھے پر سوار ہوئے اور علی ان کو لیکر اٹھے، تب رسول اللہ ﷺ نے ان کی کمزوری محسوس کی تو ان سے فرمایا: بیٹھو، وہ بیٹھ گئے، رسول اللہ ﷺ نیچے اترے اور فرمایا: میرے کندھے پر سوار ہو جاؤ، تو رسول اللہ ﷺ ان کو لیکر اٹھے تب حضرت علی فرماتے ہیں۔ مجھے خیال آتا تھا اگر چاہوں تو آسمان کا کنارہ چھولوں۔



## ઉપરોકત હદીષ શરીફનો ગુજરાતી અનુવાદ :-

**'હઝરત અલી રદીઅલ્લાહો અન્હો ફરમાવે છે કે હૂં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમની સાથે ચાલ્યો, ત્યાં સુધી કે અમો 'ખાન–એ–કાબા' પાસે આવ્યા. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ મારા ખભા ઉપર સવાર થયા અને હઝરત અલી આપને ઉચકીને ઉભા થયા, ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમે હઝરત અલીમાં નબળાઈ અનુભવી, તો તેઓથી ફરમાવ્યું કે બેસી જાઓ. હઝરત અલી બેસી ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ હઝરત અલીના ખભે થી નીચે ઉતરી ગયા અને ફરમાવ્યું કે તમો મારા ખભા ઉપર સવાર થઈ જાઓ. હઝરત અલી રસૂસુલ્લાહ ના ખભે બેસી ગયા તો રસૂલુલ્લાહ તેઓને ઉચકીને ઉભા થયા. હઝરત અલી ફરમાવે છે કે તે વખતે મૈં એવું અનુભવ્યું કે જો હૂં ઈચ્છૂં તો આકાશનો છેડો સ્પર્શી લઊં.'**

**હવાલો :–** **'સુનને–કુબ્રા'** (અરબી) - સંપાદક :- અબૂ અબ્દુર્રહમાન અહમદ બિન શોએબ બિન અલી ખુરાસાની નસઈ, ઈન્તેકાલ :- હિ.સ. ૩૦૩, પ્રકાશક :- અલ-મુઅસસતુર્ર-રિસાલા-બૈરૂત (લેબનોન) **જિલ્દ નંબર–૭, પેઈજ નંબર :– ૪૫૧, હદીષ નં. ૮૪૫૩.**

**બ–હવાલા:–** **'મતલઉલ–કમરૈન'** (ઉર્દૂ) અઝ: આલા હઝરત, **પેઈજ :– ૬૮**

## હદીષ :- ૬

# ‘લા–સયફા–ઈલ્લા–ઝૂલ્ફિકાર લા–ફતા–ઈલ્લા–અલી’

(ઝૂલ્ફિકાર જેવી કોઈ તલવાર નહીં - અલી જેવો કોઈ શૂરવીર નહીં.)

**قَالَ ابْنُ هِشَامٍ: وَحَدّثَنِي بَعْضُ أَهْلِ الْعِلْمِ، أَنّ ابْنَ أَبِي نَجِيحٍ قَالَ: نَادَى مُنَادٍ يوم أحد: لَا سَيْفَ إلّا ذُو الْفَقَارِ... وَلَا فَتَى إلّا عَلِيّ.**

**حوالہ:** (۱) الكتاب: تاريخ الطبري = تاريخ الرسل والملوك، وصلة تاريخ الطبري، المؤلف: محمد بن جرير بن يزيد بن كثير بن غالب الآملي، أبو جعفر الطبري (المتوفى: ۳۱۰هـ) الناشـــر: دار التراث – بيروت، لبنان، ج:۲، ص:۵۱۴)

**حوالہ:** (۲) الكتاب: السيرة النبوية (من البداية والنهاية لابن كثير)، المؤلف: أبو الفداء إسماعيل بن عمر بن كثير القرشي الدمشـــقي (المتوفى: ۷۷۴هـ) الناشر: دار المعرفة للطباعة والنشـــر والتوزيع بيروت – لبنان، ج:۳، ص:۹۴)

**ترجمہ:** حضرت ابن ہشام کہتے ہیں: بعض اہل علم نے مجھ سے بیان کیا کہ ابن ابی نجیح نے کہا: جنگ احد کے دن ایک پکارنے والے پکارا: ذوالفقار جیسی کوئی تلوار نہیں اور علی جیسا کوئی جوان نہیں۔



### ઉપરોકત અરબી ઈબારતનો ગુજરાતી અનુવાદ :-

**‘હઝરત ઈબ્ને હિશામ ફરમાવે છે કે અમુક એહલે ઈલ્મ (જ્ઞાનીઓ) એ મારાથી વર્ણન કર્યુ કે ઈબ્ને અબી નજીહ એ કહયું કે જંગે ઓહદના દિવસે એક પુકારનારે પોકાર કર્યો કે ઝુલ્ફિકાર જેવી કોઈ તલવાર નહી અને અલી જેવો કોઈ શૂરવીર નહી. ’**

**<u>હવાલાઓ :–</u>**

**(૧) ‘તારીખે તિબ્રી’** - ‘તારીખુર-રૂસૂલે-વલ-મલૂક- વસ્લતુન તારીખુત-તિબ્રી’ સંપાદક :- મુહમ્મદ બિન જરીર બિન યઝીદ બિન-કષીર બિન ગાલિબ અલ-આમુલી અબૂ જઅફર અલ-તિબ્રી, ઈન્તેકાલ :- હિ.સ. ૩૧૦, પ્રકાશક :- દારૂલ-તુરાષિલ-અરબી-બૈરૂત (લબનાન) જિલ્દ નં.૨, પેઈજ નં.૫૧૪.

**(૨) ‘સીરતુન્નબવીયહ–મિનલ–બેદાયા–વન્નેહાયા–લે–ઈબ્ને–કષીર’** (અરબી) સંપાદક :- અબૂલ-ફિદા-ઈસ્માઈલ બિન-ઉમર -બિન કષીર, અલ કર્શી, અલ-દમિશ્કી. ઈન્તેકાલ :- હિ.સ. ૭૭૪, પ્રકાશક :- દારૂલ મઅરેફતે-લિત્ત-બાઅતે-વન્નશરે-વત્તોઝીઅ, બૈરૂત - (લબનાન). **જિલ્દ નં. ૩, પેઈજ નં.૯૪.**

**<u>બ–હવાલા :–</u> ‘મતલઉલ–કમરૈન’**, લેખક :- આ’લાહઝરત, **પેઈજ –૭૨.**

★

## હદીષ :- ૭

# ‘કયામતના દિવસે હોઝે કૌષરના માલિક હઝરત અલી હશે’

عَنْ أَبِي هُرَيْرَةَ، وَجَابِرِ بْنِ عَبْدِ اللَّهِ، قَالَا: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ: عَلِيُّ بْنُ أَبِي طَالِبٍ صَاحِبُ حَوْضِي يَوْمَ الْقِيَامَةِ.

**حوالہ:** (الكتاب: المعجم الاوسط: المؤلف: سليمان بن أحمد بن أيوب بن مطير اللخمي الشامي، أبو القاسم الطبراني (المتوفى: ٣٦٠هـ)، الناشر: دار الحرمين – القاهرة، مصر، ج: ١، ص: ٦٧، رقم الحديث: ١٨٨)

**ترجمہ:** حضرت ابوہریرہ اور حضرت جابر بن عبد اللہ سے مروی ہے کہ رسول اللہ ﷺ نے ارشاد فرمایا: علی بن ابی طالب قیامت کے دن میرے حوض کے مالک ہوں گے۔

**ઉપરોકત હદીષ શરીફનો ગુજરાતી અનુવાદ :-**

**‘હઝરત અબૂ હુરૈરા અને હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ રદીઅલ્લાહો તઆલા અન્હુમાથી રિવાયત છેકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યું કે અલી ઈબ્ને તાલિબ કયામતના દિવસે મારા હૌઝના માલિક હશે.’**

**હવાલો :– ‘અલ–મોઅજમે–અવસત’** (અરબી) સંપાદક :- સુલયમાન બિન અહમદ તિબ્રાની, ઈન્તેકાલ :- હિ.સ. ૩૬૦, પ્રકાશક :- દારૂલ હરમૈન, કેરો - ઈજીપ્ત, **જિલ્દ નં. ૧, પેઈજ નં. ૬૭, હદીષ નં. ૧૮૮.**

**બ હવાલા :– ‘મતલઉલ–કમરૈન’**, લેખક:- આ’લા હઝરત, **પે.– ૭૨**



## હદીષ :- ૮

**હઝરત ઉમરનું કથન :–**

# ‘હઝરત અલીને અર્પણ થએલી ત્રણ વિશિષ્ટતાઓ માંથી જો મને ફકત એક જ અર્પણ થઈ હોત તો મારા આનંદની સીમા ન હોત’

قَالَ عُمَرُ بْنُ الْخَطَّابِ: "لَقَدْ أُوتِيَ عَلِيُّ بْنُ أَبِي طَالِبٍ ثَلَاثَ خِصَالٍ لَأَنْ تَكُونَ لِي وَاحِدَةٌ مِنْهُنَّ أَحَبُّ إِلَيَّ مِنْ حُمْرِ النَّعَمِ: زَوَّجَهُ ابْنَتَهُ فَوَلَدَتْ لَهُ، وَسَدَّ الْأَبْوَابَ إِلَّا بَابَهُ، وَأَعْطَاهُ الْحَرْبَةَ يَوْمَ خَيْبَرَ"

**حوالہ:** الكتاب: الكتاب المصنف في الأحاديث والآثار، المؤلف: أبو بكر بن أبي شيبة، عبد الله بن محمد بن إبراهيم بن عثمان بن خواستي العبسي (المتوفى: ٢٣٥هـ) الناشر: مكتبة الرشد – الرياض، ج: ٦ ص: ٣٦٩، رقم الحديث: ٣٢٠٩٩)

**ترجمہ:** حضرت عمر بن خطاب رضی اللہ عنہ کہتے ہیں: حضرت علی بن ابی طالب کو تین (٣) ایسی خصلتیں عطا ہوئیں کہ اگر میرے لئے ان میں سے ایک بھی ہوتی تو سرخ اونٹوں سے زیادہ محبوب ہوتی۔ (١) اپنی بیٹی ان کی زوجیت میں دی، (٢) اور سب کے لئے دروازہ (مسجد کا) بند کر دیا سوائے علی کے، (٣) اور ان کو جنگ خیبر کے دن علم عطا کیا۔

## ઉપરોકત અરબી ઈબારતનો ગુજરાતી અનુવાદઃ-

**'હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ રદીઅલ્લાહો અન્હો ફરમાવે છે કે :- હઝરત અલી ઈબ્ને અબી તાલિબને ત્રણ (૩) વિશિષ્ટતાઓ એવી અર્પણ કરવામાં આવી છે કે જો તેમાંની એક (૧) પણ મને અર્પણ થઈ હોત મને લાલ ધારીવાળા ઊંટો ની પ્રાપ્તિથી પણ વધુ પ્રિય હોત. (૧) પોતાની પુત્રીને તેઓના નિકાહમાં આપી (૨) બધા માટે મસ્જિદના દરવાજાઓ બંધ પણ હઝરત અલી માટે ખુલ્લા (૩) જંગે ખૈબરના દિવસે ઈસ્લામી લશ્કરનો અલમ (ઝંડો) તેઓને અર્પણ થયો'**

<u>હવાલો :-</u> **'અલ-મુસન્નફ-ફીલ-અહાદીષે-વલ-આષાર'** (અરબી) સંપાદક :- અબુબક્ર બિન અબી શયબહ, અબ્દુલ્લાહ બિન મુહમ્મદ બિન ઈબ્રાહીમ બિન-ઉસ્માન, ઈન્તેકાલ, હિ.સ. ૨૩૫. પ્રકાશક :- મકતબા-અલ-રૂશદે-રિયાધ (સાઉદી અરેબીયા) **જિલ્દ નં. ૬, પેઈજ નં. ૩૬૯, હદીષ નં. ૩૨૦૯૯**

<u>બ હવાલા :-</u> **'મતલઉલ-કમરૈન'**, લેખક : આ'લા હઝરત, **પે.- ૭૪**

<u>નોટ</u> **(૧)** ચૌદસો (૧૪૦૦) વર્ષ પહેલા જયારે વાહન વહેવારના યાંત્રિક પરિવહનો ન હતા ત્યારે પ્રવાસ માટે ઘોડા, ઊંટ, ખચ્ચર, ગધેડા વગેરેનો ઉપયોગ કરવામાં આવતો હતો. રણપ્રદેશમાં ઊંટની સવારી પસંદ કરવામાં આવતી ઊંટોની પણ અનેક જાતિઓ હતી. ઊંટોમાં લાલ મોઢાવાળા ઊંટની ઘણી અગત્યતા અને મહત્વતા હતી. જો કોઈ વ્યકિતને લાલ મોઢા વાળો ઊંટ ભેટ સ્વરૂપે આપવામાં આવતો, તો તેના આનંદની સીમા નહોતી રહેતી, તેટલો આભારવશ બની જતો. ઉપરોકત હદીષમાં



હઝરત ઉમરે ફારૂક રદીઅલ્લાહો અન્હોએ અરબસ્તાનની વર્ણનીય પ્રચલિત પ્રથાને અનુલક્ષીને આ વાકય ઉચ્ચારેલ છે.

**(૨)** 'હાલતે-જનાબત' એટલે કે ગુસ્લ (સ્નાન) કરવું વાજિબ હોય, તેવી હાલતમાં મસ્જિદમાં પ્રવેશવું સખ્ત મના છે. ફકત હઝરત અલીને આ મનાઈમાંથી મુકિત (Deliveronce) હતી. તે બાબત પ્રત્યે હઝરત ઉમરે સંકેત આપ્યો છે કે મસ્જિદનો દરવાજો હાલતે જનાબતમાં હઝરત અલી સિવાયના અન્યો માટે બંધ છે.

# 'હઝરત અલીની અકીદત અને મહોબ્બતના સમુદ્રમાં ગળાડૂબ આ'લા હઝરત'

**મૌલા-એ-કાએનાત, હઝરત અલી** રદીઅલ્લાહો તઆલાઅન્હોની સાચી અકીદત અને મહોબ્બતના ઉછળતા સમુદ્રના હિલોળા લેતા સંવેદનશીલ મોજાઓ ના પ્રતિઘોષ રૂપે **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહક્કિક બરેલ્વી** એ પોતાની લાગણી અને મનોભાવની જે મોહક, સુંદર, રોચક, આકર્ષક અને આનંદપ્રદ ઉર્મિલ શ્રધ્ધા નિરાલા અને અનોખા અંદાઝમાં વ્યકત કરી છે, તેના વાંચનથી 'હુબ્બે અલી'નો દરેક મતવાલો અવશ્ય હર્ષિલ અને પ્રસન્ન બની જશે.

**હઝરત અલી** રદીઅલ્લાહોની અઝમત, મહત્વતા, અગ્રતા, અગત્યતા અને વિશિષ્ટતા અંગેની હદીષોનું સંક્ષિપ્ત માં પોતાની આધારભૂત કિતાબ **'મતલઉલ-કમરૈન-ફી-એબાનતે-સબ્કતિલ-ઉમરૈન'** માં વર્ણન કર્યુ છે. તેમાંથી ફકત આઠ (૮) હદીષો વાંચકોની સેવામાં રજૂ કરવામાં આવી

છે. તે આઠ (૮) હદીષો ઉપરાંત અન્ય હદીષોનું વર્ણન કર્યા બાદ **આ'લા હઝરતે** તે હદીષોને અનુલક્ષીને તેના અનુસંધાને **હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોની અકીદતના જે વાકયો લખ્યા છે અને તેમાં અકીદતના જે મનોભાવ વ્યકત કર્યા છે, તે વાકયોનો દરેક શબ્દ અમૂલ્ય અને પાણીદાર હીરાની જેમ ઝળહળાટ અને ઝગમગાટ મારે છે.

# 'હઝરત અલીની શાનમાં આ'લા હઝરતની કલમથી ટપકેલા અકીદતના હીરા-મોતી '

**મૌલા-એ-કાએનાત, હઝરત અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો તઆલા અન્હોની શાનમાં ઈમામે એહલે સુન્નત, **આ'લા હઝરત** અલૈહે-રહમતુંવ-વ-રિદવાને પોતાની કિતાબ **'મતલઉલ-કમરૈન'**માં અકીદત અને મહોબ્બતથી લખેલા વાકયોની એક ઝલક વાંચકોની જાણકારી માટે અત્રે રજૂ છે :-

| નં. | કિતાબની મૂળ ઈબારત, લિપીયાંતર, ગુજરાતી અનુવાદ | પે. નં. |
|---|---|---|
| ૧ | **કિતાબની અસલ ઈબારત** | ૪૨ |

رسول اللہ صلی اللہ علیہ وآلہ وسلم نے ان سے مواخات کی۔ علو نسب وشرافت صہر میں سب پر برتری ملی۔ جہادستانی ولشکر شکنی تھی کہ قوت الٰہی کا نمونہ روئے انور کی تاب وتجلی تھی کہ عارض ایمان کا گلگونہ تلوار تھی یا چہرۂ اسلام کی ڈھال۔ اور بازو تھے کہ زور نبوی کی تمثال۔ انہیں بازوؤں نے در خیبر اکھیڑ کر سپر بنایا اور اسد اللہ الغالب لقب پایا۔



## લિપીયાંતર

- ⊙ **રસૂલુલ્લાહ ને ઉન કે સાથ મુવાખાત કી.**
- ⊙ **ઉલુવે નસબ વ શરાફતે સહર મેં સબ પર બરતરી મિલી.**
- ⊙ **જેહાદ સતાની વ લશ્કર શિકની થી કે કુવ્વતે ઈલાહી કા નમૂના.**
- ⊙ **રૂએ અન્વર કી તાબો-તજલ્લીથી કે આરિઝે ઈમાન કા ગુલગુના.**
- ⊙ **તલવાર થી યા ચેહરએ ઈસ્લામ કી ઢાલ.**
- ⊙ **બાજૂ થે કે ઝોરે નબ્વી કી તમષાલ.**
- ⊙ **ઈન્હી બાઝૂઓં ને દરે ખૈબર ઉખેળ કર સિપર બનાયા ઔર 'અસદુલ્લાહિલ-ગાલિબ' લકબ પાયા.**

## ગુજરાતી અનુવાદ

- ⊙ **રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે તેઓની સાથે ભાઈચારો વ્યકત કર્યો.**
- ⊙ **ઉચ્ચ ખાનદાન અને સંસ્કારી જમાઈ હોવામાં બધાથી અગ્રતા પ્રાપ્ત થઈ.**
- ⊙ **યુધ્ધ વિજય અને શત્રુના સૈન્યનું કચ્ચરઘાણ કાઢી નાખવામાં ખુદાની શકિતનું દ્રષ્ટાંત.**
- ⊙ **નૂરાની ચહેરાની ચમક અને રોશની હતી કે ઈમાનના ચહેરાનું સૌંદર્ય ?**
- ⊙ **તલવાર તો જાણે ઈસ્લામના અસ્તિત્વના રક્ષણ માટેની ઢાલ.**
- ⊙ **બાજુ (ખભા) તો નબ્વી શકિતનું ઉદાહરણ કે તે બાઝુઓ (હાથો) એ ખૈબર ના કિલ્લાનો દરવાજો ઉખેડીને તેને ઢાલ બનાવી, અને અલ્લાહના વિજયી સિંહનું બિરૂદ મેળવ્યું.**

| ૨ | કિતાબની અસલ ઈબારત | ૬૭ |
|---|---|---|

ہاں وہ علی ہے محبوب خدا ومطلوب مصطفیٰ صلی اللہ علیہ وسلم۔ ہاں وہ علی مرتضیٰ ہے مصطفیٰ کی شاخ اور آل مصطفیٰ کی جڑ صلی اللہ علیہ وسلم۔ ہاں وہ علی ہے ابوالائمۃ الطاہرین کرم اللہ تعالیٰ وجہہ۔

## લિપીચાંતર

⊙ હાં, વો અલી હૈ મહેબૂબે ખુદા વ મત્લૂબે મુસ્તફા (સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ)

⊙ હાં, વો અલી મુર્તઝા હૈ મુસ્તફા કી શાખ ઔર આલે મુસ્તફા કી જડ (સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ)

⊙ હાં, વો અલી હૈ અબુલ અઈમ્મતે તાહેરીન (કર્રમલ્લાહો તઆલા વજહહુલ-કરીમ)

## ગુજરાતી અનુવાદ

⊙ હા, તે અલી છે ખુદાનો મહેબૂબ અને મુસ્તફા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો મત્લૂબ એટલે ઈચ્છનીય/અપેક્ષિત.

⊙ હા, તે અલી છે જે પ્યારા નબીની શાખ અને આલે નબીની જડ એટલે કે મૂળ છે.

⊙ હા, તે અલી છે જે પવિત્ર ઈમામોના પિતા છે.

| ૩ | કિતાબની અસલ ઈબારત | ૬૮ |
|---|---|---|

ہاں وہ علی ہے سید الابرار وقاتل الکفار رضی اللہ تعالیٰ عنہ۔ ہاں وہ علی ہے بالامنزلت والامرتبت کرم اللہ تعالیٰ وجہہ۔



## લિપીચાંતર

⊙ હાં, વો અલી હૈ સય્યેદુલ અબ્રાર વ કાતિલે કુફ્ફાર રદીઅલ્લાહો અન્હો.

⊙ હાં, વો અલી હૈ બાલા મન્ઝિલત-વાલા મરતબત કર્રમલ્લાહો તઆલા વજહહુ.

## ગુજરાતી અનુવાદ

⊙ હા, તે અલી છે જે વલીઓના સરદાર અને કાફિરોને કતલ કરનાર છે. રદીઅલ્લાહો તઆલા અન્હો.

⊙ હા, તે અલી છે જે બહુ જ ઉચ્ચ સ્થાને સ્થાયી છે અને બહુ જ બુલંદ મરતબા વાળા છે. કર્રમલ્લાહો તઆલા વજહહુલ-કરીમ

| ૪ | કિતાબની અસલ ઈબારત | ૬૯ |
|---|---|---|

ہاں وہ علی ہے برادر احمد خلیفہ امجد رضی اللہ تعالیٰ عنہ۔ ہاں وہ کون ہے؟ جو تمام مسلمانوں کا مولا بنا اور بتا کیدا کید ارشاد ہوا: جس کا میں مولا اس کا یہ مولا۔ ہاں وہ علی ہے امیر المؤمنین مولیٰ المسلمین کرم اللہ تعالیٰ وجہہ۔ ہاں وہ علی ہے حرز اسلام وشیر ضرغام رضی اللہ تعالیٰ عنہ۔

## લિપીચાંતર

⊙ હાં વો અલી હૈ, બિરાદરે અહમદ ખલીફ-એ-અમજદ રદીઅલ્લાહો તઆલા અન્હો.

⊙ હાં, વો કૌન હૈ ? જો તમામ મુસલમાનો કા મૌલા બના ઔર

બ–તાકીદે અકીદ ઈર્શાદ હુવા : જિસકા મૈં મૌલા ઉસ કા યે મૌલા.

- ⦿ હાં, વો અલી હૈ અમીરૂલ મોઅમેનીન મૌલલ મુસ્લેમીન કર્રમલ્લાહો તઆલા વજહહુ.
- ⦿ હાં, વો અલી હૈ હિર્ઝે ઈસ્લામ ઔર શૈરે ઝરગામ–રદીઅલ્લાહો તઆલા અન્હો.

## ગુજરાતી અનુવાદ

- ⦿ હા, તે અલી છે, જે અહમદ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમના ભાઈ અને તેજસ્વી ખલીફા રદીઅલ્લાહો તઆલા અન્હો.
- ⦿ હા, તે કોણ છે? જે સમગ્ર મૂસ્લિમોનો મૌલા (આકા) બન્યો અને જેના માટે કડક સુચના આપતા ફરમાવ્યું કે જેનો હું મૌલા તેના આ (અલી) મૌલા.
- ⦿ હા, તે અલી છે જે અમીરૂલ મોઅમેનીન મૌલલ મુસ્લેમીન – કર્રમલ્લાહો તઆલા વજહહુ
- ⦿ હા, તે અલી છે. જે હિર્ઝેઈસ્લામ એટલે કે ઈસ્લામનો પ્રિય રક્ષક અને દુશ્મનને ફાડી ખાનારો સિંહ છે. રદીઅલ્લાહો તઆલા અન્હો.

| ૫ | કિતાબની અસલ ઈબારત | ૭૦ |
|---|---|---|

ہاں وہ کون ہے؟ مصطفی صلی اللہ علیہ وآلہ وسلم نے اپنی مسجد اقدس میں بحالت جنابت گزرنا اپنے لیے جائز رکھا یا اس کے لیے۔ ہاں وہ علی ہے طاہر اطہر اعطر کرم اللہ تعالیٰ وجہہ۔ ہاں وہ علی ہے آفتاب



مکارم ماہتاب بنی ہاشم رضی اللہ تعالیٰ عنہ۔ فاروق جیسا خلیفہ بلندرتبہ پناہ مانگے اس قضیہ دشوار سے جس میں وہ حاضر نہ ہو۔ بارہا کہے اگر وہ نہ ہوتا تو عمر ہلاک ہوجاتا۔ ہاں وہ علی ہے صاحب رائے ثاقب وفکر صائب کرم اللہ تعالیٰ وجہہ۔

## લિપીયાંતર

- ⦿ હાં, વો કૌન હૈ? મુસ્તફા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને અપની મસ્જિદે અકદસ મેં બ–હાલતે–જનાબત ગુઝરના અપને લીયે જાઈઝ રખા યા ઉસ (અલી) કે લીયે – હાં, વો અલી હૈ તાહિર, અત્હર, અઅતર કર્રમલ્લાહો વજહહુ–
- ⦿ હાં, વો અલી હૈ આફતાબે મકારિમ, માહતાબે બની હાશિમ રદીઅલ્લાહો તઆલા અન્હો.
- ⦿ ફારૂક જૈસા ખલીફ–એ–બુલંદ રૂત્બા પનાહ માંગે ઉસ કઝીયએ–દુશ્વાર સે જિસ મે વો (અલી) મૌજૂદ ન હો, બારહા કહે અગર વો (અલી) ન હોતા, ઉમર હિલાક હો જાતા.
- ⦿ હાં, વો અલી હૈ, સાહિબે રાએ ષાકિબ વ ફિક્રે સાઈબ – કર્રમલ્લાહો તઆલા વજહહુ.

## ગુજરાતી અનુવાદ

- ⦿ હા, તે કોણ છે? મુસ્તફા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે પોતાની અતિ પવિત્ર મસ્જિદમાં ગુસલની હાજત હોય તેવી હાલતમાં પસાર થવું ફક્ત સ્વયં પોતા અને તેના (અલી) માટે જાઈઝ રાખ્યું.
- ⦿ હા, તે અલી છે જે પવિત્ર, અતિ–પવિત્ર અને અતિ સુગંધિત મહેકવાળા.

⊙ હા, તે અલી છે, જે ઉચ્ચ સંસ્કારનો સુર્ય અને ખાનદાને બની હાશિમનો ચંદ્રમા છે.

⊙ ફારૂક જેવો બુલંદ દરજ્જાનો ખલીફા એવા વિવાદીત મામલાથી પનાહ માંગે જેમાં તે (અલી) ઉપસ્થિત ન હોય – અનેક વખત એવું કહે કે જો તે (અલી) ન હોત, તો ઉમર તબાહ થઈ જાત.

⊙ હા, તે અલી છે, જે ચમકદાર અભિપ્રાય અને ચોકકસ નિર્ણય શકિતવાળા છે – કર્રમલ્લાહો વજહહુ.

| ૬ | કિતાબની અસલ ઈબારત | ૭૧ |
|---|---|---|

ہاں وہ کون ہے؟ کس شیر شرزہ نے غضبناک ہوکر سپر ہاتھ سے گرائی ہے تو خیبر جیسے قلعہ کا دروازہ اکھیڑ کر سپر بنایا ہے۔ جس کے زور بازو کا ملاء اعلی میں شور پڑ گیا ہے۔ ہاں وہ علی ہے اسد حیدر ضیغم غضنفر رضی اللہ تعالیٰ عنہ۔

## લિપીયાંતર

⊙ હાં, વો કૌન હૈ? કિસ શૈરે શરઝા ને ગઝબનાક હો કર સિપર હાથ સે ગિરાઈ હૈ, તો ખૈબર જેસે કિલ્એ કા દરવાઝા ઉખેડ કર સિપરબનાયા.

⊙ જિસ કે ઝોરે બાઝુ કા મલએ–આલા મેં શોર પડ ગયા.

⊙ હાં, વો અલી હૈ, અસદ, હયદર, ઝયગમ, ગઝનફર રદીઅલ્લાહો અન્હો.



## ગુજરાતી અનુવાદ

⊙ હા, તે કોણ છે? કયા ગર્જના કરતા સાવજે ક્રોધ ના આવેશમાં ઢાલ ને હાથ માંથી ફેંકી દીધી તો ખૈબર જેવા કિલ્લાનો દરવાજો ઉખેડી નાખી ને દરવાજાને ઢાલ બનાવી છે.

⊙ જેના બાઝુની શકિતની ફરિશ્તાઓમાં ધૂમ મચી છે.

⊙ હા, તે અલી છે, જે સિંહ છે, સાવજ છે, ફાડી ખાનારો સિંહ છે, બહાદુર સિંહ છે. રદીઅલ્લાહો તઆલા અન્હો.

| ૭ | કિતાબની અસલ ઈબારત | ૭૨ |
|---|---|---|

ہاں آج میدان احد میں کس صف شکن شمشیر زن شیر افگن نے تیغ شرر بار کی وہ بجلیاں چمکائی ہیں؟ کہ لشکر ظفر پیکر مصطفی صلی اللہ علیہ وآلہ وسلم میں منادی پکار رہا ہے: لا سیف الا ذوالفقار ولا فتی الا علی الکرار۔ ہاں وہ علی ہے شیر خدا بازوئے مصطفی صلی اللہ علیہ وآلہ وسلم۔

## લિપીયાંતર

⊙ હાં, આજ મૈદાને ઓહદ મેં કિસ સફ શિકન શમ્શીરઝન, શૈરે અફગન ને તૈગે શરર–બાર કી વો બિજલિયાં ચમકાઈ હૈં? કે લશ્કરે ઝફર પૈકરે મુસ્તફા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ મેં મુનાદી પુકાર રહા હૈ કે 'લા–સયફા–ઈલ્લા–ઝુલ્ફિકાર – લા – ફતા – ઈલ્લા – અલીયીલ–કર્રાર'

⊙ હાં, વો અલી હૈ શૈરે ખુદા, બાઝુ – એ – મુસ્તફા સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ.

## ગુજરાતી અનુવાદ

⊙ હા, આજે જંગે ઓહદના મેદાનમાં એવો કોણ છે જે શત્રુ સૈન્યની કતારો (Rank) છિન્ન ભિન્ન કરી નાખે, તલવાર વીંઝનારો અને શત્રુ ના સાવજ ને પણ પાડી દેનારો એવો કોણ છે કે જેણે આગ ઝરતી તલવારની વિજળીઓ ચમકાવી છે?

⊙ હંમેશા વિજયી થનારા મુસ્તફા જાને રહમત સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સૈન્યના મુનાદી એટલે કે ઢંઢેરો પીટનારો એવું પોકારી રહયો છે કે 'લા–સયફા–ઈલ્લા–ઝુલ્ફિકાર – લા – ફતા – ઈલ્લા – અલીયીલ – કર્રાર' એટલે કે ઝુલ્ફિકાર જેવી કોઈ તલવાર નહી અને દુશ્મનોને ભગાડનાર અલી જેવો કોઈ શૂરવીર નહી.

⊙ હા, તે અલી છે, શૈરે ખુદા અને મુસ્તફા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો બાઝુ.

| ૮ | કિતાબની અસલ ઈબારત | ૭૨ |
|---|---|---|

ہاں وہ کون ہے؟ جسے روز قیامت ساقی کوثر بنائیں گے اور اس کے ہاتھ سے تشنگان امت کو سیراب فرمائیں گے۔ ہاں وہ علی ہے ابر سخاوت بحر کرامت کرم اللہ تعالیٰ وجہہ۔

## લિપીયાંતર

⊙ હાં, વો કૌન હૈ ? જિસે રોઝે કયામત સાકીએ કૌષર બનાએંગે ઔર ઉસકે હાથ સે તિશ્નગાને ઉમ્મત કો સૈરાબ ફરમાએંગે ?

⊙ હાં, વો અલી હૈ અબ્રે સખાવત બહરે કરામત. કર્રમલ્લાહો તઆલા વજહહુ.



## ગુજરાતી અનુવાદ

⊙ હા, તે કોણ છે? જેને કયામતના દિવસે કૌષરના હોજથી પાણી વિતરણ કરનાર બનાવવામાં આવશે અને જેમના હાથથી ઉમ્મતના તરસ્યાઓની તરસ છિપાવવામાં આવશે?

⊙ હા, તે અલી છે, સખાવત વરસાવતું વાદળ અને કરામતો નું સમુદ્ર–કર્રમલ્લાહો વજહહુ.

| ૯ | કિતાબની અસલ ઈબારત | ૭૩ |
|---|---|---|

ہاں وہ علی ہے ہادی کریم وصراط مستقیم رضی اللہ تعالیٰ عنہ۔ اے رضائے دل افگار! ہماری تو جان زار اس ماہروے گل عذار و گل روئے ماہ رخسار کی ہر ادائے شیریں پر نثار جو فاطمہ جیسی دولہن کا دولہا بنا۔

## લિપીયાંતર

⊙ હાં, વો અલી હૈ હાદિયે–કરીમ–વ–સિરાતે મુસ્તકીમ રદીઅલ્લાહો તઆલા અન્હો.

⊙ એ રઝાએ દિલ ઉફગાર ! હમારી તો જાને ઝાર ઉસ માહ–રૂએ ગુલએઝાર વ ગુલ રૂએ માહ રૂખ્સાર કી હર અદાએ શીરીં પર નિષાર જો ફાતેમા જેસી દુલ્હન કા દુલ્હા બના.

## ગુજરાતી અનુવાદ

⊙ હા, તે અલી છે, જે દયાળુ માર્ગદર્શક સત્ય ના સીધા પંથનો છે.

⊙ એ ઝખ્મી દિલ અહમદ રઝા! મારી ફરિયાદી જાન તે ફૂલ જેવા અને ચાંદ જેવા ગાલ ની દરેક મધૂર અદા ઉપર ન્યોછાવર, જે ફાતેમા જેવી દુલ્હન નો દુલ્હો બન્યો.

# ‘આને કહેવાય સાચી અકીદત’

**આ’લા હઝરત ઈમામ અહમદ રઝા** પોતાની અદ્વીતીય કિતાબ **‘મતલઉલ–કમરૈન’** ના **પેઈજ નં. ૭૪** સુધી હદીષોના અનુસંધાને **મૌલા–એ–કાએનાત, હઝરત અલી શૈરે ખુદા, મુશ્કિલ કુશા** રદીઅલ્લાહો તઆલા અન્હો પ્રત્યેની પોતાની હાર્દિક ભાવનાઓ વ્યકત કરીને જે અકીદત, મહોબ્બત, લાગણી, શ્રધ્ધા, મનોભાવ, ઉર્મિલ લાગણી, લગાવ, પ્રેમ, સ્નેહ અને હેતની લાગણીભર્યા અને અકીદતના અમૃતજળ ટપકતા વાકયોમાં અક્ષરોના મૂલ્યવાન હીરા-મોતનીના સંયોજન દ્વારા બનાવેલા શબ્દોને પરોવીને ઝગારા મારતું જે અલંકારિત ઘરેણું બનાવ્યું છે, તે એહલે ઈમાન માટે અફર **‘હુબ્બે અલી’** નું ભાથું છે.

પોતાના અનુયાયીઓ અને સ્નેહીઓને **હઝરત અલી** ની મહાનતા, વિશિષ્ટતા, ભવ્યતા, અગ્રતા અને મહત્વતા પ્રત્યે સજાગ, સર્તક અને જાગૃત બનાવી **‘હુબ્બે અલી’** ના ઉછાળા મારતા મહાસમુદ્રમાં હિલોળા મારવાની પ્રેરણા અને ઉત્તેજન આપતાં **પેઈજ નં. ૭૫** ઉપર ફરમાવે છે કે :-

اے عزیز! صوفیہ کے دل سے پوچھ جو احسانات ان پر اس جناب آسمان قباب کے ہیں۔ خدا تک وصول بے انکا دامن پکڑے محال، اور راہ سلوک میں قدم رکھنا بے ان کی عنایت و اعانت کے خام خیال، تکمیل و ارشاد باطنی کا سہرا اسی نوشاہ بزم عرفان کے سر ٹھہرا۔ غوث و قطب و ابدال و اوتاد اسی سرکار کے محتاج، اور طالبان وصل الٰہی کو اسی بارگاہ کی جبیں سائی معراج۔

سوالی جس کے در کا ہر ولی ہے ۔ علی ہے ہاں علی ہے ہاں علی ہے۔



## ઉપરોકત ઉર્દૂ ફકરાનું લીપિયાંતર :-

**‘એ અઝીઝ! સૂફિયા કે દિલ સે પૂછ – જો એહસાનાત ઉન પર ઈસ જનાબ આસમાન કે બાબ કે હૈં, ખુદા તક વુસૂલ બે– ઈન્કા દામન પકડે મુહાલ ઔર રાહે સુલૂક મેં કદમ રખના બે–ઈન્કી ઈનાયતો એઆનત કે ખામ ખયાલ, તકમીલો ઈર્શાદે બાતેની કા સહેરા ઈસી નૌશાહે બઝમે ઈરફાન કે સર ઠહેરા. ગૌષો કુતુબો અબ્દાલો અવતાદ ઈસી સરકાર કે મહોતાજ ઔર તાલિબાને વસ્લે ઈલાહી કો ઈસી બારગાહ કી જબી સાઈ મેઅરાજ.’**

સવાલી જિસ્કે દર કા હર વલી હૈ,
અલી હૈ, હાં અલી હૈ, હાં અલી હૈ

## ઉપરોકત લીપિયાંતરનો ગુજરાતી અનુવાદ :-

**‘એ પ્રિય ! સૂફિઓના દિલથી પૂછ – જે ઉપકારો તેમના ઉપર તે જનાબ (હઝરત અલી) ગુંબદોવાળા આકાશના છે. ખુદા સુધી પહોંચવું તેઓનું દામન થામ્યા વગર અશકય અને ‘રાહે સૂલૂક’ એટલે કે અલ્લાહ તઆલાની સમીપતા પ્રાપ્ત કરવાના પંથે ડગ માંડવા તેઓની શુભેચ્છા, તરફેણ અને સહાય વગર ભ્રમ અને ખોટી કલ્પના છે. અંતર જ્ઞાનના સંકેતો અને પૂર્ણતાનો સેહરો (જશ) અંતરજ્ઞાન પ્રાપ્તિ ઈચ્છુકોના સમુહના દુલ્હાના માથે જ બંધાયો, ગૌષ, કુતુબ, અબ્દાલ અને અવતાદ (વલીઓનો ખાસ દરજ્જો) આ બધા અલી સરકાર ના મોહતાજ છે. અલ્લાહ તઆલા સુધી પહોંચવા માટેના ઈચ્છુકો માટે આ બારગાહની ‘જબી સાઈ’ એટલે કે માથું ટેકવું મેઅરાજ છે.’**

સવાલી જિસ્કે દર કા હર વલી હૈ,
અલી હૈ, હાં અલી હૈ, હાં અલી હૈ

હવાલો :- **‘મતલઉલ કમરૈન’** લેખક :- આ’લા હઝરત, **પેઈજ – ૭૫**

# ‘હુઝૂરે અકદસના અધિકૃત અને સત્તાધારી તરીકે હઝરત અલી સમગ્ર સૃષ્ટિના વહીવટકર્તા અને પ્રબંધક’

**આ’લા હઝરત, ઈમામ અહમદ રઝાખાં મુહક્કિક બરેલ્વી** રદીઅલ્લાહો તઆલા અન્હો પોતાની કિતાબ **‘મતલઉલ–કમરૈન’**ના **પેઈજ નં. ૭૫** ઉપર **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના ઈખ્તેયારો (અધિકારો) અને અલ્લાહ તઆલાની નિયાબત એટલે કે **અલ્લાહ તઆલા** ના પ્રતિનિધિ તરીકેના સત્તાધારી પ્રબંધક અને વહીવટકર્તા તરીકેના પોતાના અધિકારોનું વર્ણન કરતી હદીષ શરીફ નકલ ફરમાવી છે.

**عَنِ ابُنِ عُمر، عَنِ النبی صلی اللہ علیہ وآلہٖ وسلم قَال: اُوتیتُ مَقَاتِیح کُلَّ شَیٍٔ**

**حوالہ:** الکتاب: المعجم الکبیر المولف: لکیمان بن احمد بن احمد بن ایوب بن مطیر الخمی الشامی، ابو القاسم الطبرانی (المتوفی: ٣٦٠ھ) دار النشر: مکتبة ابن تیمیة - القاھرة، مصر، ج: ١٢ ص: ٣٦٠، رقم الحدیث: ١٣٣٤٤)

ترجمہ: حضرت عبداللہ بن عمر رضی اللہ عنہ سے مروی ہے کہ رسول اللہ صلی اللہ علیہ وآلہٖ وسلم نے فرمایا: مجھے ہر چیز کی کنجی عطا ہوئیں۔

**ઉપરોકત હદીષ શરીફનો ગુજરાતી અનુવાદ અને હવાલો :-**

**‘હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદીઅલ્લાહો તઆલા અન્હુમાથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે મને દરેક વસ્તુની ચાવી અર્પણ કરવામાં આવી.’**



<u>હવાલો :–</u> **‘અલ–મોઅજમે કબીર’** (અરબી), સંપાદક :- ઈમામ સુલયમાન બિન અહમદ બિન ઐયૂબ બિન મુતીર અલ-ખમી, શામી, અબૂલ કાસિમ તિબ્રાની, ઈન્તેકાલ :- હિ.સ. ૩૬૦, પ્રકાશક :- મકતબા ઈબ્ને તીમીયા - કૈરો (ઈજીપ્ત) **જિલ્દ નં. :– ૧૨, પેઈજ નં. ૩૬૦, હદીષ નં. ૧૩૩૪૪.**

ઉપરોક્ત હદીષ એ હકીકતનું નિર્દેશન કરે છે કે **અલ્લાહ તઆલાએ** પોતાના **મહેબૂબે આઝમ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને પોતાની ખાસ અતાથી સમગ્ર સૃષ્ટિ અને તેના સંચાલનનો અધિકાર આપી દીધો છે.

આ હદીષના અનુસંધાને **અલ્લામા કુસ્તલાની** ફરમાવે છે કે :-

**فھو صلی اللہ علیہ وآلہٖ وسلم وان تاخرت طینته، فقد عرفت قیمته، فھو خزانة السر، وموضع نفوذ الامر، فلا ینفذ امر یکون خلافه... ولیس لذاک الامر فی الکون صارف**

**حوالہ:** الکتاب: المواھب اللدنیة بالمنح المحمدیة، المولف: احمد بن محمد بن ابی بکر بن عبد الملک القسطلانی القتیبی المصری، ابو العباس، شھاب الدین (المتوفی: ٩٢٣ھ)، الناشر: المکتبة التوفیقیة، القاھرة-مصر، الجزء الاول، المقصد الاول، تشریف اللہ تعالی له صلی اللہ علیہ وآلہٖ وسلم، اصفحة: ٩٣،٩٤

ترجمہ: نبی صلی اللہ علیہ وآلہٖ وسلم آپ کے آخری نبی ہونے سے آپ کی عظمت عالم میں روشن ہوئی، آپ خزانہ راز ہیں اور انہیں کے توسط سے عالم کے سب کام نفاذ پائے ہیں، ان کے غیر سے نہ کوئی حکم نافذ ہو نہ ان کے سوا دوسرے سے کوئی نعمت خلق پر فائض ہو، جو چاہتے ہیں وہی ہوتا ہے، عالم میں کوئی ان کے ارادہ مشیت کا پیرنے والا نہیں۔

**ઉપરોકત અરબી/ઉર્દુ ઈબારતનો ગુજરાતી અનુવાદ :-**

'નબી-એ-અકરમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમનું અંતિમ નબી હોવામાં આપની ભવ્યતા સમગ્ર વિશ્વ સમક્ષ પ્રકાશિત થઈ. આપ ભેદો ના ખઝાના છે. આપના માધ્યમથી જ વિશ્વના કર્મો અસ્તિત્વમાં આવે છે. આપના સિવાય અન્ય કોઈથી કોઈનું હુકમ અમલમાં આવતું નથી કે અન્ય કોઈ દ્વારા માનવજાતને કોઈ નેઅમત પ્રાપ્ત થતી નથી. તેઓ જે ઈચ્છે છે તે પરિપૂર્ણ થઈને જ રહે છે. સમગ્ર વિશ્વમાં તેઓની ઈચ્છા અને સંકલ્પ બદલી નાખનાર કોઈ નથી.'

**હવાલો :- 'અલ-મવાહેબુલ-લદુન્યા-બિલ-મિન્હીલ-મુહમ્મદિયા'** (અરબી) સંપાદક :- ઈમામ અહમદ બિન મુહમ્મદ બિન અબીબક્ર બિન અબ્દુલ મલિક કુસ્તલાની, ઈન્તેકાલ :- હિ.સ. ૯૨૩, પ્રકાશક :- અલ-મકતબતુલ-તૌફીકિયા - કૈરો (ઈજીપ્ત) - **જિલ્દ નં. ૧, પેઈજ નં. ૩૯ અને ૪૦.**

ઉપરોક્ત હદીષ અને કિતાબ મવાહિબ ના ફકરાનું અર્થ, મકસદ અને મુરાદ પોતાની નાઅતોમાં શેઅર (પંક્તિ) માં જ સરળ અને આસાન સમજ અને સાર રૂપે **'ગાગરમાં સાગર'** કહેવતને સાર્થક કરીને **ઈમામે ઈશ્કો મહોબ્બત, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી** ફરમાવે છે કે :-

## ખાલિકે કુલ ને આપકો માલિકે કુલ બનાયા

**માલિકે કૌનેન હૈ, વો પાસ કુછ રખતે નહીં,**
**દો જહાં કી નેઅમતે હૈં, ઈન કે ખાલી હાથ મેં.**



**વહી નૂરે હક, વહી ઝિલ્લે રબ, હૈ ઉન્હી સે સબ, હૈ ઉન્હી કા સબ,**
**નહી ઈન કી મિલ્ક મેં આસમાં, કે ઝમીં નહીં કે ઝમાં નહી.**

**લૈકિન 'રઝા'ને ખત્મે સુખન ઈસ પે કર દિયા,**
**ખાલિક કા બંદા, ખલ્ક કા આકા કહૂં તુઝે.**

## હુઝૂરે અકદસ પછી તે સત્તા અને અધિકારો હઝરત અલીને પ્રાપ્ય :-

**માલિકે હકીકી રબ તબારક-વ-તઆલા** ની અતા, ફઝલો-કરમ અને ખાસ ઈનાયતથી સમગ્ર સૃષ્ટિના અતાઈ માલિકની સત્તા, અધિકાર અને સંચાલનના અધિકૃત **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે પોતાની નિગાહે ખાસ, નઝરે ઈનાયત, ચશમે કરમ, કૃપા દ્રષ્ટિ અને ફઝલો કરમથી પોતાની સત્તા, અધિકાર અને સંચાલન હેઠળની **સમગ્ર સૃષ્ટિ** મૌલા-એ-કાએનાત **હઝરત અલી શૈરે ખુદા** ને પ્રદાન અને અર્પણ ફરમાવી દીધી.

જેના અનુસંધાને **હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોની **વિશાળ સત્તાઓ, વિસ્તૃત અધિકારો** અને **વિશિષ્ટતાઓ** નું વર્ણન એક સાચા **'મુહિબ્બે-અલી'** અને **'ફના-ફિલ-અલી'** ની હેસીયતથી પ્રેમ, શ્રધ્ધા અને ઉર્મિઓથી છલોછલ અને તરબતર વાકયોમાં **આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી** રદીઅલ્લાહો અન્હો એ કર્યુ છે, તેના દ્વારા આપના દિલમાં રહેલી મૌલા-એ-કાએનાતની અસીમ પ્રેમ ભાવનાનો પડઘો પડે છે.

پھر حضور کی بارگاہ میں یہ سرکار خطیر و منصب جلیل حضرت مولیٰ علی کرم اللہ تعالیٰ وجہہ کو مرحمت ہوا، تمام اقطاب عالم اس جناب کے زیر حکم مدبرات الامر میں، سروروں پر سروری، افسروں پر افسری، جملہ احکام عزل و نصب و عطا و منع و کن و مکن انہیں کی سرکار والا اقتدار سے شرف امضا پاتے ہیں۔

یہی وجہ ہے کہ حاجت مندان عالم اپنے مطالب و مقاصد میں ان سے استمداد کرے اور آستان فیض نشان پر سر ارادت دھرتے ہیں، یہاں تک کہ عرف مسلمانان میں مولا مشکل کشا اس جناب کا نام ٹھہرا، اور "ناد علیا مظہر العجائب" کا غلغلہ سمک سے سماک تک پہنچا۔

## ઉપરોકત ઉર્દૂ ઈબારતનો ગુજરાતી અનુવાદ :-

**'પછી હુઝૂરે અકદસની બારગાહ આ ભવ્ય અને ભગીરથ કાર્ય અને મહાન હોદ્દો હઝરત અલી કર્રમલ્લાહો વજહહુ ને અર્પણ થયો. સમગ્ર વિશ્વના બધા કુતુબો (ઔલિયાનો એક પ્રકાર) તેઓ ના આદેશ અને નિયંત્રણ હેઠળ છે. બાદશાહો ઉપર બાદશાહી, અધિકારો ઉપર અધિકાર, વહીવટી ક્ષેત્રના દરેક કાર્યો જે પ્રગતિ કે પડતી કે અર્પણતા કે વંચિતતા અથવા કરવું કે ન કરવું, એ બધું આપની પરવાનગી ની મહોર (Seal) લાગ્યા પછી જ અસ્તિત્વમાં આવે છે.**

**જેથી જ સમગ્ર વિશ્વના હાજતમંદો પોતાની દરેક જરૂરિયાતો અને ધ્યેયોમાં તેઓની સહાય માંગે છે. અને આપના ફૈઝ નિશાન એટલે કે સખાવત વિત્રક દ્વારે અકીદત નું માથું ટેકવે છે. ત્યાં સુધી કે મુસ્લિમ સંપ્રદાયમાં તેઓનું નામ 'મૌલા મુશ્કિલ કુશા' એટલે કે કષ્ટભંજક માલિક તરીકે પ્રચલિત બન્યું અને 'નાદે અલીયન – મઝહરલ – અજાઈબે' ની ધૂમ ની ધ્વનિ ધરતીથી આકાશ સુધી પહોંચી.'**

<u>હવાલો :–</u> **'મતલઉલ–કમરૈન'** - લેખક - આ'લા હઝરત, **પે.નં. ૭૬.**



# 'નાદે અલી'

સાચા આશિકે **મૌલા અલી શૈરેખુદા હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હો **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી** અલૈહિરહમતો-વર્રિદવાને **મૌલા–એ–કાએનાત હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોના ફુયૂઝો-બરકાત હાસિલ કરવા અને આપની મહોબ્બત અને અકીદતમાં દિન પ્રતિદિન વધારો થાય, તેવા નૈક આશયથી આલા-હઝરતે પોતાના ચાહકો અને અનુયાયીઓને ખાસ ભલામણ અને તાકીદ ફરમાવી છે. દુઆ નીચે આપી છે: -

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَادِ عَلِیًّا مَظۡھَرَ الۡعَجَآئِبِ تَجِدۡہُ عَوۡنًا لَّكَ

فِی النَّوَائِبِ کُلُّ ھَمٍّ وَّغَمٍّ سَیَنۡجَلِیۡ

وَبِنُبُوَّتِكَ یَا مُحَمَّدُ

وَبِوَلَایَتِكَ یَا عَلِیُّ یَا عَلِیُّ یَا عَلِیُّ

## ગુજરાતી લિપીયાંતર

**'બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

**''નાદે અલીય્યન – મઝહરલ – અજાઈબે – તજેદહૂ– અવનલ – લકા – ફીન – નવાઈબે – કુલ્લો – હમ્મિવ – વ – ગમ્મિન – સયન્જલી – બે – નબુવ્વતેકા – યા મુહમ્મદો – વ – બે– વિલાયતેકા – યા અલીય્યો – યા અલીય્યો – યા અલીય્યો''**

## 'દુઆ-એ-નાદે-અલી ની ફઝીલત'

શેહઝાદ-એ-રસૂલ, હાદી-યે-સાદાતે કિરામ, કાઈદે અહલે બયઅત, હામી-એ-શરીઅત, માહિયે બિદઅત વ દલાલત, મંબએ ફુયૂઝો બરકાત, **હઝરત ઈમામ જાફર સાદિક** રદીઅલ્લાહો તઆલા અન્હો એ નાદે-અલી ના **પંદર (૧૫)** ફાયદાઓ વર્ણન ફરમાવ્યા છે. ઈન્શાઅલ્લાહો તઆલા આ દુઆ નીચે વર્ણન કર્યા મુજબ પઢનારને **પંદર (૧૫)** ફાયદાઓ થશે અને **મૌલા–એ–કાએનાત, હઝરત મૌલા અલી, મુશ્કિલ કુશા** રદીઅલ્લાહો તઆલા અન્હોના ફુયૂઝો બરકાત પ્રાપ્ત થશે અને **હઝરત અલી** ના સદકામાં તેની તમામ જાઈઝ મુરાદો પૂરી થશે અને આવેલી તથા આવનારી તમામ મુસીબતો ખત્મ થઈ જશે.

## 'નાદે અલી ના પંદર (૧૫) ફાયદાઓ'

(૧) ગમે તેવી મોટી આફત અને મુસીબત હોય, આ દુઆ દરરોજ **એકતાલીસ (૪૧)** વખત પઢે. ઈન્શાઅલ્લાહ તેની તમામ મુસીબતો ઝડપથી દૂર થઈ જશે અને આસાની હાસિલ થશે અને આફતોથી છુટકારો પ્રાપ્ત થશે.



(૨) કોઈ પણ જાઈઝ મકસદ અને મુરાદની પ્રાપ્તી માટે આ દુઆ દરરોજ **છાસઠ (૬૬)** વખત મકસદની પ્રાપ્તિ સુધી નિયમિત પઢે. તાત્કાલિક મંઝિલે મક્સૂદ સુધી પહોંચી જશે.

(૩) એવો બીમાર કે તેની બીમારીના કારણે હવે જીવવાની આશા છોડી દીધી હોય, તેવા બીમારને આ દુઆ દરરોજ **સાત (૭)** વખત પઢીને વરસાદના પાણી ઉપર દમ કરીને નિયમિત પીવડાવે, ઈન્શાઅલ્લાહ તાત્કાલિક સ્વાસ્થય અને તંદુરસ્તી પ્રાપ્ત થશે.

(૪) જે શખ્સને જિન્નાત અથવા આસેબની અડચણ હોય, તેને આ દુઆ દરરોજ **પંદર (૧૫)** વખત પાણી ઉપર દમ કરીને પાણીનો તેના શરીર ઉપર છંટકાવ કરવાથી તમામ તકલીફો અને અડચણો દૂર થઈ જશે.

(૫) **'હુબ'** એટલે કે પ્રેમપાત્ર વ્યકિત બનવા માટે આ દુઆને દરરોજ **સુડતાલીસ (૪૭)** વખત પઢીને પોતાની બન્ને હથેળીઓ ઉપર દમ કરીને (ફૂંકીને) બન્ને હથેળી સમગ્ર શરીર ઉપર ફેરવે. ઈન્શાઅલ્લાહ જેનાથી પણ વાતચીત કરશે તે પ્રભાવિત થશે અને તેના પ્રત્યે આકર્ષાઈ ને વશ થશે.

(૬) ગમે તેવો રંજ અને ગમ હોય કે દુઃખ ના ડુંગર તૂટી પડયા હોય, આ દુઆ દરરોજ **એક હઝાર(૧,૦૦૦)** વખત પઢે. અલ્લાહ તઆલાના ફઝલો કરમથી તમામ રંજ અને દુઃખ દૂર થઈ જશે.

(૭) જો કોઈ કામ માટે અથવા સગાઈનું માંગુ નાખવા, પોતાના પ્રતિનિધી ને કોઈની પાસે મોકલે અને બાહય સ્વરૂપે તે કામ અશકય લાગે, તો પોતાના પ્રતિનિધીના કાનમાં આ દુઆ **ત્રણ (૩)** વખત પઢીને દમ કરીને મોકલે. તે પ્રતિનિધી **આકા–એ–નેઅમત, હઝરત મૌલા અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોના સદકા અને તુફૈલમાં કામ્યાબ અને સફળ થઈને પરત આવશે.

(૮) કોઈના ઉપર ખોટો આરોપ લગાડીને તેની ધરપકડ કરી લેવામાં આવી હોય, તો તે બંદીવાન શખ્સ આ દુઆ દરરોજ **ચાલીસ (૪૦)** વખત પઢીને પોતાના શરીર ઉપર દમ કરે. ઈન્શાઅલ્લાહ બહુ જ જલ્દી તેને છુટકારો પ્રાપ્ત થશે અને તેના ઉપર લગાડવામાં આવેલો આરોપ ખોટો પુરવાર થશે.

(૯) પોતાના સગા વ્હાલા કે મિત્રો કે સબંધી પાસેથી કોઈ બાબત અંગે પત્ર મંગાવ્યો હોય અને તેમાં વિલંબ થયો હોય અને તે બાબત અંગેનો પત્ર કે સમાચાર કશું જ ન આવ્યું હોય, તો આ દુઆ ઈશાની નમાઝ પહેલા **(૬૫) વખત**, જવાબ જયાંથી મંગાવ્યો હોય તે દિશા તરફ મોઢુ કરીને પોતાના ઉપર દમ કરે. ઈન્શાઅલ્લાહ **ત્રણ (૩)** દિવસમાં પત્રનો જવાબ અથવા મૌખિક સમાચાર આવી જશે.

(૧૦) દૌલત, પ્રતિષ્ઠા, આબરૂ અને શાનો-શૌકત મેળવવા માટે આ દુઆ દરરોજ ફજરની નમાઝ પછી **એકાણું (૯૧)** વખત મુસલ્લા ઉપર બેસીને પઢે. થોડાક જ દિવસોમાં પરિસ્થિતિ એવી બદલાઈ જશે કે તેની ધારણા પણ નહીં કરી હોય. સોનાનો સૂરજ ઉગી નિકળશે. આ સુખ અને સમૃધ્ધિના દિવસોની કાયમી ધોરણે જાળવણી માટે આ દુઆ જીવન પર્યંત ઉપર મુજબ પઢે અને એક



દિવસ પણ દુઆ પઢવાનું ન ચુકે. સમય અને સ્થળ નકકી કરીને નકકી કરેલા સમય અને સ્થળે નિયમિત પાબંદીની સાથે આ દુઆ અચુક પઢતો રહે. જો સંજોગવસાત બહારગામ જવાનું થાય, તો જે મુસલ્લા ઉપર બેસીને દરરોજ પઢતો હોય, તે મુસલ્લો સાથે લઈ જાય અને બહારગામમાં પણ તે મુસલ્લા ઉપર બેસીને આ દુઆ પઢે.

(૧૧) અતિશય ધન અને પ્રતિષ્ઠાની પ્રાપ્તી માટે નિય્યત કરેલા સ્થળ અને સમયે આ દુઆ દરરોજ **પાંચસો (૫૦૦)** વખત પઢે. ટૂંક સમયમાં સફળતા મળશે અને તેની કિર્તી ચૌમેર ફેલાશે.

(૧૨) દુશ્મનને આજ્ઞાંકિત અને વશ કરવા માટે તે દુશ્મનનો તસવ્વુર એટલે કે ધ્યાન બાંધીને આ દુઆ **અઢાર(૧૮)** વખત પઢે.

(૧૩) જો કોઈ અણ ઉકેલ બાબતનો તરત જ નિકાલ કરવો હોય અને નિકાલ પણ સફળતા અને સરળતાપૂર્વક તરફેણમાં કરવો હોય, તો બે (૨) રકાત નફલ નમાઝ હાજતની પ્રાપ્તીની નિય્યતથી પઢે. અને દરેક રકાતમાં સૂરએ-ફાતેહા (અલ-હમ્દો શરીફ) પછી **ત્રણ (૩)** વખત **સૂરએ–ઈખ્લાસ** (કુલ-હુવલ્લાહ શરીફ) પઢે. નમાઝ પુરી કર્યા પછી તેનો સવાબ **હઝરત અલી મુર્તઝા, મુશ્કિલ–કુશા, શૈરે ખુદા** (કર્રમલ્લાહો તઆલા વજહહુલ - કરીમ) ની મુબારક રૂહે પાકને બખ્શે અને ત્યારબાદ આ દુઆ એટલે કે **'નાદે અલી' સાત (૭)** વખત પઢે. ઈન્શાઅલ્લાહ એક જ દિવસમાં તે બાબતનો સુખદ ઉકેલ આવી જશે. જો એક (૧) દિવસમાં ઉકેલ ન આવે, તો આ અમલ ત્રણ (૩) દિવસ સુધી કરે. ત્રણ (૩) દિવસમાં ઉકેલ આવી જશે.

(૧૪) દુશ્મનો અને હીત શત્રુઓ કે જેઓ વિરૂધ્ધમાં બોલતા હોય, પીઠ પાછળ ગાળો કાઢતા હોય, જુઠા પ્રચાર કરતા હોય, તેવા વિરૂધ્ધ કરનારા શખ્સોનું મોઢું બુરાઈ કરવા થી રોકવા આ દુઆ દરેક નમાઝ પછી **દસ (૧૦)** વખત પઢે. ખરાબ બોલનારાઓની ઝુબાન બંધ થઈ જશે.

(૧૫) **નસીબવંતો થવા માટે :-**

**હુઝૂર પુરનૂર, રહેમતે આલમ** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમના ખ્વાબમાં દીદાર કરવા માટે સંપૂર્ણ તહારત **(નાહી ધોઈ ને)**ની સાથે ઈશાની નમાઝ પછી નીચે દર્શાવેલો અમલ કરે.

- ✪ **અવ્વલ સો (૧૦૦)** વખત **'દરૂદ શરીફ'**
- ✪ ત્યારબાદ પાંચસો (૫૦૦) વખત **'નાદે અલી'**
- ✪ આખિરમાં **સો (૧૦૦)** વખત **'દરૂદ શરીફ'**

ત્યારબાદ **'બા-વુઝૂ'** સૂઈ જાય. ઈન્શાઅલ્લાહ તે રાતમાં જ કિસ્મત જાગી ઉઠશે અને ખ્વાબમાં **સરકારે દો આલમ** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમની ઝિયારત નસીબ થશે.

**નોટઃ-** ઉપર દર્શાવેલા બધા અમલો માં ઝરૂરી છે કે અમલ શરૂ કરતા પહેલાં અને અમલ પૂરો કર્યા પછી એટલે કે અવ્વલ અને આખિરમાં ત્રણ (૩) અથવા પાંચ (૫) અથવા સાત (૭) અથવા નવ (૯) અથવા અગ્યાર (૧૧) વખત **'દરૂદ શરીફ'** પઢવું ઝરૂરી છે.

(હવાલો :- **'શમ્એ શબિસ્તાને રઝા'** જુની આવૃતિ જે ફકત એક જ ભાગમાં હતી અને તે પ્રમાણિત હતી. તેના **પેઈજ નં. ૫૫ અને ૫૬**)



# 'જન્નતની દૂધની નહેરથી પીવડાવનાર (સાકી) મૌલા અલી'

**આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા મુહક્કિક બરેલ્વી** રદીઅલ્લાહો તઆલા અન્હો **મૌલા-એ-કાએનાત, હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હો પ્રત્યેની પોતાની અકીદત અને મહોબ્બત વ્યકત કરતા એક રૂબાઈ અત્યંત મહોબ્બત અને શ્રધ્ધાની લાગણીમાં લખી છે જે અત્રે રજૂ છે :-

**તિશ્નાલબ, તર દામનો, મુઝદા, કે હૈં,**
**સાકી-એ-નહરે લબન મૌલા અલી.**
**બાગબાન અલ્લાહ, ગુલબન મુસ્તફા,**
**અંદલીબે નગ્મા ઝન મૌલા અલી.**

- ઉપરોકત રૂબાઈનો ગુજરાતી અનુવાદ :-

**'એ તરસ્યા હોઠ વાળાઓ, એ રડી રડીને પોતાનું દામન ભીનું કરી નાખનારાઓ! તમોને ખુશખબરી હો, કે જન્નતની દૂધ ની નહેર થી તરસ્યાઓને મૌલા અલી તૃપ્ત કરનારા છે.**

**સૃષ્ટિના બાગ નો રક્ષક અલ્લાહ છે. અને સૃષ્ટિના બગીચાની જડ અને પુષ્પ મુસ્તફા જાને રહેમત સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ છે અને તે બાગ ની રૌનક અતિ ઉમદા સ્વરે અને રાગે ગાનારી બુલબુલ રૂપી મૌલા અલી છે.'**

**હવાલો :-'હદાઈકે બખ્શીશ'**, અઝ :- ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી - ઈન્તેકાલ હિ.સ. ૧૩૪૦, પ્રકાશક :- કુતુબખાના અહલે સુન્નત, જામેઅ મસ્જિદ, પતીયાલા. (પંજાબ) - પ્રકાશન વર્ષ :- હિ.સ. ૧૩૪૩. **હિસ્સા નંબર :- ૩, પેઈજ નં. ૮૬.**

# ‘મેરા હાજત રવા મેરા મુશ્કિલકુશા’

**મૌલા–એ–કાએનાત, હઝરત અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો તઆલા અન્હોની બારગાહમાં ખિરાજે અકીદત અને સાચા દિલની અકીદતનું વર્ણન કરતા આ’લા હઝરત ઈમામ અહમદ રઝા ફરમાવે છે કે :-

**અલી મુર્તઝા તૂં હૈ, વસીએ મુસ્તફા તૂં હૈ**
**મેરા હાજત રવા તૂં હૈ, મેરા મુશ્કિલ કુશા તૂં હૈ.**

**(<u>હવાલો :–</u> ‘હદાઈકે બખ્શીશ’ – હિસ્સા નં. ૩, પેઈજ નં. ૮૬)**

# ‘જહન્નમ મેં જાએ દામને અલી છોડને વાલા’

સૌ પ્રથમ **મૌલા અલી** ની અઝમતમાં **ઈમામ, મુલ્તજા** અને **મૌલા** જેવા ઉચ્ચકક્ષાના વિશેષણો લખ્યા બાદ **આલા હઝરત ઈમામ અહમદ રઝા** આવા મહાન રૂત્બાવાળા **મૌલા અલી** નું દામન છોડનારાઓને જહન્નમ માં જવાની ચેતવણી આપતાં ફરમાવે છે કે :-

**અલી ઈમામ, અલી મુલ્તજા, અલી મૌલા,**
**સકર મેં જાએ, જો છોડે શહા તેરા દામન.**

**(<u>હવાલો :–</u> ‘હદાઈકે–બખ્શીશ’ – હિસ્સા નં. ૩, પેઈજ નં. ૮૬.)**



# ‘જુમ્આની નમાઝનો ખુત્બો’

દરેક જુમ્આની નમાઝમાં ખતીબ (ઈમામ) મિમ્બર ઉપર ઉભા રહીને ખુત્બો પઢે છે. તે ખુત્બામાં સૈકાઓથી મિલ્લતે ઈસ્લામિયામાં એક પ્રથા પ્રચલિત છે કે ખુત્બામાં ઈસ્લામના પ્રથમ ચાર (૪) ખલીફાઓના નામો લેવામાં આવે છે. અનેક મુસન્નિફો (લેખકો) અને મુઅલ્લિફો (સંપાદકો) એ પોતાની ઈલ્મી સલાહિયત મુજબ ખુત્બા લખ્યા છે. જે વિશ્વસ્તરે પોતપોતાના વિસ્તારોમાં પ્રચલિત છે.

ઈમામે ઈશ્કો-મહોબ્બત **આ’લા હઝરત ઈમામ અહમદરઝા બરેલ્વી** રદીઅલ્લાહો અન્હોએ પણ એક ખુત્બો સંકલિત કર્યો છે. જે **‘ખુત્બ–એ– રઝવીયા’** ના નામે પ્રચલિત અને પ્રસિધ્ધ છે. તે ખુત્બા માં આલા હઝરતે **મૌલા–એ–કાએનાત, હઝરત અલી મુશ્કિલ કુશા** રદીઅલ્લાહો અન્હોના જે ઈલ્કાબો અને વિશેષણો લખ્યા છે, તેવા સામુહિક ઈલ્કાબો અને અર્થસભર વિશેષણો ભાગ્યે જ ખુત્બાની અન્ય કિતાબોમાં છે. **આ’લા હઝરતે** લખેલા ઈલ્કાબો નીચે મુજબ છે.

**وَعَلَى أَسَدِ اللّٰهِ الغَالِبِ إِمَامِ الْمَشَارِقِ وَ الْمَغَارِبِ حَلَّالِ الْمُشْكِلَاتِ وَ النَّوَئِبِ دَفَّاعِ الْمُعْضَلَاتِ وَ الْمَصَائِبِ أَخِ الرَّسُوْلِ وَزَوْجِ الْبَتُوْلِ سَيِّدِنَا وَمَوْلَانَا الإِمَامِ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ وَ إِمَامَ الوَ اصلِيْنَ إِلَى رَبِّ الْعَالَمِيْنَ أَبِى الْحَسَنِ عَلِى بِن أَبِى طَالِبِ كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَ جُهَهُ الْكَرِيْمِ۔**

ترجمہ: اور (خاص کر) اللہ کے غالب شیر پر جو سارے مغرب مشرق کے امام، اور مشکلوں اور مصیبتوں کے حل فرمانے ولے، سختیوں اور پریشانیوں کے دفع فرمانے والے، برادر رسول، اور شوہر بتول، ہمارے سردار اور ہمارے آقا، رہبر، ایمان والوں کے امیر، اور رب العالمین تک پہنچنے والوں کے مقتدا، ابوالحسن علی بن ابی طالب ہیں۔ اللہ تعالیٰ ان کے بزرگ چہرہ کو (مزید) بزرگی دے۔

ઉપરોક્ત અરબી ખુત્બામાં **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોના ઈલ્કાબો છે, તેનું ગુજરાતી ભાષાંતર નીચે મુજબ છે.

- **અસદિલ્લાહે–ગાલિબ – અલ્લાહના વિજયી સિંહ**
- **ઈમામિલ–મશારિકે–વલ–મગારિબ – સમગ્ર પૂર્વ અને પશ્ચિમના ઈમામ**
- **હલ્લાલિલ–મુશ્કિલાતે–વન્નવાઈબ–મુસીબતો અને તકલીફો ને હલ (ઉકેલ) કરનાર**
- **દફ્ફાઈલ–મોઅદલાતે–વલ મસાઈબ – રંજ, દુઃખ અને આફતોને દૂર કરનાર**
- **અખીર્રસૂલ – રસૂલના બિરાદર (નબી બંધૂ)**
- **ઝવજિલ–બતૂલ – હઝરત ખાતુને જન્નત ફાતેમાના ખાવિંદ (પતિ)**
- **સૈયેદેના–વ–મૌલાનલ ઈમામ – અમારા સરદાર, આકા અને રહેબર**
- **અમીરૂલ મોઅમેનીન – મુસ્લિમોના હાકિમ (આદેશ આપનારા)**
- **ઈમામિલ–વાસેલીન – ઈલા રબ્બિલ – આલેમીન – વિશ્વ પાલનાર અલ્લાહ સુધી પહોંચનારો ના મુકતદા (અુનકરણીય)**
- **અબિલ–હસન – હઝરત ઈમામ હસનના વાલિદ (પિતા)**

ઉપરોક્ત ઈલ્કાબો ફક્ત **'ખુત્બ–એ–રઝવિયા'**માં જ મળશે. અન્ય ખુત્બાઓમાં આ ઈલ્કાબોની સંભાવના નહીંવત છે. ઉપરોક્ત ઈલ્કાબો આ'લા હઝરતના દિલમાં **હઝરત મૌલા અલી, શૈરે ખુદા** કર્રમલ્લાહો તઆલા વજહહુલ કરીમ પ્રત્યેની અકીદત, અઝમત, મહોબ્બત, બુઝુર્ગી,મહાનતા, શાનો - શોકત, સદભાવના, મરતબો, ઈઝઝત, દરજ્જો, પ્યાર, ચાહના અને ઈશ્કના જઝબાનો પડઘો પાડે છે.



-: આ'લા હઝરતે લખેલી :-

# હઝરત અલી શાન માં ફારસી મન્કબત

## در منقبت حضرت مولیٰ علی کرم اللہ تعالیٰ وجہہٗ

اَلسَّلام اے اَحمدَت صِہر و بَرادر آمدَہ
حمزہ سردارِ شہیداں عَم اَکبر آمدَہ

جَعفَرے کُو می پَرَد صبح و مَسا با قُدسِیاں
با تو ہم مَسکَن بہ بَطنِ پاک مادر آمدَہ

بِنتِ احمد رَونقِ کاشانہ و بانُوے تو
گوشت و خونِ تو بَلَحُمش شِیر و شکر آمدَہ

ہر دو رَیحانِ نبی گُلہائے تو زاں گل زمیں
بہرِ گل چِینَت زمینِ باغ برتر آمدَہ

می چَمِیدی گُلبَنا در باغِ اسلام و ہَنوز
غُنچہ اَت نَشِگُفت و نَے نخلے دِگر بر آمدَہ

نرم نرم از بزم دامن چِیدہ رَفتہ بادِ تُنُد
یا علی چوں بر زبانِ شمعِ مُضطر آمدَہ

ماہِ تاباں گُو مَتاب و مِہرِ رَخشاں گو مَرُخش
باخْتر تا خاوَر اِسمَت نور گُستر آمدَہ

حل مشکل کُن بَرُوئے من درِ رحمت کُشا
اے بَنامِ تو مُسلم فتحِ خیبر آمدَہ

مرحبا اے قاتلِ مَرحب امیر الاشجعیں
در ظِلالِ ذُوالفقارَت شورِ محشر آمدَہ

سینہ ام را مَشْرِقستاں کُن بنورِ معرِفت
اے کہ نامِ سایہ اَت خورشیدِ خاوَر آمدَہ

کے رَسَد مَولیٰ بمِہرِ تابناکَت نجمِ شام
گُو بَنورِ صحبتِ اُو صبحِ انور آمدَہ

ناصبی را بغضِ تو سوئے جہنّم رہ نَمود
رافضی از حُبِّ کاذِب در سقر دَرآمدَہ

من زِحق می خواہم اے خورشیدِ حق آں مِہرِ تو
کَز ضِیائَش عالَمِ ایماں منور آمدَہ

بہرِ اَستر چادرِ مَہتاب و ایں زَرّیں پَرَند
نا پذیرائے گلیمِ بختِ قنبر آمدَہ

تِشنہ کامِ خود رضائے خَستہ را ہم جُرعہ
شکرِ آں نعمت کہ نامَت شاہِ کوثر آمدَہ



## ઉપરોક્ત ફારસી મન્કબતનો ઉર્દૂ તરજુમો :-

(۱) سلام ہو آپ پر کہ احمد مختار ﷺ آپ کے خُسر اور چچا زاد بھائی ہیں اور شہیدوں کے سردار حضرت امیر حمزہ رضی اللہ تعالیٰ عنہ آپ کے بڑے چچا ہیں۔(۲) حضرت جعفر طیار رضی اللہ تعالیٰ عنہ کہ جو صبح اور شام فرشتوں کے جھرمٹ کے ساتھ پرواز کرتے ہیں۔ وہ حضرت جعفر طیار اور آپ دونوں ایک ہی ماں کے مقدس شکم میں رہ چکے ہیں۔(۳) حضرت احمد مختار نبی ﷺ کی شہزادی خاتون جنت حضرت فاطمۃ الزہراء رضی اللہ تعالیٰ عنہا آپ کے گھر کی رونق اور آپ کی زوجہ محترمہ ہیں۔ آپ کا گوشت وخون ان کے گوشت میں باہم شیر وشکر بن گیا۔(۴) نبیٔ کریم ﷺ کے دو خوشبودار پھول یعنی امام حسن اور امام حسین رضی اللہ تعالیٰ عنہما اسی خویش قطعۂ زمین سے آپ کے خوشگوار پھول ہیں اور آپکی گل چینی کے لیے گلشن کی عمدہ زمین آپ کے مقدر میں آئی۔(۵) اے گلاب کے مہکتے پھول! آپ اسلام کے گلشن میں ناز سے چلتے تھے جبکہ تب نہ آپ کی کلی کھلی تھی یعنی تب آپ کی عمر صرف آٹھ سال تھی اور نہ ہی دوسرا کوئی پیڑ رونما ہوا تھا۔(۶) تیز ہوا کی آندھی آہستہ آہستہ محفل سے کنارہ کرتی ہوئی چلی گئی، جب پریشان شمع کی زبان پر ''یا علی'' آ گیا۔(۷) چاند سے کہہ دو کہ نہ چمک اور سورج سے کہہ دو کہ نہ دمک! کیونکہ مشرق سے مغرب تک نور پھیلانے والی حضرت

علی کی ذات نمودار ہوگئی۔(۸) میری مشکل کشائی فرمائیے اور میرے لیے رحمت کا دروازہ کھولیے۔اے وہ ذات پاک کہ خیبر کا قلعہ فتح ہونا آپ کے نام مسلم ہے۔(۹) مرحبا ہو آپ کو! اے مرحب یہودی پہلوان کو موت کے گھاٹ اتار نے والے بہادر سالار، آپ کی ذوالفقار کے سایہ میں محشر کا ہنگامہ برپا ہوگیا۔(۱۰) میرے دل کو معرفت کے انوار کی جلوہ گاہ بنایئے۔اے وہ ذات! کہ پورب سے نکلنے والا سورج آپ کی چمک کا نام ہے۔(۱۱) اے میرے مولیٰ ! آپ کے تابناک آفتاب تک زہرہ ستارے کی رسائی کب ہوسکتی۔حالانکہ اس کی صحبت کے نور سے روشن صبح نمودار ہوگئی۔(۱۲) آپ کی عداوت نے خارجی کو جہنم کی طرف ڈھکیل دیا اور رافضی جھوٹی محبت کی وجہ سے دوزخ میں جا پہنچا۔(۱۳) اے خورشید حق! میں حق تعالیٰ سے آپ کی اس تجلی کی مہر مانگتا ہوں، جس کی تابش یعنی روشنی سے عالم ایمان روشن ہوگیا۔(۱۴) اپنے پیاسے اور زخمی رضا کو بھی ایک گھونٹ عطا کیجیے۔اس نعمت کا شکریہ کہ آپ کا نام ''شاہ کوثر'' ہوگیا۔

حوالہ:۔حدائق بخشش۔نعتیہ دیوان امام احمد رضا۔ناشر:۔مرکز اہل سنت برکات رضا۔پوربندر۔حصہ نمبر:۲،صفحہ نمبر:۷۶



## ઉપરોકત ફારસી મન્કબતનો ગુજરાતી અનુવાદ :-

(૧) સલામ હો આપ પર કે **અહમદે મુખ્તાર** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ આપના સસરા અને આપના કાકાના દિકરા (કઝીન) છે અને શહીદોના સરદાર **હઝરત અમીર હમઝા** રદીઅલ્લાહો તઆલા અન્હો તમારા જયેષ્ટ (મોટા) કાકા છે. **(૨) હઝરતે જાફરે તય્યાર** રદીઅલ્લાહો તઆલા અન્હો કે જેઓ સવાર-સાંજ ફરિશ્તાઓના સમુહની સાથે પરવાઝ કરે છે. (ઉડે છે.) તે જાફરે તય્યાર અને આપ બન્ને જણા એક જ માતાની પવિત્ર કુખ (પેટ)માં સાથે રહયા છો. **(૩) હઝરત અહમદે મુખ્તાર નબી** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની શેહઝાદી ખાતૂને જન્નત **હઝરત ફાતેમા ઝોહરા** રદીઅલ્લાહો તઆલા અન્હા આપના નિવાસ સ્થાનની રૌનક અને આપના આદરણીય ધર્મપત્નિ છે. આપનું અને તેણીનું રકત અને માંસ એકબીજામાં દૂધ અને સાકર બનીને ભળી ગયા છે. **(૪) નબી-એ-કરીમ** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમના બે (૨) મઘમઘતા સુગંધિત પુષ્પો એટલે કે **હઝરત ઈમામ હસન** અને **હઝરત ઈમામ હુસૈન** રદીઅલ્લાહો અન્હુમા એ બન્ને તે પવિત્ર ધરતી થી ખીલી ઉઠેલા ફૂલો છે અને તેવા મહાન ખુશ્બૂદાર પુષ્પોને ચૂંટી કાઢવાનું સૌ ભાગ્ય આપને પ્રાપ્ત થયું છે. **(૫)** એ અતિ મહેકતા ગુલાબના ફૂલ! આપ ઈસ્લામના સૌન્દર્યધામ બાગમાં તેવા સમયે ખીલી ઉઠેલા કે ત્યારે આપ અતિ કુમળી અને કોમળ કળી સમાન હતા અને તે સમયે આપનું પવિત્ર આયુષ્ય ફકત આઠ (૮) વર્ષ જ હતું અને તે સમયે ઈસ્લામના બગીચામાં અન્ય કોઈ છોડ દ્રષ્ટિગોચર નહોતું થયું. **(૬)** સુસવાટા મારતી આંધીનું વાવાઝોડું ધીરે ધીરે મહેફિલની પડખેથી પસાર થઈ ગયું, જયારે વ્યાકુળ મીણબતી ના મુખેથી **'યા-અલી'** ના પવિત્ર ઉદગારો સરી પડયા. **(૭)** ચંદ્ર ને કહી દો કે

પ્રકાશે નહીં, સૂર્યને કહી દો, કે ઝળહળે નહીં, કેમ કે પૂર્વ થી પશ્ચિમ દિશા સુધી પ્રકાશ રેલાવનાર હસ્તી હઝરત અલી નું આગમન થઈ ચુકયું છે. (૮) મારી મુસીબતને દૂર ફરમાવો અને મારા માટે આપની કૃપાના દ્વારો ઉઘાડો. એ તે મહાન હસ્તી! કે ખૈબરના કિલ્લાનું વિજયી થવું આપના નામે લખાયું છે અને ખૈબર વિજયી તરીકે આપનું પવિત્ર નામ ગુંજી ઉઠયું છે. (૯) મુબારક થાય આપને કે આપ ખૈબરના **મરહબ નામના યહૂદી પહેલવાન**ને મૌતને ઘાટ ઉતારનાર શુરવીર સેનાપતિ! આપની ધારદાર તલવાર **ઝુલ્ફિકાર**ની ધૂપછાંવથી મહેશર (પ્રલય)નો હંગામો સ્થાપિત થઈ ગયો. (૧૦) મારા દિલને જ્ઞાન-સમજના પ્રકાશનું કેન્દ્ર બનાવો-એ તે મહાન ઝાતે ગિરામી! કે પૂર્વ દિશાથી ઉદય થનારો સુર્ય આપના પ્રકાશનું નામ છે. (૧૧) એ મારા આદરણીય આકા ! આપના અતિ પ્રકાશિત સૂરજ સુધી ઝોહરા સિતારાની પહોંચની અસ્મિતા કેવી રીતે શકય બની શકે છે. જો કે તેના સંપર્ક માત્રથી તેજમય પ્રભાતનો ઉદય થઈ જશે. (૧૨) આપની સાથે શત્રુતા રાખવાના કારણે **ખારજી શત્રુ** જહન્નમ (નર્ક)ની તરફ ધકેલાઈ ગયો. અને રાફઝી ઢોંગી ખોટી આસ્થા અને દંભના કારણે દોઝખમાં જઈ પહોંચ્યો. (૧૩) એ સત્યના આંજી દેનારા ઝળહળાટ સૂરજ! હૂં અલ્લાહ તઆલા પાસેથી આપની તજલ્લીના દબદબા અને ઉજાસની ભિક્ષા માંગુ છૂં કે જેની તેજસ્વિતા ના પ્રતાપે સમગ્ર વિશ્વની શ્રધ્ધા ઝળહળી ઉઠી. (૧૪) પોતાના તરસ્યા અને ઘાયલ **'રઝા'**ને પણ એક ઘૂંટડો જળ અર્પણ કરો, તે નેઅમતનો આભાર કે આપનું નામ **'શાહે કૌષર'** એટલે કે કૌષરના દરિયાના શહેનશાહ પડી ગયું.



# હઝરત અલીનો લકબ 'કર્રમલ્લાહો તઆલા વજહહુ' શા માટે છે ?

દરેક આદરણીય અને સન્માનનીય ઝાતે ગિરામી માટે અમુક ખાસ વિશેષણો અને ઈલ્કાબો પ્રચલિત છે, જેમ કે :-

✪ **અલ્લાહ માટે :-**

⊙ **જલ્લાજલાલહુ** ⊙ **તબારકા-વ-તઆલા** ⊙ **જલ્લા - વ - ઉલા**

✪ **હુઝૂરે અકદસ માટે :-**

⊙ **સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ**

✪ **અંબિયા-એ-કિરામ માટે :-**

⊙ **અલૈહિસ્સલાતો - વસ્સલામ** ⊙ **અલાનબીય્યેના - વ - અલૈહિમુસ્સલાતો - વત્તસલીમ**

✪ **સહાબા-એ-કિરામ, તાબેઈન, તબએ તાબઈન, ઔલિયા-એ-કિરામ, સૂફિયા-એ-ઈઝામ, અઈમ્મએ-મિલ્લતે ઈસ્લામિયા, શોહદા-એ-કિરામ, મુજદ્દિદીને-ઈસ્લામ તથા ઈસ્લામના અન્ય મહાનુભાવો માટે** ⊙ **રદીઅલ્લાહો અન્હો** ⊙ **રહેમતુલ્લાહ તઆલા અલૈહે** ⊙ **કુદ્દેસા સિર્રહુ** ⊙ **અલૈહે રહેમતુંવ-વર-રિદવાન** વગેરે ઈલ્કાબો અને વિશેષણો નો ઉપયોગ કરીને તેઓની બારગાહમાં ખિરાજે અકીદત એટલે કે સાચા અર્થની શ્રધ્ધાંજલી વ્યકત કરવામાં આવે છે.

**પણ...** એક લકબ એવો છે કે જે ફકત અને ફકત **મૌલા - એ-કાએનાત, હઝરત અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો તઆલા અન્હો માટે, ફકત તેઓના માટે જ ઉપયોગ કરવામાં આવે છે અને તે લકબ **'કર્રમલ્લાહો-**

**તઆલા – વજહહુલ – કરીમ’** છે. તેનું કારણ શું છે ? **આ’લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી** રદીઅલ્લાહો તઆલા અન્હો પોતાની કિતાબમાં ફરમાવે છે કે :-

حضرت مولیٰ نے حضور مولی الکل سید الرسل ﷺ کے کنارِ اقدس میں پرورش پائی، حضور کی گود میں ہوش سنبھالا، آنکھ کھلتے ہی محمد رسول اللہ صلی اللہ علیہ وآلہ وسلم کا جمال جہاں آراء دیکھا، حضور ہی کی باتیں سنیں، عادتیں سیکھیں، صلی اللہ علیہ وآلہ وسلم۔ تو جب سے اس جناب عرفان مآب کو ہوش آیا قطعاً یقیناً رب عزوجل کو ایک ہی جانا، ایک ہی مانا۔ ہرگز ہرگز بتوں کی نجاست سے اس کا دامن پاک کبھی آلودہ نہ ہوا۔ اسی لئے لقب کریم " کرم اللہ تعالیٰ وجھہ "ملا۔ ذٰلك فضل اللہ یؤتیه من یشاءُ ذُو الْفَضلِ الْمِبِیْن۔

حوالہ: تَنْزِیْهُ الْمَكَانَةِ الْحَیْدَرِیَّةِ عَنْ وَصْمَةِ عَهْدِ الْجَاهِلِیَّةِ، سن تصنیف :۔ سنہ ۱۳۱۲ھ، مصنف :۔ الشاہ امام احمد رضا محقق بریلوی، المتوفی سنہ ۱۳۴۰ھ، ناشر :۔ رضا اکیڈمی۔ بمبئ۔ صعفر مجفر سنہ ۱۳

**ઉપરોકત ઉર્દૂ ઈબારતનો ગુજરાતી અનુવાદ અને હવાલો :-**

‘હઝરત મૌલા-અલીએ હુઝૂર મૌલા-એ-કુલ, તમામ રસૂલોના સરદાર, સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમના સંગાથે ભરણ પોષણ પ્રાપ્ત કર્યુ. હુઝૂરે અકદસની પવિત્ર ગોદ (ખોળા)માં જ શાણપણ, સુઝ અને સમજશકિત પ્રાપ્ત કરી. આંખ ઉઘાડતાં જ **હઝરત**



**મુહમ્મદુર્રસૂલુલ્લાહ** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમના વિશ્વને નિખારનાર સૌંદર્યના દર્શન (દીદાર) કર્યા. હુઝૂરની જ વાતો સાંભળી, આદતોં શીખી - સલ્લલ્લાહો તઆલા અલૈહે વ બારિક વસલ્લિમ’

તો જયારે તેઓ (હઝરત અલી)ની ગ્રહણ શકિત ને સમજણ પ્રાપ્ત થઈ, ત્યારે ચોકકસપણે અને વિશ્વાસની કક્ષામાં **અલ્લાહ તબારક વ તઆલા** ને ફકત એક જ જાણ્યું, એક જ માન્યું - કદાપી પણ મૂર્તિઓની ગંદકીથી આપનું દામન ખરડાએલું નહીં. આપ સંપૂર્ણપણે કુફ્ર, શિર્ક અને અન્ય અપવિત્ર આચરણોથી સુરક્ષિત રહયા, જેથી જ **‘કર્રમલ્લાહો તઆલા વજહહુ’** એટલે કે ‘અલ્લાહ તઆલા તેઓના પ્રકાશિત ચહેરાને ખૂબ ચમકાવે’નો માનવંતો ખિતાબ પ્રાપ્ત થયો. ( આ અલ્લાહ તઆલા ની અસીમ કૃપા છે, જેને ઈચ્છે છે તેને સ્પષ્ટ કૃપા સ્વરૂપે અપર્ણ ફરમાવે છે)

**<u>હવાલો :–</u> ‘તન્ઝીહુલ – મકાનતિલ – હયદરિયા – અન – વસ્મતે – અહદિલ – જાહેલિય્યાહ’** (ઉર્દૂ) - લેખન વર્ષ :- હિ.સન. ૧૩૧૨, લેખક :- આ’લા હઝરત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી, ઈન્તેકાલ :- હિ.સન. ૧૩૪૦, પ્રકાશક :- રઝા એકેડેમી-બોમ્બે, પ્રકાશન વર્ષ :- હિ.સન. ૧૪૧૮, **પેઈજ નં. :– ૧૩**

**ઉપરાંત...** વર્ણનીય કિતાબના **પેઈજ નંબર :–** ૩૭ ઉપર આ’લા હઝરત ઈમામ અહમદ રઝા ત્યાં સુધી લખે છે કે: -

”شرک و بت پرستی کی صورت ہی اللہ تعالیٰ نے کبھی نہ دکھائی۔ آٹھ یا دس (۱۰) سال کے ہوئے کہ آفتاب جہاں تاب رسالت اپنی عالم گیر تابشوں کے ساتھ چمک اٹھا۔“

**ગુજરાતી અનુવાદ :-**

'શિર્ક અને બુત-પરસ્તી (મૂર્તિ-પૂજા)ની પરિસ્થિતી અલ્લાહ તઆલાએ કદી ન દેખાડી. આઠ (૮) અથવા (૧૦) વર્ષનું આયુષ્ય થયું કે વિશ્વને પોતાના નૂર (પ્રકાશ)થી ચમકાવનાર રિસાલત અને નબુવ્વતનો આફતાબ પોતાના સમગ્ર ઝળહળાટ અને ઝગમગાટની સાથે ચમકી ઉઠયો'

# બારગાહે મૌલા–અલીમાં આ'લા હઝરતની અકીદતસભર મદદ ની પુકાર

# ઈમદાદ-કુન

## (ફારસી–મન્કબત)

**આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા** બરેલ્વી રદીઅલ્લાહો અન્હોએ પોતાના 'નાઅતિયા-દીવાન' (કાવ્ય સંગ્રહ) **'હદાઈકે બખ્શીશ' ભાગ નંબર – ૨ના પેઈજ નંબર :– ૫૮** અને **૫૯** ઉપર **મૌલા–એ–કાએનાત, હઝરત અલી શૈરેખુદા** રદીઅલ્લાહો તઆલા અન્હોની બારગાહમાં એક ઈસ્તેગાષો (استغاثہ) એટલે કે ન્યાયપુર સહાયની માંગ (Justice-O-help) લખેલ છે. આ મન્કબત કુલ :- **સોળ (૧૬) અશઆર** પંકિતઓ ઉપર આધારિત છે. જેનો દરેક શેઅર (પંકિત) એટલો બધો અર્થસભર અને વિસ્તૃત માહિતી ઉપર આધારિત છે કે તે દરેક શેઅર નો ટૂંકસાર અને સંક્ષિપ્તમાં વર્ણન લખવામાં જ દરેક શેઅરના અનુસંધાને એક અલગ કિતાબ તૈયાર થઈ જાય તેમ છે.



**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી** રદીઅલ્લાહો તઆલા અન્હોએ લખેલી વર્ણનીય મન્કબત ના દરેક શેઅરથી પોતાના **આકા–એ–નેઅમત, મૌલા–એ–કાએનાત, હઝરત અલી શૈરે ખુદા, ખૈબર શિકન** રદીઅલ્લાહો અન્હોની અકીદત, મહોબ્બત, આસ્થા, લાગણી, પ્રેમ, સ્નેહ, અઝમત, મહાનતા, ભવ્યતા, અગત્યતા, મહત્વતા, શુરવીરતા, સુજાઅત, બહાદૂરી, દિલૈરી, જવાંમર્દી, શૈરદિલી, હિમ્મત, નીડરતા, અડગતા, ધૈર્ય, ધીરતા અને મહાન શકિતની ભવ્યતાની પ્રેમ-સરિતા વહેતી કરી ને અકીદત અને શ્રધ્ધાના મઘમઘતા અને રંગીન પુષ્પોની જે ફૂલવાડી મઘમઘાવી છે, તેની ઈમાનની અનેરી સુવાસથી દરેક **ગુલામાને અલી** ના દિલો અકીદત અને મહોબ્બતના ધસમસતા પૂરથી એવા ભીંજાઈ જશે કે જીવન પર્યંત તેની મધૂરતા, સુવાસ, ભીનાશ, સુગંધ, મહેક, લહેક, લહેર, કૈફ, મસ્તી, તરંગ અને આનંદના ઉછાળા મારતા મોજાઓની ભીનાશ, સત્વ, સાર અને રોચક સ્વરૂપે **'હુબ્બે અલી'**ના આનંદ પ્રમોદની લાગણીઓથી તરબતોર કરી નાખશે.

વાંચક મિત્રો ! ઉપરોકત ફારસી મન્કબતના અનુસંધાને ઘણી જ સંક્ષિપ્તમાં મહત્વની ચર્ચા કરીએ.

આ મન્કબતનું હેડીંગ (શિર્ષક) **'યા–મુશ્કિલ–કુશા–શૈરે ખુદા – ઈમદાદ – કુન'** છે. જેનો અર્થ એ થયો કે 'એ દુ:ખ, દર્દ અને મુસીબતના ભંજક, ખુદાના સિંહ, મદદ કરો.'

**یَا مشکل کشا، شیر خدا امداد کُن**

مُرتضیٰ شیرِ خدا مَرحَب کُشا خَیبر کَشا

سَرُوَرا لشکر کَشا مشکل کُشا امداد کن

حَیدَرَا اَژدَر دَرا ضِرغام ہائل مَنظَرا
شہرِ عِرفاں را دَرا روشن دُرا اِمداد کُن

ضَیغَما غَیظ وَغَما زَیغ و فِتَن را راغما
پہلوانِ حق امیرِ لا فَتٰے اِمداد کن

اے خدا را تیغ و اے اَندامِ احمد را سِپَر
یا علی یا بُوالحسن یا بُوالعُلیٰ اِمداد کن

یا یَدُ اللہ یا قوی یا زورِ بازُوے نبی
مَن زِ پا اُفتادَم اے دستِ خدا اِمداد کن

اے نِگارِ راز دارِ قَصرِ اللہ اِنتجے
اے بہارِ لالہ زارِ انّمَا امداد کُن

اے تَنَت را جامہ پُر زَر جَلوہ باری عَبا
اے سَرَت را تاجِ گوہرِ ہَل اَتٰی اِمداد کن

اے رُخَت را غازہ تَطہِیر و اِذہابِ نَجَس
اے لَبَت ر ا مایہ فَصلُ القَضا اِمداد کن

اے بجبات و حَرِیر اَیمن زِ شَمس و زَمہرِ یر
اے تُرا فِردَوس مُشتاقِ لِقا اِمداد کن



اے بحضُرَت روزِ حَسرت رُو بنُصرَت جاں بَسُوز
شکرِ اِیں نُصرت بیک نَظرَت مَرا امداد کن

یَا طَلِیقَ الوَجہِ فِی یَومِ عَبُوسٍ قَمطَرِیر
یَا بَہِیجَ القَلبِ فِی یَومِ الاَسیٰ اِمداد کن

اے وَقَاہُم رَبُّہُم اَمنَت زِ شَرِّ مُستَطِیر
مجرِمَم مِی جُویم از کُیفرِ وَقَا امداد کن

اے تَنَت در راہِ مولیٰ خاک و جانَت عرشِ پاک
بُو تُراب اے خاکیاں را پیشوا امداد کن

اے شبِ ہجرت بجَائے مصطفٰی بر رَخُتِ خواب
اے دمِ شِدّت فدائے مصطفٰی امداد کن

اے عَدُوئے کفر و نَصب و رَفض و تفضیل و خُروج
اے علوے سُنّت و دینِ ہُدٰی امداد کن

شمعِ بَزم و تیغِ رَزم و کُوہِ عَزم و کانِ حَزم
اے کذا و اے فُزوں تر از کذا امداد کن

# 'ક્ષમા યાચના'

અહીં એટલી શકયતા નથી કે ઉપરોકત **'મનકબત'** ના અનુસંધાને વિસ્તૃત છણાવટ કરવામાં આવે. બલ્કે ઉપરોકત મન્કબતની કુલ સોળ (૧૬) અશઆર (પંકિતઓ) પૈકી ફકત એક (૧) શેઅર અંગે છણાવટ કરવામાં આવે. જેથી વાંચક મિત્રોથી ક્ષમાની યાચના કરૂ છું અને બની શકે, તો ઉપરોકત મન્કબતના એક-બે શેઅરોની છણાવટ કરવાની કોશિશ કરીશ. આશા છે કે વાંચક મિત્રો મારી વિનંતીનો સહર્ષ સ્વીકાર કરશે.

સૌ પ્રથમ આપણે 'મન્કબત-શરીફ'ના પ્રથમ શેઅર પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરીએ. મનકબતનો પ્રથમ શેઅર એ પ્રમાણે છે કે :-

**'મુર્તઝા શૈરે ખુદા, મરહબ કુશા, ખૈબર કુશા**
**સરવરાં લશ્કર કુશા, મુશ્કિલ કુશા, ઈમદાદ કુન'**

ઉપરોકત એક (૧) શેઅરની અંદર **આ'લા હઝરતે** કુલ - છ (૬) પ્રસંગોનું વર્ણન કર્યુ છે. જે નીચે મુજબ છે.

(૧) **મુર્તઝા – શૈરે ખુદા** = એ અલ્લાહના વિજયી સિંહ.
(૨) **મરહબ–કુશા** = યહૂદી પહેલવાન મરહબનો વધ કરનારા.
(૩) **ખૈબર – કુશા** = ખૈબરના કિલ્લાને ખંડિત કરનારા.
(૪) **સરવરાં લશ્કર કુશા** = સૈન્યની આગેવાની લેનારા સેનાપતિ.
(૫) **મુશ્કિલ–કુશા** = દુઃખ અને કષ્ટ ભંજક.
(૬) **ઈમદાદ–કુન** = મારી સહાયતા (મદદ) કરો.



**ઈમામ અહમદ રઝા, આ'લા હઝરત બરેલ્વી** ના જ્ઞાન-સમુદ્રના ઉછાળા મારતા મોજાઓની ઈલ્મી મહાનતા જુઓ કે ફકત એક (૧) શેઅર (પંકિત)માં ઈતિહાસના છ (૬) અદભુત, વિસ્મયકારક, દિવ્ય અને અલૌકિક પ્રસંગો અને ઘટનાઓનું વર્ણન કરી દઈને મૌલા-એ-કાએનાત હઝરત અલી રદીઅલ્લાહો તઆલા અન્હોની મહાનતાનો ઝંડો લહેરાવી દીધો છે. અહીં સંક્ષિપ્તમાં તે પ્રસંગો અને ઘટનાઓ પ્રત્યે વાંચક મિત્રોનું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે :-

## ⊙ અલ્લાહના વિજયી સિંહ :–

હિજરી સન :- સાત (૭)માં યહૂદી સામ્રાજયનો સૌથી વધુ ગાઢ મઝબૂત, શકિતશાળી અને અજય કિલ્લો **'ખૈબર'** ઈસ્લામી લશ્કરના મુજાહિદોના હાથે ફતેહ થયો. **ખૈબર વિજય** નો સેહરો **હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોના શિરે છે. ✪ ખૈબરના કિલ્લાનો દરવાજો અત્યંત મઝબૂત લોખંડની પ્લેટોનો બનેલો હતો. દરવાજાના મિજાગરા, કડા અને Hings એટલા બધા શકિતશાળી અને થાંભલામાં જકડાએલા હતા કે ખૈબરના કિલ્લાના દરવાજાને હચમચાવવું કે હલબલાવવું પણ અશકય હતું. તે દરવાજાને તોડી પાડવા ઈસ્લામી લશ્કરના મુજાહિદો સતત મથી રહયા હતા પણ સફળતા પ્રાપ્ત નહોતી થતી.✪ આવી કપરી પરિસ્થિતિમાં **ખુદાના વિજયી સિંહ, હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હો ખૈબરના કિલ્લાના દરવાજા સમીપ પહોંચી ગયા. અને ખૈબરના કિલ્લાના ગેટના કડા એટલે કે ગોળાકાર જાડા સળિયાને પકડીને એટલા જોરથી હલબલાવ્યું કે ખૈબરનો કિલ્લો હચમચી ઉઠયો. સમગ્ર ખૈબરના કિલ્લામાં ધરતીકંપની ધ્રુજારી અનુભવવામાં આવી. સમગ્ર ખૈબરનો કિલ્લો થરથર કાંપવા લાગ્યો. ✪ લોકોના અચંબાની સીમા નહોતી રહી કે જે કિલ્લાનો અતિ મજબૂત લોખંડની પ્લેટોનો દરવાજો કે **જેનું વજન ૮૦૦, (આઠસો મણ)** હતુ, તેને

**અલ્લાહના વિજયી સિંહ** ના મજબૂત બાવડાઓએ એક જ ઝાટકે ઉખેડી નાખ્યું અને દરવાજાને ઉખેડીને જમીન ઉપર ફેંકી દીધું, પરિણામે ખૈબરના કિલ્લાના દ્વાર ઉઘડી ગયા અને ઈસ્લામી સૈન્ય ખૈબરમાં પ્રવેશી ગયું. ✪ હદીષ શરીફની કિતાબ **'બયહકી'** શરીફમાં ત્યાં સુધી વર્ણન છે કે **હઝરત મૌલા અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોએ ખૈબરના કિલ્લાના એક દરવાજાને ઉખેડીને જમીન ઉપર ફેંકી દીધું અને ત્યાર બાદ તે દરવાજાને ફરી ઉભો કરીને તેના મૂળ સ્થાને ફીટ કરી દેવા માટે **ચાલીસ (૪૦)** માણસો એકઠા થઈને તેને ઉંચકવાનો પ્રયત્ન કર્યો, તો તેનું વજન એટલું બધું હતું કે દરવાજો તેની જગ્યાએથી લેશમાત્ર ડગમગ્યો જ નહીં બલ્કે ટસ નો મસ થયા વગર જેમનો તેમ પડયો રહયો.

(હવાલા માટે જુઓ :- **'મદારેજુન્નબુવ્વત'** (ઉર્દૂ અનુવાદ) લેખક :- હઝરત શાહ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી, પ્રકાશક :- અદબી દુનિયા - દિલ્હી. **જિલ્દ નંબર-૨, પેઈજ નંબર :- ૪૧૪ અને ૪૧૫.**)

## ⦿ યહુદી પહેલવાન મરહબનો વધ કરનારા :-

ઈસ્લામી લશ્કરના મુજાહિદો ખૈબરના કિલ્લાની દીવાર બહારથી કિલ્લા ઉપર આક્રમણ કરી રહયા હતા ત્યારે ખૈબરના કિલ્લાની અંદર રહેલા યહૂદી સૈનિકો અને પહેલવાનો ઈસ્લામી લશ્કરના મુજાહિદો ઉપર અતિ તીવ્રતાપૂર્વક આક્રમણ કરી રહયા હતા. પરિણામે અનેક મુજાહિદો શહીદ થઈ ગએલા. ✪ ખૈબરના કિલ્લાના અંદરથી ઈસ્લામી લશ્કરના મુજાહિદો ઉપર તીવ્ર અને ઘાતક હુમલો કરનારાઓમાં યહૂદી સૈન્યના બે(૨) પહેલવાન સગા ભાઈઓએ મહત્વની ભૂમિકા ભજવેલી તેઓના નામ (૧) **હારિષ યહૂદી અને તેનો ભાઈ મરહબ** (مــــرحب) **યહૂદી પહેલવાન હતા.** ✪ હારિષ યહૂદી અને મરહબ યહૂદીએ બન્ને ભાઈઓની સમગ્ર ખૈબરમાં આણ વર્તાતી હતી. બન્નેની સમગ્ર ખૈબરમાં ધાક એટલી બધી પ્રસરેલી કે દરેક વ્યકિત તેઓના નામ માત્રથી



થરથર કાંપતી. ✪ હારિષ યહૂદી (حارث یہــــودی) પોતાના હાથમાં જે નેઝો (ભાલું / Lancer) રાખતો હતો, તેનું વજન ત્રણ (૩) મણનું હતું. તે હારિષ યહૂદી વાવાઝોડા સ્વરૂપે ખૈબરના કિલ્લાની બહાર ધસી આવ્યો અને વિજળીક સ્ફૂર્તિ સાથે પોતાના ભારેભરખમ ભાલાના પ્રહારો દ્વારા અનેક મુજાહિદોને શહીદ કરી નાખ્યા. ✪ **અલ્લાહના વિજયી સિંહ હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોને હારિષ યહૂદીના આંતક અને અત્યાચારની જાણ થઈ, તો આપે હારિષ યહૂદી ઉપર અંકુશ મેળવી લીધો અને **ઝુલ્ફિકારે-હૈદરી** તલવારના ફકત એક જ પ્રહારથી હારિષ યહૂદીને જહન્નમમાં ધકેલી દીધો. ✪ **મરહબ યહૂદી પહેલવાન** (مــــرحب یہودی پہلوان)ને જયારે પોતાના સગા ભાઈ હારિષની હત્યાની જાણકારી પ્રાપ્ત થઈ, તો તે ખૈબરના ચુનંદા, વીર, આક્રમક, લડાયક અને પ્રહારક યોધ્ધાઓને પોતાની સંગાથે લઈને બદલાની ભાવના સાથે ધૂવાંપૂવાં અને ક્રોધથી બાવરૂં થઈને બહાર આવ્યો. ✪ યહૂદી પહેલવાન મરહબ ભારેખમ શરીર, સ્થુળતા, વધુ પડતી ઉંચાઈ અને મઝબૂત બાંધાનો કદાવર શખ્સ હતો. ખૈબરના કિલ્લામાં તેની તુલનામાં આવે, તેવો અન્ય કોઈ શખ્સ ન હતો. તેના જેવો લડવૈયો સમગ્ર ખૈબરમાં ન હતો. પોતાના સગા ભાઈ ના બદલાની અગ્નિમાં ધૃત અને ઉદ્ધત બનીને હાકલાં-પડકારાં કરતો અને પોતાના શરીર ઉપર ડબલ બખ્તર નું આવચરણ ચઢાવીને, બે (૨) મોટી તલવારો, માથે બે (૨) અમામા (પાઘડી) બાંધીને અને તેના ઉપર લોખંડનું હેલ્મેટ (શિરસ્ત્રાણ) બાંધીને રણ મેદાનમાં આવી ચડયો અને પોતાના મુકાબલા માટે હરિફની માંગણી કરવા લાગ્યો. ✪ યહૂદી પહેલવાન મરહબનો દેખાવ, હાવભાવ, શસ્ત્ર સરંજામ, સ્થુળકાયા, સુરક્ષા કવચો અને આવરણો, યુધ્ધ નિષ્ણાંતની લાયકાત, આક્રમક અને ઘાતક પ્રહારક નિપૂર્ણતા વગેરે જોઈને થોડી ક્ષણો માટે તો ઈસ્લામી સૈન્યમાં સન્નાટો છવાઈ ગયો. ✪ મરહબ યહૂદી પહેલવાનની સાથે બાથ ભીડવાની ઈસ્લામી સૈન્યના મુજાહિદોની હિંમત ઓસરી ગઈ હોય, તેવું થોડીકવાર માટે લાગ્યું. આ જોઈને મરહબ યહૂદી પહેલવાનને શૂરાતન ચડયું. ઘમંડ, બહાદુરીના ફણગાં, અહંકાર, મિથ્યા ગર્વ અને આડંબરનું પ્રદર્શન કરીને હરીફ કે પ્રતિસ્પર્ધીની ઉગ્ર

માંગણી કરવા લાગ્યો. ✪ ઈસ્લામી સૈન્ય તરફથી **અલ્લાહ તઆલા** નો કેસરી સિંહ **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હો મેદાનમાં આવ્યા અને પોતાના ઘોડાને પગની પાનીની એડી મારીને ફકત એક જ છલાંગમાં **મરહબ યહૂદી પહેલવાન** ની સમીપ પહોંચી ગયા. **હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોને પોતાની સમીપ આવી પહોંચેલા જોઈને યહૂદી પહેલવાન મરહબ સતર્ક થઈ ગયો અને યુધ્ધ કૌશલ્ય વિદ્યાને અનૂસરીને હઝરત અલી રદીઅલ્લાહો તઆલા અન્હો પર તલવારનો જનૂનપૂર્વક પ્રહાર કર્યો પણ યુધ્ધવિદ્યાના નિષ્ણાંત હઝરત અલી રદીઅલ્લાહો તઆલા અન્હોએ મરહબ યહૂદીના પ્રહારને ચુકાવી દીધો અને **ઝુલફિકારે હૈદરી**નો એક પ્રહાર મરહબ યહૂદીના માથાના ભાગે બાંધેલા **'ખૌદ'** (હેલ્મેટ) ઉપર એવો કર્યો કે સમગ્ર ખૈબર વિસ્તારમાં હાહાકાર મચી ગયો. ✪ **હઝરત અલી શૈરે-ખુદા** રદીઅલ્લાહો તઆલા અન્હોના બાઝુ (કાંડા)ની શકિતનો યહૂદી પહેલવાન મરહબને એવો પરચો મળ્યો કે **ઝુલ્ફિકારે હૈદરી** નો એક પ્રહાર મરહબના માથા ઉપરના હેલ્મેટ ઉપર થયો. આપના મજબૂત કાંડાની વિશાળ શકિત એવા તીવ્ર સ્વરૂપે ત્રાટકી કે માથા ઉપરની લોખંડની મજબૂત હેલમેટને ચીરી નાખી. ત્યારબાદ હેલમેટ નીચે બાંધેલા બન્ને અમામા (પાઘડી)ને કાપી નાખ્યા અને પછી લોખંડી બખ્તરના આવરણ દ્વારા ઢંકાયેલા શરીરના બે(૨) ઉભા ફાડિયા કરી નાખ્યા. ✪ યહૂદી પહેલવાન 'મરહબ'ના વધ સ્વરૂપી કરૂણ, ભયાનક અને દારૂણ અંજામ ના કારણે ખૈબરના કિલ્લાના યહૂદી સૈન્યના મોતીયાં મરી ગયા. કદમ ડગમગી ગયા. ઉભી પૂંછડીએ કિલ્લા તરફ પ્રયાણ કરીને ભાગ્યા. હઝરત અલી અને ઈસ્લામી સૈન્યના મુજાહિદોએ તેઓને ગાજર અને મૂળાની જેમ કાપીને ફેંકી દીધા અને ઈસ્લામી લશ્કરનો એક અનેરો ઝળહળતો વિજય થયો અને ખૈબરનો કિલ્લો ઘણી જ શાનો-શૌકત થી ફતેહ થયો.

(હવાલા માટે જુઓ :- **'મદારેજુન્નબુવ્વત'** (ઉર્દૂ અનુવાદ) - લેખકઃ- હઝરત શાહ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી. પ્રકાશક :- અદબી દુનિયા - દિલ્હી. **જિલ્દ નંબર -૨, પેઈજ નં. ૪૧૩ અને પેઈજ નં. ૪૧૪.**)



# હઝરત મૌલા-અલી પ્રત્યે આ'લા હઝરતની સાચા દિલની અકીદતનો જઝબો

મનમાં નિર્ધાર તો એવું કરેલું કે **મૌલા-એ-કાએનાત હઝરત અલી શૈરે ખુદા કર્રમલ્લાહો તઆલા વજહહુ** ની શાનમાં લખેલી આલા-હઝરત ઈમામ અહમદરઝા ફાઝિલે બરેલ્વીની લખેલી 'ફારસી ભાષાની મન્કબત'ના અનુસંધાને અમુક પૃષ્ઠો વિવરણ અને સમજૂતી સ્વરૂપે લખીને વાંચક મિત્રોની સેવામાં 'હુબ્બે-અલી'નો અકીદત સભર રસથાળ પીરસું. પરંતૂ આ'લા હઝરતના કલામમાં 'હુબ્બે-અલી'નો ઉછાળા મારતો અકીદતો-મહોબ્બતનો જે સમુદ્ર છલોછલ સ્વરૂપે લહેરાઈ રહયો છે, તે અકીદતના પુષ્પોને એક છાબડી (Basket)માં એકત્રિત કરવા અતિ કઠીન અને ભગીરથ કાર્ય છે.

ઉપરોક્ત ફારસી મન્કબતનો પ્રથમ શેઅર (પંકિત) ઈસ્લામના ઈતિહાસની છ (૬) ભુતપૂર્વ ઘટનાઓને પોતાની અંદર આવરી લીધેલ છે. જેનું વિસ્તારપૂર્વક અને કિતાબોના હવાલા દ્વારા વર્ણન કરવામાં જ એક દરદાળ પુસ્તકનું સર્જન થઈ જાય તેમ છે. ઉપરોક્ત ફારસી મન્કબતના પ્રથમ શેઅરની કુલ છ (૬) ઘટનાઓમાંથી ફકત બે (૨) ઘટનાઓ **(૧) ખૈબર નો કિલ્લો ભંગ કરવો અને (૨) યહૂદી પહેલવાન 'મરહબ'નો વધ કરવો.** એ બે (૨) ઘટનાનું વર્ણન કરીને હઝરત અલીના સાચા આશિક આલા-હઝરત, ઈમામ અહમદ રઝા બરેલ્વી પોતાના આકા-વ-મૌલા, હઝરત અલી શૈરે-ખુદા, રદીઅલ્લાહો અન્હોની બારગાહમાં મદદની પુકાર કરતાં અર્ઝ કરે છે કે :-

'એ મારા અતિ શકિતશાળી આકા! ખૈબરનો કિલ્લો ભંગ કરવો કે યહૂદી પહેલવાનનો વધ કરવો આપના માટે ચપટી વગાડતાં ની ક્ષણિક પ્રવૃતિ ના પરિણામ સ્વરૂપે અસ્તિત્વમાં આવી શકે છે, તો મુઝ નાચીઝ અને આપના દ્વારના ભિક્ષુક અહમદ રઝાની આફત, મુસીબત, રંજ, ગમ, વિષાદ, દુઃખ, દર્દ, કષ્ટ, વ્યથા, સંતાપ, ઉપાધિ અને પીડા ની શી વિસાત? એક ઈશારામાં મારા તમામ દુઃખો અને દર્દોનું નિરાકરણ, અંત, અને પતાવટ થઈ શકે તેમ છે. માટે એ મારા મહાન ઉપકારક અને દયાળુ આકા ! **'ઈમદાદ કુન'** એટલે કે મારી મદદ અને સહાય ફરમાવો. આપ એવા સર્વત્ર કષ્ટભંજક (મુશ્કિલ-કુશા) છો કે અમારા કષ્ટો આપની ફકત એક જ કૃપા દ્રષ્ટિથી ચકનાચૂર થઈને સમૂળા નાશ બલ્કે ભૂકેભૂકા બોલી જશે. માટે એ મારા સરદાર, ઈસ્લામી સૈન્યના સેનાપતિ, દુઃખ ભંજક અને કષ્ટ નિવારક **મારી મદદ ફરમાવો. એ મારા મુશ્કિલ કુશા ! મૌલા અલી મારી મદદ ફરમાવો. મારી મદદ ફરમાવો.'**

# 'હુબ્બે-અલી'નો ધૂંધવાતો સમુદ્ર

**આ'લા-હઝરત, ઈમામ અહમદ રઝા** એ લખેલી વર્ણનીય ફારસી મન્કબત એટલા વિશાળ જ્ઞાન-ભંડાર ઉપર આધારિત છે કે તેની વિસ્તૃત છણાવટ હવે પછીની મારી કિતાબ **'મનાકિબે મૌલા અલી-બ-કલમે આ'લા હઝરત'** માં કરવામાં આવશે. અહિં ફકત વર્ણનીય મન્કબતમાં આ'લા હઝરતે **મૌલા-એ-કાએનાત, હઝરત અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોની શાનમાં લખેલા અતિ-આદરણીય વિશેષણો અને માનવંતા ઈલ્કાબોની એક ઝલક વાંચક મિત્રોની ઉત્તમ જાણ માટે અત્રે પ્રસ્તૂત છે :-

⊙ એ સરદાર ⊙ એ નર સિંહ ⊙ એ મહાકાય અજગર ને ફાડી



નાખનારા ⊙ ભયાનક પરિસ્થિતિમાં અતિ આક્રમક સાવજ દિલ. ⊙ એ જ્ઞાન, તત્વજ્ઞાન, રહસ્યવાદ, આધ્યાત્મવિદ્યા, કાર્ય કુશળતા અને સંભાવ્ય પ્રસંગોના ઈલ્મના શહેરના દરવાઝા, ⊙ એ પાણીદાર મોતી, ⊙ એ કેસરી સિંહ ⊙ આક્રમક અને હુમલો કરીને શત્રુ ને પછાડનારા. ⊙ એ ફિત્નાઓ અને અવરોધો તથા પ્રપંચ અને દગલબાજીને પોતાની આગવી કુનેહ અને સુઝબુઝથી ધૂળમાં ભેળવી દેનારા ⊙ એ ખુદાના બહાદુર સિંહ ⊙ એ નર પુરૂષોના રાજા ⊙ એ મહાન યોધ્ધા ! કે જેની તલવાર સતત મ્યાનની બહાર જ રહે છે. ⊙ એ **પ્યારા નબી-એ-કરીમ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ માટે અને આપની સુરક્ષા માટે સતત તત્પર રહેનારા વફાદાર સાથી ⊙ એ અલી, એ હસન પિતા **મારી મદદ કરો.** ⊙ એ કુદરતી શકિતવાળા ⊙ એ બળવાન, સશકત અને મજબૂત ⊙ એ પ્યારા નબીના બાવડાની શકિત ⊙ હૂં નિરાધાર અને નિઃસહાય છું. એ ખુદાના શકિતશાળી બળ **મારી મદદ કરો.** ⊙ એ મહાન પવિત્ર ઝાતે ગિરામી ! તમારી પવિત્રતાનું વર્ણન કુરઆને મજીદ દ્વારા નિર્દેશિત પવિત્રતાની ગુલશનની બહાર (વસંત) **મારી મદદ ફરમાવો.**

⊙ સુવર્ણ અને રેશમના તાંતણાઓથી ગુંથેલો પોષાક અને લાંબો ડગલો (ઝભ્ભો) જેના પવિત્ર શરીર ઉપર દીપી રહયો છે ⊙ જેના મસ્તક ઉપર મોતીઓ અને જવેરાતો જડેલો તાજ શણગારેલો છે. **તેવા મારા દયાળુ અને કૃપાળુ સહાયક મારી મદદ ફરમાવો.** ⊙ તે મુકદ્દસ હસ્તી કે જેના સૌંદર્યમય ચહેરા અને મસ્તક ઉપર પવિત્રતા અને પાપોથી દૂર અને વેગળું હોવાની સુગંધિત ભસ્મનો છંટકાવ ખુશ્બૂ પ્રસરાવે છે. ⊙ જેના મુખેથી ઉચ્ચારેલી વાણી ન્યાયપ્રિય ચુકાદો છે. **મારી સહાયતા ફરમાવો.**

⊙ તે સહનશીલ અને સહિષ્ણુ બળ અને જુસ્સાથી સમર્થ શકિતના ધારક કે જે સખ્ત ગરમી નો તાપ અને અતિશય ધ્રુજાવનારી ઠંડીમાં પણ અડીખમ અને સુરક્ષિત છે. ⊙ તેવા મારા મહાન આકા, મૌલા અલી કે સ્વંય સ્વર્ગ પણ જેમના દર્શન માટે ઉત્સુક છે. તેવા મારા મહાન આકા **મારી મદદ ફરમાવો.** ⊙ મહા વિનાશ પ્રલય (કયામત)ના દિવસે સમગ્ર સૃષ્ટિ અલ્લાહ

તઆલાના પ્રકોપથી સળગી રહી હશે, તેવા મહાસંતાપ, વિષાદ અને ઘેરી ચિંતાના અવસરે વ્યાકુળતા અને વિટંબણાથી ત્રસ્ત, લોકોની મદદ ફરમાવતા હશે. ⊙ આપની તે મદદ અને સહાયનો આભાર, પોતાની ફકત એક કૃપા દ્રષ્ટિથી **મારી મદદ કરો.**

⊙ તે ઝાતે પાકે મૌલા-અલી કે જયારે કયામતના દિવસે લોકો અત્યંત મુસીબતો, કષ્ટો અને આફતો માં સપડાએલા હશે, ત્યારે આપના મુબારક ચહેરા ઉપર આનંદ, પ્રમોદ અને ખૂશીની રેખાઓ દ્રષ્ટિગોચર થશે. ⊙ હા, તે મુબારક ઝાતે ગિરામી કે જેઓનું દિલ કયામતના રંજ, ગમ, આફત અને મુસીબતથી મુકત તથા આનંદના રોમાંચ અને પ્રસન્નતાથી છલોછલ હશે. **મારી મદદ અને સહાય કરો.**

⊙ તે મુબારકત ઝાતે મૌલા-અલી કે જેઓને અલ્લાહ તઆલાએ સમાજની વ્યાપક બદીઓ અને બુરાઈઓથી સુરક્ષિત કરીને પવિત્રતાના ઉચ્ચ સંસ્કારો માટે નિમિત બનાવી દીધેલ, તે પવિત્ર ઝાત ની બારગાહમાં હૂં મારા પાપો, જુર્મો અને અનૈતિક કૃત્યોનું પ્રાયશ્ચિત અને પસ્તાવા માટે આશરો શોધી રહયો છૂં, **મારી મદ ફરમાવો.** ⊙ તે મુકદ્દસ અને પવિત્ર ઝાત કે જેણે પોતાનું સર્વત્ર અને અસ્તિત્વ ખુદાની રાહમાં ફના કરી દીધું અને તેઓનો આત્મા અર્શ (સ્વર્ગ)માં સ્થિર અને સ્થાયી બની ગયો. ⊙ **એ અબૂ તુરાબ** ! એ ખાકનશીં લોકોના પેશ્વા, **મારી મદદ ફરમાવો.**

⊙ પ્યારા નબી માટે પ્રાણ ન્યોછાવર કરવાનો જઝબો વ્યકત કરીને **'હિજરત'** ની રાત્રે પ્યારા આકા સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમની પથારીમાં આપના બદલે સૂઈ જનારા વફાદાર ⊙ એ કષ્ટદાયક ક્ષણોમાં **પ્યારા મુસ્તફા** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ માટે પોતાનું સર્વત્ર કુરબાન કરનારા નિખાલસ **મારી મદદ ફરમાવો.** ⊙ એ કાફિરો, વિરોધીઓ, રાફઝીઓ, તફઝીલી શીયાઓ અને ખારજિયો ના શત્રુ ! એ સુન્નતે નબ્વી અને હિદાયતના દીનની શાનો-શૌકત **મારી મદદ ફરમાવો.** ⊙ એ મહેફિલની શમ્આ, એ રણ મેદાનની તલવાર, એ પાકા વિશ્વાસ, સંકલ્પ અને નિર્ણય



શકિતના અડીખમ પર્વત ⊙ એ તકેદારી, મકકમ નિર્ધાર અને મનોબળની ખાણ, કે જે ઉચ્ચ અને આદર્શ પ્રતિભાની વિશિષ્ટતાઓથી સભર અને મહાન ગુણોની ઉત્કૃષ્ટ પરાકાષ્ઠાથી છલોછલ છે **મારી મદદ ફરમાવો.**

# 'વાંચક મિત્રો ન્યાય કરો'

અહીં સુધીના વાંચનથી મધ્યાનના સુર્યની જેમ પ્રકાશિત વાસ્તવિકતા દ્રષ્ટિ સમક્ષ આવી ગઈ હશે કે **ઈમામે ઈશ્કો-મહોબ્બત, આ'લા હઝરત ઈમામ અહમદરઝા મુહકિક બરેલ્વી**ના હદયમાં હુબ્બે-અલી અને અઝમતે શાને અલીનો ઉછાળા મારતો સમુદ્ર જે આન-બાન અને શાનની સાથે ઘૂંઘવાય છે, તેનું ઉદાહરણ શોધ્યો જડે તેમ નથી. બલ્કે ત્યાં સુધી કહેવામાં કોઈપણ પ્રકારની અતિશયોકિતને કોઈ સ્થાન નથી કે આલા - હઝરત, ઈમામ અહમદ રઝાબરેલ્વીએ **મૌલા-એ-કાએનાત, હઝરત અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો તઆલા માટે જે ઈલ્કાબો અને વિશેષણોના ઉચ્ચ અને ઉર્મિલ શબ્દો લખ્યા છે, તેવા લાગણી અને અકીદતો-મહોબ્બતના શબ્દો ભાગ્યે જ કોઈએ લખ્યા હશે. આલા-હઝરતની કલમેથી નિકળેલા દરેક શબ્દ બલ્કે દરેક અક્ષરથી **'હુબ્બે-અલી'** નો જે રણકાર અને ઘંટરાવ ગુંજી રહયો છે, તેની ધ્વનિની વ્યંજના કદી પણ મંદ નહીં પડે બલ્કે દિવસે-દિવસે અને ઉત્કટ સ્વરૂપે તેમાં ઉન્નતિ અને વૃધ્ધિ જ થતી રહેશે. **ઈશ્કે-મૌલા અલી** નો જે પડઘો આલા-હઝરતની કલમ દ્વારા ગુંજેલ છે, તેના કારણે **એક સાચા આશિકે મૌલા અલી** ના આદરણીય અને સન્માનનીય સ્થાને આલા હઝરતને આરૂઢ કરવામાં જ સાચા અર્થની ખિરાજે-અકીદત (શ્રધ્ધાંજલિ) છે.

આઘાતનો આંચકો તો ત્યારે લાગે છે કે અમુક ડફોળ અને અકકલ વિહોણા જાહિલો શીઆ ફિર્કાના પ્રભાવ હેઠળ આવી જઈને **આલા હઝરત**

**જેવા મહાન આશિકે મૌલા અલીને 'દુશ્મને અલી'માં ખપાવવાની કુ:ચેષ્ટા કરે છે.** વાંચક મિત્રો! અલ્લાહ તઆલા અને તેના પ્યારા મહેબૂબ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમને ગવાહ બનાવીને ફકત એક જ પ્રશ્નનો ઉતર આપવાની તસ્દી લેશો કે શું આજ સુધી આલા-હઝરત જેવો આશિકે-અલી જોવામાં આવ્યો છે ? **હઝરત મૌલા અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો તઆલા અન્હોની શાને અઝમત અને જઝબ-એ-અકીદત વર્ણન કરતા ઉચ્ચ અલંકારિક અને આધ્યાત્મિક શબ્દો, વિશેષણો, ઈલ્કાબો, વિશિષ્ટ ગુણો, સંસ્કારો, ધૈર્ય, વીરતા, શૌર્ય, શુરવીરતા, મહાનતા, મહત્વતા, અગ્રતા, અગત્યતા અને અજાયબીમાં ગરકાવ કરી દેનારા ઉચ્ચ સંસ્કારની સભ્યતા અને વિવેકતા ઉપર આધારિતની આછી રૂપરેખા પણ **આ'લા હઝરત** સિવાયના અન્ય કોઈ સાહિત્યકારની કલમેથી અસ્તિત્વમાં આવેલ છે? નહીં હરગિઝ નહીં.

## 'ડફોળ વૃત્તિનું આયોજિત ષડયંત્ર'

આલા-હઝરત, ઈમામ અહમદ રઝા બરેલ્વીને બદનામ કરવાનું ડફોળ સમુદાય દ્વારા એક વ્યવસ્થિત ષડયંત્ર ચલાવવામાં આવી રહયું છે. તેનું મુખ્ય કારણ એ છે કે આલા-હઝરતની સત્ય શોધક અને હક વર્ણનકતા નીડર કલમે શીઆ ફિર્કાના બાતિલ અકીદાઓ, માન્યતાઓ, આચરણો અને દુષણોનું જે રીતે ખંડન કરીને જે દલીલો સ્થાપિત કરી છે, તેના કારણે શીઆ-રાફઝી ફિર્કામાં ધરતીકંપ સર્જાઈ ગયો છે. ખોટી માન્યતાઓ, બૂરા આચરણો અને ભ્રષ્ટ અકીદાઓના પાયા ઉપર ચણવામાં આવેલી શીઆ ફિર્કાની ઈમારત આલા-હઝરતની કલમના એક ઝટકાના કારણે જમીનદોસ્ત થઈ ગઈ છે. આલા-હઝરતની ઈલ્મી દલીલોનો યોગ્ય જવાબ આપવાથી



અશકત અને અસમર્થ શીઆ ફિર્કાના માંધાતાઓએ એક વ્યવસ્થિત આયોજન હેઠળ **આ'લા–હઝરત, ઈમામ અહમ રઝા** ને બદનામ કરવાની પ્રવૃતિ આરંભી છે. કોઈપણ જાતના પુરાવા, સંદર્ભ, હવાલા, દલીલ, સાબિતી કે આધાર વગર ફકત **'કહેતો હતો અને કહેતી હતી'** નો આશરો લઈને મઆઝલ્લાહ આલા-હઝરતને **'દુશ્મને–અલી'** પુરવાર કરવાની મિથ્યા ચેષ્ટાઓ કરવામાં આવે છે.

અમુક કહેવાતા સુન્નીઓ અને શીઆ ફિર્કાના જાહિલ આગેવાનો અને અજ્ઞાન પીરોના પ્રભાવ હેઠળ આવી જઈને આલા હઝરત વિરૂધ્ધ અપપ્રચાર કરવામાં પાછું વળીને જોવામાં આવતું નથી. આવા અપ-પ્રચારકોમાંનો એક મોટો વર્ગ એવો પણ છે કે જે સ્વંય પોતે જ એહલે-બૈત (સૈયદ) નથી. સાદાતે-કિરામ પ્રત્યે મુસ્લિમ સમુદાયની આસ્થા, લાગણી, અકીદત, મહોબ્બત અને ખિદમત ના જઝબાનો આર્થિક, સામાજિક અને વહેવારિક ગૈરલાભ ઉપાડવાના સ્થાપિત સ્વાર્થથી પ્રેરાઈને અમુક ગૈર-સય્યેદો એ પણ પોતે સૈયદ હોવાના પોકળ દાવાઓ કરી દીધા છે. આવા ડુપ્લીકેટો એવા મિથ્યા ભ્રમમાં રાચે છે કે **હઝરત અલી**ના તેઓ જ સાચા આશિકો અને અકીદતમંદો છે. પોતાના સિવાયના અને ખાસ કરીને આલા-હઝરત અને આલા-હઝરતના અનુયાયીઓને 'દુશ્મને મૌલા અલી' કોઈપણ જાતના આધાર-પુરાવા વગર કહેવામાં લેશમાત્ર શરમ નથી અનુભવતા.

બલ્કે અમુક ડફોળો કે જે પોતાને **મૂળૂ માણેક** સમજે છે, તેવા ફૂટપાથ છાપના મવાલી અને **ગાંઠીયા દાદાઓ** આલા-હઝરતના અકીદતમંદોને ચીડવવાના દુષ્ટ આશયથી **'યા અલી અલ–મદદ'** અને **'યા મૌલા અલી મદદ'** ના સુત્રોચ્ચાર કરે છે અને એવા ભ્રમમાં રાચે છે કે મૈ હુબ્બે અલીનો પડઘો પાડીને દુશ્મને અલીને ઈર્ષાની આગમાં સળગાવવાનો શાબ્દિક પ્રહાર કર્યો છે પણ આવા ટપોરી કક્ષાના ગાંઠીયાદાદાને એ હકીકતની લેશમાત્ર જાણકારી નથી હોતી કે **મૌલા–અલીના સાચા આશિકો અને અકીદતમંદો તો આલા**

**હઝરતના અનુયાયીઓ છે.** મૌલા-અલી રદીઅલ્લાહો અન્હોની સાચી અકીદત અને મહોબ્બત ત્યારે જ ફળીભૂત થાય છે, જ્યારે તે અકીદત શરીઅતની પાબંદીના વર્તુળની અંદર મર્યાદિત હોય. મૌલા-એ-કાએનાતની અકીદત અને મહોબ્બતની સાથે સાથે ચુસ્તપણે શરીઅતની પાબંદીનું હોવું સોનામાં સુગંધ ભળવા સમાન છે. પણ અફસોસ! કે વર્તમાન યુગમાં પરિસ્થિતિ એટલી બધી વણસી ગઈ છે કે ચરસ, ગાંજા, અફીણ અને અન્ય માદક દ્રવ્યોના કાયમી બંધાણીઓ ગામની બહાર કે કબ્રસ્તાનમાં આવેલી દરગાહે નિયમિત એકઠા થાય છે. ગાંજા-ચરસની ચલમનો દૌર શરૂ થાય છે. **યા અલી–યા અલી** ના પોકારો બુલંદ થાય છે અને આવા કથિત **'હુબ્બે અલી'**ના જૂઠા અને દંભી દાવેદારો માદક દ્રવ્યોના કસ મારવાનું શુરૂ કરે છે.

નમાઝ પઢવા માટે મસ્જિદમાં જતાં તો જાણે મોતિયાં જ મરી જાય છે બલ્કે જુમ્આના દિવસે પણ પોતાના ઘરે આરામ શૈયા ઉપર આળસુ ગધેડાની જેમ પડયા રહે છે અને આળોટે છે પણ ચાર (૪) ડગલાં દૂર આવેલી મસ્જિદ સુધી પ્રયાણ કરવામાં જાણે પગના હાડકા ભાંગી જતા હોય તેવી અનુભૂતિનો અણગમો અનુભવે છે. ફકત એટલાથી જ નથી અટકતા અને પોતે જાણે મહાજ્ઞાની વિદ્વાન અને શરીઅતના નિયમોનો જાણકાર હોય, તેવા ભ્રમ અને ચરસના નશાની આડ અસરના પ્રભાવમાં આવી જઈને વિકૃત લવારો શરૂ કરે છે. શરીઅતની પાબંદી અને નિયમિત નમાઝ પઢનારાઓ વિરૂધ્ધ તુચ્છકાર અને નકારાત્મક નિવેદનો કરે છે અને સૌથી ગંભીર બાબત તો એ હોય છે કે જેઓને પાકી-નાપાકીના મસાઈલની જાણકારી નથી, ઉભા ઉભા વ્યર્થ-જલ નિકાસ ક્રિયા (પૈશાબ) કરવામાં પણ ક્ષોભ નથી અનુભવતા, તેવા ટપોરી અને મવાલી કક્ષાના ચરસી-ગંજીરીઓ **આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા** રદીઅલ્લાહો તઆલા અન્હોને **'દુશ્મને અલી'** અને **'દુશ્મને એહલે–બૈત'** તરીકે વખોડે છે અને જાણે પોતે જ 'મહોબ્બતે અલી'નો ઠેકેદાર હોય, તેવા ભ્રમમાં રાચે છે. એલફેલ અને ઢંગધડા વગરની બકવાસ કરે છે.



## ખૂબ યાદ રાખો...

**આ'લા–હઝરત, ઈમામ અહમદ રઝા બરેલ્વી** જેવો **'ફના–ફિલ–અલી'** અને **'આશિકે–મૌલા અલી'** છેલ્લા ચૌદસો (૧૪૦૦) વર્ષોમાં શોધ્યો જડે તેમ નથી. આલા હઝરતની અકીદતમંદ કલમેથી **'હુબ્બે–અલી'** અને **'અઝમતે અલી'** ના જે ઝમઝમતા, ઝળહળતા, ઝલકતા, ઝળકતા અને ઝળઝળતા પાણીદાર મોતી અને જવેરાત સ્વરૂપે જે વિશેષણો અને ઈલ્કાબો અસ્તિત્વમાં આવ્યા છે, તેનું ફકત એક જ દ્રષ્ટાંત તો બતાવી જુઓ. નહીં જ બતાવી શકો. સરિઆમ નિષ્ફળતા જ સાંપડશે. કેમ કે **આ'લા હઝરત, ઈમામ અહમદરઝા બરેલ્વી** ની કલમેથી શાને **મૌલા અલી શૈરેખુદા** રદીઅલ્લાહો તઆલા અન્હોની અકીદત, અઝમત, મહોબ્બત, રફઅત, ફઝીલત, અહમિયત અને તઅઝીમના જે વાકયો અને શબ્દો નો જે પ્રેમ-સાગર વહેતો થયો છે, તેનું ઉદાહરણ ભાગ્યે જ પ્રાપ્ત થશે.

# મૌલા અલીની ફિટકારથી બચો....

એ હકીકતમાં લેશમાત્ર સ્થાન નથી કે **મૌલા–એ–કાએનાત, હઝરત અલી, શૈરે ખુદા** રદીઅલ્લાહો તઆલા અન્હોની શાન, અકીદત અને મહોબ્બતમાં **આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા બરેલ્વી** એ અકીદતના જે પુષ્પો ન્યોછાવર કર્યા છે, જે પાણીદાર મોતી ઉપર આધારિત વાકયો લખ્યા છે, જે અમુલ્ય જવેરાત સમા શબ્દો લખ્યા છે અને પોતાના હદયની ઉર્મિલ લાગણીઓની જે પ્રેમ-સરિતા વહેતી કરી છે, જેના કારણે ખાત્રીની કક્ષામાં એ કહેવું યોગ્ય અને યથાર્થ છે કે **આલા હઝરત જેવો આશિકે મૌલા અલી**નો કોઈ જોટો નથી.આવા સાચા આશિકને પોતાના સ્થાપિત હિતો સિધ્ધ કરવાના દુષ્ટ આશય, રાગદ્વેષ, ઈર્ષા, હસદ, અસંતોષ, બળતરા અને ખોટા પૂર્વગ્રહના કારણે **'દુશ્મને અલી'** અને **'દુશ્મને એહલે બૈયત'** તરીકે બદનામ કરવા

ભયંકર અને મહા પાપ છે. આવા પાપીઓ ભલે પોતાને મહોબ્બતે અલીના ઠેકેદાર સમજતા હોય, પણ વાસ્તવિકતા એ છે કે તેવા પાપીઓ મૌલા-અલીની ફિટકારને લાયક છે.

**કેમ કે....**

એક સાચા આશિકે મૌલા અલીને કોઈપણ જાતના આધાર, પુરાવા કે સાબિતી વગર ફક્ત અજ્ઞાન શત્રુતાના આવેશમાં આવીને **'દુશ્મને અલી'** તરીકે બદનામ કરનારા ભ્રષ્ટ તત્વોથી **હઝરત મૌલા અલી મુશ્કિલ કુશા** રદીઅલ્લાહો તઆલા અન્હો સખ્ત નારાજ હશે. કેમ કે જે **'સાચો આશિક'** છે, તેને જ શત્રુ તરીકે ચીતરવું ભયંકર અપરાધ છે. ખૂદ **હઝરત મૌલા અલી** રદીઅલ્લાહો તઆલા અન્હો તેવા તત્વોથી પીડા, દુઃખ અને વ્યથા અનુભવતા હશે અને પોતાના આશિકને શત્રુ તરીકે બદનામ કરનારાઓ ઉપર ફિટકાર અને ધિક્કારના ચાબખા ફટકારતાહશે.

**તેનું કારણ એ છે કે....**

**હઝરત મૌલા અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોની બારગાહમાં ખિરાજે અકીદત સ્વરૂપે **આલા-હઝરતે** અકીદત અને મહોબ્બતના જે જવાહિર, હીરા અને અમુલ્ય રત્નોની જે હારમાળાઓ ગુંથી છે, તે એટલી બધી ઉર્મિલ, અકીદતસભર અને પ્રેમ સરિતાના ઉછાળા મારતા સમુદ્ર સમાન છે કે તેને જોઈને અનાયાસે મુખેથી આ શબ્દો સરી પડે છે કે આશિકે અલી જો કોઈ સાચા અર્થમાં હોય, તો તે **આલા હઝરત, ઈમામ અહમદ રઝા બરેલ્વી** છે. આવા સાચા અને પ્રાણ ન્યોછાવરકર્તા આશિકને એક દુરાગ્રહ અને વિરોધની ખોટી જીદ, આશંકા, વહેમ અને શંકાશીલ માનસિકતાના પ્રભાવ હેઠળ આવી જઈને **'દુશ્મને અલી'** તરીકે વખોડીને ખોટા ત્રાટક, અણગમા, ધૃણા, ત્રાસ અને પજવણીના આશયથી ખોટી બદનામીનું આક્ષેપ કરનારા તત્વો વાસ્તવમાં **હઝરત મૌલા અલી** રદીઅલ્લાહો તઆલા અન્હો ની નારાજગી, ખફગી અને રોષ વહોરી રહયા છે. અને કયામતના દિવસે તેવા ભ્રષ્ટ તત્વો અલ્લાહ અને



રસૂલની નારાજગીની સાથે સાથે **મૌલા – એ – કાએનાતની** નારાજગીના કારણે રેવડી દાણાદાણ થશે.

**કયામતના દિવસે તો નિઃશંક તેઓ મૌલા અલી** ના ધિક્કાર અને ફિટકારના શિકાર અવશ્ય બનશે જ. પણ આજની ઘડીએ પણ તેઓના ઉપર મૌલા-અલી, શૈરે ખુદા રદીઅલ્લાહો તઆલા અન્હોની ફિટકારના ચાબખા વીંઝાતા હશે.

**માટે...** સંયમ, સંવિદ, સંવેદન, ભાન, પ્રતીતિ અને સંશોધિત બનીને આલા હઝરતની વિરૂધ્ધ ચાલતી કટાએલી કાતરરૂપી બે-લગામ વાચા, ભાષા, સૂર, સ્વર અને ઉચ્ચારણો ઉપર અંકુશ લાદીને એક **સાચા આશિકે મૌલા અલી**ની વિરૂધ્ધ હોબાળો અને હોકારો મચાવવાનું બંધ કરો અને મૌલા અલીની ફિટકારથી બચો.

**અંતમાં....** ફક્ત એટલું જ કહેવાનું કે, **આ'લા હઝરતે** તમારૂં શું બગાડયું ? શું **મૌલા અલી** રદીઅલ્લાહો તઆલા અન્હોની શાનમાં તૌહીન કરી છે? જો **આલા-હઝરતને મૌલા-અલીના આશિકે-સાદિક** અને પ્રાણ ન્યોછાવર કરતા તરીકે આદર અને સન્માન ન આપી શકતા હો, તો કંઈ નહીં પણ **આ'લા હઝરત** વિરૂધ્ધ તમારી કલહ અને કલંકના આરોપોની જીભને તો નિયંત્રિત કરો. તેમાં જ તમારી દુનિયા અને આખેરતની ભલાઈ અને કામ્યાબી છે.

**અલ્લાહ તઆલા** તેના **પ્યારા હબીબે પાક** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમના સદકામાં દરેક સુન્ની સહીહુલ અકીદાને શરીઅતની ચુસ્ત પાબંદી સાથે **મૌલા-એ-કાએનાત** ની સાચી અકીદત અને મહોબ્બતનો જઝબો અતા ફરમાવે. **આમીન.**

**બસએજ.**

તુરાબે-રેહગુઝરે-બૂ-તુરાબ

**અ.સત્તાર હમદાની 'મસ્રુફ'**

**(બરકાતી-નૂરી)**

# ‘ચેલેંજ’

## ‘લલકાર અને પડકાર’

**આલા–હઝરત, ઈમામ અહમદ રઝા બરેલ્વી** ને **‘દુશ્મને અલી’** તરીકે બદનામ કરનારા ફાસીવાદી તત્વોના વાણી-વિલાસના પ્રકોપને નાથવા માટે તેઓને ખુલ્લી ચેલેંજ આપતાં ફકત એટલું જ કહેવાનું છે કેઃ-

**જો તમો તમારા દ્વારા કરવામાં આવેલા આક્ષેપમાં સાચા છો, તો આલા–હઝરતની એક હજાર (૧૦૦૦) થી વધુ કિતાબોમાંથી ફકત એક વાકય બલ્કે એક શબ્દ એવો શોધી બતાવો** કે જેનાથી **હુઝૂર મૌલા–એ–કાએનાત, હઝરત અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો તઆલા અન્હોની શાનમાં ગુસ્તાખી, બે-અદબી કે તૌહીન થતી હોય, ગુસ્તાખી કે તૌહીન તો બહૂ મોટી વાત છે પણ એક શબ્દ એવો નહીં જડે, કે જે હઝરત અલીની શાન ને લાયક ન હોય.

**માટે....** જીભના લવારા અને બકવાટ કરતા **ટેંટે** અને **ગેંગેં** તથા **ફેંફેં** ની બકબક બંધ કરો અને ફકત એક જ પુરાવો કે હવાલો સાબિતી સ્વરૂપે રજૂ કરી બતાવો.

આશા નહીં બલ્કે સંપૂર્ણ ખાત્રી છે, તમો સરિયામ નિષ્ફળ, નિષ્કામ અને નેસ્તનાબૂદ પુરવાર થશો. તેમ છતાં પણ જો તમો તમારા આક્ષેપમાં સાચા છો, તો....



# قُلْ هَاتُوْا بُرْهَانَكُمْ اِنْ كُنْتُمْ صَادِقِيْنَ

(قرآن شریف۔ پارہ ۲۰، سورۃ النمل، آیت نمبر ۶۴)

**‘કુલ–હાતૂ–બુરહાનકુમ–ઈન–કુન્તુમ–સાદેકીન’**

(કુરઆન શરીફ, પાના નં. ૨૦, સૂરએ-નમલ, આયત નં. ૬૪)

**<u>અનુવાદ :</u> ‘એ મહેબૂબ! કહી દો, તમારી દલીલો લાવો, જો તમો સાચા છો.’ (કન્ઝુલ ઈમાન)**

જામનગર (બેડી) :-
૧૪, ઝિલ હિજ્જહ
હિજરી સન ૧૪૪૧લ
પ્રમાણે ૪, ઓગષ્ટ
ઈ.સ. ૨૦૨૦ મંગળવાર

ચેલેંજકર્તાઃ-
**સૈયદ સલીમ અહમદ કાદરી**
(કાઝી-એ-ગુજરાત - સુન્ની બરેલ્વી દારૂલ કઝા - જામનગર (ગુજરાત))

અવશ્ય વાંચો

# અકીદતના કૈફમાં ઝૂમી ઉઠશો....

▣ બેહરે તસ્લીમે અલી મૈદાં મેં,
સર ઝુકે રહેતે હૈં, તલ્વારોં કે.

▣ દૂર્રે નજફ હૂં, ગૌહરે પાકે ખૂશાબ હૂં
યાની તુરાબે રેહ ગુઝરે બૂ-તુરાબ હૂં

(અઝ :- આલા હઝરત બરેલ્વી)

મૌલા-અલીની શાનમાં આલા-હઝરતની કલમથી નિકળેલા અમૂલ્ય ઝવેરાત રૂપી પાણીદાર મોતીની સુશોભિત હારમાળા એટલે :-

**મનાકિબે**

**મૌલા અલી** બ કલમે **આ'લા હઝરત**

-: હસ્બે ફરમાઈશ :-

ફખ્રે સાદાતે ગુજરાત, કાઝી-એ-ગુજરાત, ખલીફ-એ-તાજુશ્શરીયહ,

**હઝરત અલ્લામા સૈયદ સલીમબાપૂ-જામનગર**

**લેખક :-** ખલીફ-એ-મુફતી આઝમે હિન્દ, મુનાઝિરે એહલે સુન્નત,

**અલ્લામા અબ્દુસ્સતાર હમદાની 'મસ્રૂફ'**

(બરકાતી-નૂરી) પોરબંદર

-: પ્રકાશક :-

**મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા – પોરબંદર**



## "શીઆ ફિર્કાના દાવાની પોકળતા"

- શીઆ ફિર્કો હઝરત અલીની અકીદત અને મહોબ્બત નો ફકત દંભ આચરે છે.
- શીઆ ફિર્કો હઝરત અલી ને સાચા અર્થ માં માનતો જ નથી.
- કેમકે જે જેને માને છે, તેની દરેક વાત નો સ્વીકાર નથી કરતો.

# પણ...?

**શીઆ ફિર્કો**

# હઝરત અલીને માને છે

**પણ સ્વીકારતો નથી**

▣ લેખક ▣

ખલીફ-એ-મુફતી આઝમે હિન્દ, મુનાઝિરે એહલે સુન્નત,

**અલ્લામા અબ્દુસ્સતાર હમદાની 'મસ્રૂફ'**

(બરકાતી-નૂરી) પોરબંદર

પ્રકાશક

**મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા**

ઈમામ અહમદ રઝા રોડ, પોરબંદર (ગુજરાત) મો. ૯૮૭૯૩૦૩૫૫૭

ટૂંક સમયમાં પ્રગટ થશે-લખાઈ રહી છે.